CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ જાન્યુઆરી ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ સુદ ૧૧ | અંક : ૧૯૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




### લગ્નસરાની સિઝનથી ઘરાકી વધી

## ૨૫ દિવસ બાદ સોનું ફરી ૮૦૦૦૦ ક્રોસ, ચાંદી ત્રણ દિવસથી સ્થિર

### વૈશ્વિક પડકારો અને ફુગાવાના કારણે કિંમતી ધાતુમાં ફરી પાછી તેજી જોવા મળી છે જેની અસર સ્થાનિક બજારો પર પણ થઈ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

કમોરતા પૂર્ણ થવાને હવે ગણતરીના દિવસો જ બાકી છે. હિન્દુ સંસ્કૃતિ મુજબ કમોરતા બાદ ફરી પાછા શુભકાર્યોની શરૂઆત સાથે કિંમતી ધાતુ બજારમાં ચહલપહલ જોવા મળી છે. અમદાવાદમાં છેલ્લા કેટલાક સમયથી કિંમતી ધાતુમાં સ્થિરતા રહ્યા બાદ હવે ફરી પાછી મુવમેન્ટ જોવા મળી રહી છે. સોનાનો ભાવ ૨૫ દિવસ બાદ વધી ફરી રૂ. ૮૦૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની સપાટીએ પહોંચ્યો છે. જો કે, ચાંદીની કિંમત છેલ્લા ત્રણ દિવસથી સતત સ્થિર રહી છે. સોના-ચાંદીના ભાવમાં મુવમેન્ટ પાછળનું એક કારણ કમોરતા બાદ શરૂ થઈ રહેલી લગ્ન સિઝન છે. વધુમાં વૈશ્વિક પડકારો અને ફુગાવાના કારણે કિંમતી



ધાતુમાં ફરી પાછી તેજી જોવા મળી છે. જેની અસર સ્થાનિક બજારો પર પણ થઈ છે. અમદાવાદમાં આજે સોનાની કિંમત રૂ. ૨૦૦ વધી રૂ. ૮૦૧૦૦ પ્રતિ ૧૦ ગ્રામ થઈ છે. જ્યારે ચાંદી રૂ. ૯૦૫૦૦ પ્રતિ કિગ્રાના સ્તરે છેલ્લા ત્રણ દિવસથી ક્વોટ થઈ રહી છે. સોમવારે ચાંદીનો ભાવ રૂ. ૮૯૦૦૦ પ્રતિ કિગ્રા બોલાઈ રહ્યો હતો. જે મંગળવારે રૂ. ૧૫૦૦ વધ્યા બાદ સ્થિર રહ્યો છે. એમસીએક્સમાં સોના કરતાં ચાંદીમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. ચાંદી (૫ માર્ચ,૨૦૨૫) વાયદો રૂ. ૭૮૬ વધી રૂ. ૯૧૭૨૪ પ્રતિ કિગ્રા પર ક્વોટ થઈ રહ્યો હતો. જ્યારે સોનાનો ૫ ફેબ્રુઆરી વાયદો રૂ. ૩૮૦ વધી રૂ. ૭૮૧૨૭ પ્રતિ ૧૦ ગ્રામ થયો હતો. વૈશ્વિક સ્તરે સોનું ૧૬ ડોલર વધી ૨૬૮૮ ડોલર પ્રતિ ઔંશ અને ચાંદી ૦.૩૪ ડોલર ઉછળી ૩૧.૦૨ ડોલર પ્રતિ ઔંશ પર ટ્રેડ થઈ રહી છે. સોના-ચાંદીની કિંમત પર જિઓ-પોલિટિકલ ઈવેન્ટ્સની અસર વધુ રહે છે. અમેરિકા અને યુરોપમાં મોંઘવારી રહેવાની શક્યતા સાથે વ્યાજદરોમાં હાલ કોઈ ઘટાડો નહીં થાય. જેથી સોનાની માગ ઘટી શકે છે. જો રશિયા-યુક્રેન, મધ્ય પૂર્વમાં યુદ્ધની સ્થિતિ વણસે તો સોનામાં રોકાણ વધશે. ૧૪ જાન્યુઆરી બાદ ફરી પાછી લગ્ન સિઝન શરૂ થવા જઈ રહી છે. જેના લીધે સોના-ચાંદી બજારમાં ઘરાકી જોવા મળી શકે છે. જે કિંમતમાં વધારો કરશે. તદુપરાંત અમેરિકાના ડોલર સામે રૂપિયો સતત તળિયા ઝાટક થઈ રહ્યો છે. ડોલર સામે રૂપિયો નબળો પડતાં સોનાની કિંમતો વધશે. કારણકે, ભારતમાં સોનાની મોટાપાયે આયાત થાય છે.

### સરકારને ૧૪ માર્ચ સુધીમાં સ્કીમ તૈયાર કરવાનો આદેશ

## વાહન અકસ્માતના પીડિતો માટે કેશલેસ પોલિસી બનાવો : સુપ્રીમ

### કોર્ટે જણાવ્યું હતું કે, વ્યાખ્યામાં જણાવ્યા અનુસાર અકસ્માતમાં ઈજા પછીનો એક કલાક સૌથી મહત્વનો હોય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

સુપ્રીમ કોર્ટે સીમાચિહ્નરૂપ ચુકાદામાં કેન્દ્ર સરકારને વાહન અકસ્માતના પીડિતોની 'ગોલ્ડન અવર'માં કેશલેસ મેડિકલ સારવાર માટે યોજના તૈયાર કરવા જણાવ્યું છે. કોર્ટે સરકારને ૧૪ માર્ચ સુધીમાં પોલિસી તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો. તેને લીધે નિર્ણાયક સમયમાં અકસ્માતના પીડિતોને જરૂરી મેડિકલ સારવારથી ઘણા લોકોના જીવ બચાવી શકાશે.મોટર વ્હિકલ્સ એક્ટ, ૧૯૮૮ની કલમ ૨(૧૨-એ) હેઠળ ગોલ્ડન અવરની વ્યાખ્યા દર્શાવાઈ છે. જેમાં અકસ્માત પછીના મહત્વના એક કલાકમાં મૃત્યુ અટકાવવા એક કલાકના



ગાળામાં પીડિતને અપાતી સારવારનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટના જજ અભય ઓકા અને ઓગસ્ટિન જ્યોર્જ મસિહે જણાવ્યું હતું કે, "અમે કેન્દ્ર સરકારને મોટર વ્હિકલ્સ એક્ટની કલમ ૧૬૨(૨) હેઠળ ૧૪ માર્ચ, ૨૦૨૫ સુધીમાં યોજના બનાવવાનો નિર્દેશ કરીએ છીએ. તેમાં વધુ મુદ્દત આપવામાં નહીં આવે." સુપ્રીમ કોર્ટે ૨૧ માર્ચ પહેલાં રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયની એફિડેવિટ સાથે યોજનાની નકલ સુપરત કરવાનો આદેશ આપ્યો હતો.કોર્ટે જણાવ્યું હતું કે, "વ્યાખ્યામાં જણાવ્યા અનુસાર અકસ્માતમાં ઈજા પછીનો એક કલાક સૌથી મહત્વનો હોય છે. ઘણા કેસમાં આ 'ગોલ્ડન અવર'માં મેડિકલ સારવાર ન અપાય તો ઈજાગ્રસ્ત વ્યક્તિ જીવ ગુમાવી શકે. સતત વધી રહેલા વાહન અકસ્માતને પગલે વર્તમાન માહોલમાં કલમ ૧૬૨ મહત્વની છે." ચુકાદો લખનાર જજ ઓકાએ નિર્ણાયક સમયમાં તાત્કાલિક સારવારના મહત્વ પર ભાર મૂક્યો હતો.

### પાઈપ બનાવતી ફેક્ટરીમાં ચીમની તૂટી પડતા ૨૫ શ્રમિકો દબાયા

। મુંગેલી, તા.૯ ।

છત્તીસગઢના મુંગેલી જિલ્લાના રામબોડ ગામમાં નિર્માણાધીન કુસુમ પ્લાન્ટમાં એક મોટી દુર્ઘટના બની. લોખંડના પાઈપ બનાવતી એક ફેક્ટરીમાં ચીમની તૂટી પડતાં ૨૫ થી વધુ શ્રમિકો કાટમાળ નીચે દટાયા હતા. અનેક શ્રમિકોના મોતની આશંકા છે, જોકે તેની પુષ્ટિ હજુ સુધી કરવામાં આવી નથી. જણાવી દઈએ કે, આ દુર્ઘટના તે સમયે બની જ્યારે એક લોખંડના પાઈપ બનાવતી ફેક્ટરીનું નિર્માણ કામ ચાલી રહ્યું હતું.

## અફઘાન ધરતીનો ઉપયોગ ભારત વિરુદ્ધ થવા દેવામાં આવશે નહીં

### તાલિબાન સત્તા પર આવ્યા બાદ અફઘાનિસ્તાનની સરકાર સાથે ભારતની આ પ્રથમ ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય વાટાઘાટો થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

વિદેશ સચિવ વિક્રમ મિસરી હાલ દુબઈની મુલાકાતે છે. તેઓ દુબઈમાં અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી મૌલવી આમિર ખાન મુત્તાકીને મળ્યા હતા. ઓગસ્ટ ૨૦૨૧માં તાલિબાન સત્તા પર આવ્યા બાદ અફઘાનિસ્તાનની સરકાર સાથે ભારતની આ પ્રથમ ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય વાટાઘાટો છે.

આ દરમિયાન બંને પક્ષો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોથી લઈને પ્રાદેશિક વિકાસ સુધીના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. વિદેશ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ દરમિયાન અફઘાનિસ્તાનમાં ભારતની સુરક્ષાની ચિંતા, બંને દેશો વચ્ચે નજીકના ભવિષ્યમાં વિકાસ પ્રોજેક્ટ પર વિચાર



કરવાની જરૂરિયાત, પાકિસ્તાનથી અફઘાન શરણાર્થીઓના પુનર્વસનમાં મદદ અંગે ચર્ચા કરવામાં આવી હતી. પરંતુ જે બે મોટા મુદ્દાઓ પર ચર્ચા થઈ તેમાં ઈરાનના ચાબહાર પોર્ટનો ઉપયોગ અને બંને દેશો વચ્ચે ક્રિકેટનો સમાવેશ થાય છે. મંત્રાલયે નિવેદનમાં કહ્યું કે અફઘાન સરકારે ભારતની સુરક્ષા ચિંતાઓને ધ્યાનમાં લીધી હતી. ભારતની સૌથી મોટી ચિંતા એ રહી છે કે અફઘાનિસ્તાનની ધરતી પરથી ભારત વિરોધી આતંકવાદી જૂથોને ખીલવા ન દેવાય. તાલિબાને ભારપૂર્વક જણાવ્યું હતું કે અફઘાન ધરતીનો ઉપયોગ ભારત વિરુદ્ધ થવા દેવામાં આવશે નહીં. આ દરમિયાન વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ભારત અને અફઘાનિસ્તાનના લોકો વચ્ચે ઐતિહાસિક મિત્રતા પર ભાર મૂક્યો હતો. બંને પક્ષોએ ભારત સરકાર દ્વારા ચલાવવામાં આવતા માનવતાવાદી સહાયતા કાર્યક્રમોનું મૂલ્યાંકન કર્યું. અફઘાન મંત્રીએ આ માટે ભારત સરકારની પણ પ્રશંસા કરી હતી.

વાસ્તવમાં, ભારતે પડોશી દેશને ઘણા શિપમેન્ટ મોકલ્યા છે, જેમાં ૫૦ હજાર મેટ્રિક ટન ઘઉં, ૩૦૦ ટન દવાઓ, ૨૭ ટન ભૂકંપ રાહત સહાય, ૪૦,૦૦૦ લિટર જંતુનાશક દવાઓ, પોલિયોના ટીપાંના ૧૦ કરોડ ડોઝનો સમાવેશ થાય છે.

### તાત્કાલિક દિગ્ગજ નેતાના ઘરે દરોડા પાડવાની કરી માગ

## અચાનક કેજરીવાલ મુખ્ય ચૂંટણી અધિકારીને મળવા માટે પહોંચ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

આમ આદમી પાર્ટીના પ્રતિનિધિ મંડળે ગુરૂવારે (૯ જાન્યુઆરી) મુખ્ય ચૂંટણી અધિકારી સાથે મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ભાજપ નેતા પ્રવેશ વર્માના ઘરે દરોડા પાડવાની અપીલ કરી છે. તેમણે ભાજપ નેતા પર ચૂંટણી આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવાનો પણ આરોપ લગાવ્યો છે. સૂત્રોના



અનુસાર, કેજરીવાલે ભાજપ નેતા પ્રવેશ વર્મા પર મહિલાઓને પૈસા પહેંચવાનો આરોપ લગાવ્યો હતો. આ આરોપો પર પ્રવેશ વર્માએ કહ્યું હતું કે, હું એ જાહેરાત કરું છું કે ભલે કેટલો પણ હોબાળો કેમ ન થઈ જાય, હું તમામ વ્યક્તિની મદદ કરવાના પોતાના મિશન પર અડગ રહીશ. નવી દિલ્હીની તમામ જરૂરિયાતમંદ મહિલાઓને મારું આ વચન છે. તમને આ મદદ તમામ પરિસ્થિતિમાં વગર કોઈ અડચણે મળતી રહેશે. પેન્શનની જરૂરિયાતોથી લઈને નોકરીની જરૂરિયાતો સુધી, તેમના ભાઈ અને દીકરા - તેમના જીવનને સુધારવા માટે પ્રવેશ સાહિબ વર્મા 24*7 કામ કરતા રહેશે. ભાજપે પ્રવેશ વર્માને દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં નવી દિલ્હી વિધાનસભા બેઠકથી પોતાના ઉમેદવાર બનાવ્યા છે.

### વિજય હજારે ટ્રોફીમાં તમિલનાડુના ધુરંધર બેટરે કરી કમાલ, છતાં હાર

। મુંબઈ, તા.૯ ।

વિજય હજારે ટ્રોફી ૨૦૨૫ની બીજી પ્રી-ક્વાર્ટર ફાઈનલ આજે (૯ જાન્યુઆરી, ૨૦૨૫) રમાઈ હતી. જ્યાં રાજસ્થાન અને તમિલનાડુની ટીમ વચ્ચે મેચ રમાઈ હતી. જે મેચમાં તમિલનાડુએ ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય લીધો હતો. જેમાં રાજસ્થાનની ટીમ ૧૯ રને જીતી ગઈ છે. પહેલા બેટિંગ કરતા રાજસ્થાનની ટીમે ૪૭.૩ ઓવરમાં ૨૬૭ રન બનાવ્યા.

### ડીલર-વચેટિયાઓને મોટો ઝટકો!

## પ્રોપર્ટીના માલિકી હક ટ્રાન્સફર કરવાના મુદ્દે મહત્વનો ચુકાદો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દેશની સૌથી મોટી અદાલત સુપ્રીમ કોર્ટે પ્રોપર્ટી મામલે એક મહત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અચલ સંપત્તિનો માલિક હક જ્યાં સુધી સેલ ડીડનું રજિસ્ટ્રેશન ન થઈ જાય ત્યાં સુધી ટ્રાન્સફર થઈ શકે નહીં. કોર્ટે સ્પષ્ટ કર્યું કે પ્રોપર્ટીનું પઝેશન લેવાથી સંપત્તિનો માલિકી હક ટ્રાન્સફર થઈ જતો નથી. સુપ્રીમ કોર્ટની જસ્ટિસ બીવી નાગરત્નાના વડપણવાળી બેન્ચે ગત મહિને આપેલા પોતાના ચુકાદામાં કહ્યું કે ૧૮૮૨ના ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની સેક્શન ૫૪ની જોગવાઈ મુજબ પ્રોપર્ટી ટ્રાન્સફર ફક્ત રજિસ્ટર્ડ ડોક્યુમેન્ટ્સ દ્વારા જ થઈ શકે છે. આ મામલે જોગવાઈ છે કે ૧૦૦ રૂપિયા કે તેનાથી વધુ મૂલ્યની અચલ સંપત્તિનું વેચાણ પણ ત્યારે જ માન્ય ગણાશે જ્યારે તે રજિસ્ટર્ડ દસ્તાવેજો દ્વારા કરવામાં આવ્યું હોય. કોર્ટે કહ્યું કે, જ્યાં સેલ ડીડના રજિસ્ટ્રેશનની જરૂર પડે છે.

### ગ્રહોની કોઈ નકારાત્મક અસર નહીં પડે

## મહાકુંભમાં બાવન ફૂટ ઉંચા 3D મહામૃત્યુંજય યંત્રની સ્થાપના થશે

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૯ ।

વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાની તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. મહાકુંભ મેળો આગામી ૧૩ ડિસેમ્બરથી શરૂ થશે અને આગામી ૪૫ દિવસ સુધી ચાલુ રહેશે. આ વખતે આ મેળામાં આવતા ભક્તોને વિશ્વના સૌથી મોટા મહામૃત્યુંજય યંત્રના દર્શન થશે. જે ૫૨ ફૂટ ઊંચું, ૫૨ ફૂટ લાંબું અને ૫૨ ફૂટ પહોળું છે. તેની સ્થાપના સિદ્ધ મહામૃત્યુંજય સંસ્થાન દ્વારા કરવામાં આવી રહી છે. આ યંત્ર ખૂબ જ અલૌકિક હશે. મહાકુંભ મેળાનું પહેલું સ્નાન ૧૩ જાન્યુઆરીએ થશે. સરકાર મહાકુંભની તૈયારીઓમાં વ્યસ્ત છે. આ વર્ષે મહાકુંભ મેળામાં લગભગ ૪૦ કરોડ શ્રદ્ધાળુઓ આવે તેવી અપેક્ષા છે. દર્શનાર્થીઓની સુરક્ષા અને સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે વહીવટીતંત્ર દિવસ-રાત કામ કરી રહ્યું છે. આ મેળામાં સ્નાનની સાથે અનેક આકર્ષણના કેન્દ્રો બનવાના છે, જેમાંથી એક ૫૨ ફૂટ લાંબુ, ઊંચું અને પહોળું મહામૃત્યુંજય યંત્ર છે.

### આતંકી સંગઠને વીડિયો જાહેર કર્યો

## પાકિસ્તાનના ૧૬ પરમાણુ વૈજ્ઞાનિકોનું અપહરણ થયું

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૯ ।

પાકિસ્તાનમાંથી એક મોટા સમાચાર મળી રહ્યા છે. પાકિસ્તાનના ૧૬ પરમાણુ વૈજ્ઞાનિકોનું અપહરણ થઈ ગયું છે. આતંકી સંગઠન તહરીકે તાલિબાન પાકિસ્તાને પાકિસ્તાનના પરમાણુ વૈજ્ઞાનિકોનું અપહરણ કર્યું છે. અપહરણ કરાયેલા ૧૬ વૈજ્ઞાનિકોનો એક વીડિયો પણ જાહેર કર્યો છે. TTP દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં પાકિસ્તાનના વૈજ્ઞાનિક શહબાઝ સરકારને આતંકીઓની શરતો માનવા અને પોતાની સુરક્ષાની ખાતરી માટે ચેલેન્જ કરી રહ્યા છે. તાલિબાને પાકિસ્તાનના અપહૃત પરમાણુ વૈજ્ઞાનિકોનો વીડિયો જાહેર કર્યો છે. જાહેર કરવામાં આવેલા વીડિયોમાં પાકિસ્તાનના અધિકારી પોતાની સરકારથી વિદ્રોહીઓની માગ માનવા અને પોતાની સુરક્ષાની ગુહાર લગાવતા દેખાઈ રહ્યા છે. પાકિસ્તાન પરમાણુ ઊર્જા આયોગના ૧૬ વૈજ્ઞાનિકો હાલમાં TTPના કબજામાં છે.

CMYK

## ૬૪ વર્ષના વૃદ્ધ દ્વારા બસ સ્ટેન્ડ પર વિદ્યાર્થિનીની છેડતી

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

શહેરના ભરચક વિસ્તાર એવા લાલ દરવાજા બસ સ્ટેન્ડ પર જાહેરમાં વિદ્યાર્થિનીની છેડતીની ઘટના બની હોવાનું સામે આવ્યું છે. એક ૧૯ વર્ષીય વિદ્યાર્થિની કોલેજથી છૂટીને તેના ઘરે જતી હતી. બસ સ્ટેન્ડ પર બસની રાહ જોઈ રહી હતી ત્યારે ત્યાં આવેલા એક વૃદ્ધે પહેલા અડપલાં અને ત્યારબાદ પીછો કરીને છેડતી કરી હતી. આ વૃદ્ધને લોકોએ પકડી લીધો હતો. બીજી બાજુ વિદ્યાર્થિનીએ પોલીસ અને તેના પિતાને જાણ કરી હતી. કારંજ પોલીસે છેડતીખોર વૃદ્ધને ઝડપીને વધુ તપાસ હાથ ધરી છે. શહેરમાં રહેતી એક ૧૯ વર્ષીય યુવતી કારંજ વિસ્તારમાં આવેલી એક કોલેજમાં અભ્યાસ કરે છે. ગત મંગળવારના રોજ તે કોલેજ ગઈ હતી. કોલેજથી છૂટીને તે તેના ઘરે જવા નીકળી હતી. દરમિયાનમાં તે લાલ દરવાજા બસ સ્ટેન્ડ પાસે ઊભી હતી ત્યારે ત્યાં ૬૪ વર્ષીય વૃદ્ધ આવ્યો હતો. આ વૃદ્ધ વિદ્યાર્થિની પાસે આવીને ઊભો હતો.

## ભરતી પ્રક્રિયામાં ઉમેદવારની વય મર્યાદામાં ૩૦ વર્ષની જગ્યાએ ૩૫ વર્ષ કરવા વિચારણા

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

વડોદરા પાલિકામાં ટેકનિકલ સંવર્ગ વર્ગ-૩ની આસી. એન્જીનીયર અને એડી. આસી. એન્જીનીયર (સીવીલ/મીકેનીકલ/ઈલેકટ્રીકલ)ની હાલની સીધી ભરતીની લાયકાતમાં ઉપલી વય મર્યાદામાં ૩૦ વર્ષના બદલે ૩૫ વર્ષ કરવાના સુધારો કરવામાં આવી શકે છે. વડોદરા પાલિકામાં ટેકનિકલ સંવર્ગ૩માં આસી. એન્જીનીયર અને એડી. આસી. એન્જીનીયર (સીવીલ/મીકેનીકલ/ઈલેકટ્રીકલ)ની જગ્યા સીધી ભરતીથી ભરવાનું ધોરણ છે. જગ્યાઓની સીધી ભરતીના નિયમોની લાયકાતમાં ઉપલી વય મર્યાદા ૩૦ વર્ષ ઠરાવેલ છે. વય મર્યાદા મુજબ તાજેતરમાં સીધી ભરતીની ટેકનિકલ સંવર્ગ વર્ગ-૩માં આપવામાં આવેલ જાહેરાત અંતર્ગત પૂરતી સંખ્યામાં ઉમેદવારો પ્રાપ્ત થતા ન હોવાનું જણાય આવેલ છે. સરકારના વર્ગ-૩ની સીધી ભરતીના કેટલીક જગ્યાઓમાં વય મર્યાદા ૩૫ વર્ષની હોવાનું જણાય છે. જે ધ્યાને લેતા વડોદરા પાલિકામાં ટેકનિકલ સંવર્ગ વર્ગ-૩ આસી. એન્જીનીયર અને એડી. આસી. એન્જીનીયર (સીવીલ/મીકેનીકલ/ઈલેકટ્રીકલ)ની હાલની ઠરાવેલ ભરતીની લાયકાતમાં ઉપલી વય મર્યાદામાં ૩૫ વર્ષની ઉંમર કરવામાં આવી શકે છે. જેથી બહોળી સંખ્યામાં સ્પર્ધાત્મક પરીક્ષાને અંતે પાલિકાને યોગ્ય અને અનુભવી ઉમેદવારો મળી શકે.

### નવી એજ્યુકેશન પોલિસીથી વિપરીત પરીક્ષાઓ વધારવામાં આવી રહી છે

# સ્કૂલોમાં શિક્ષણનું ભારણ ઘટાડવા એકમ કસોટી દૂર કરવા રજૂઆત

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।



રાજયની સ્કૂલોમાં દર શનિવારે એકમ કસોટીનું આયોજન કરવામાં આવે છે. નવી શિક્ષણ નીતિમાં શિક્ષણનું ભારણ ઘટાડવાનો નિર્દેશ કરવામાં આવ્યો હોવાછતાં સરકાર દ્વારા આ પ્રકારની કસોટીઓ લઈને શિક્ષણમાં ભારણ વધારવામાં આવતું હોવાની ફરિયાદ શિક્ષણ વિભાગના જ એક અધિકારી કરી હોવાનું બહાર આવ્યું છે.નવી એજ્યુકેશન પોલીસીમાં સ્કૂલોમાં પણ ભારણ ઓછુ કરીને વિદ્યાર્થીઓને અભ્યાસમાં રસ પડે તે પ્રકારની પ્રવૃત્તિઓ વધારવા પર જોર આપવામાં આવ્યું છે. પરંતુ સ્કૂલોમાં હાલમાં એકમ કસોટીના નામે શિક્ષણમાં ખોટુ ભારણ ઉભુ કરવામાં આવી રહ્યું છે. મહત્વની વાત એ કે, આ પ્રકારનો ઉલ્લેખ ખુદ શિક્ષણવિભાગમાં ઉચ્ચ હોદ્દા પર રહીને નિવૃત્ત થયેલા અધિકારીએ શિક્ષણ સચિવને કરેલી ફરિયાદમાં કરવામાં આવ્યો છે. આ પ્રકારની કસોટીઓના કારણે સરકારી સ્કૂલોના ત્રણ લાખથી વધુ શિક્ષકોમાં નિરાશા જોવા મળી રહી છે. એટલું જ નહી એકમ કસોટીના કારણે શિક્ષણ રસહીન થવાની સાથે સાથે શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયો સતત વધી રહ્યો છે અને શિક્ષણની ગુણવત્તા ઘટી રહી છે.એકમ કસોટી દૂર કરવાની તાતી જરૂરિયાત છે. ખરેખર તો એકમ કસોટીની જગ્યાએ વિદ્યાર્થીઓની ૩૬૦ ડિગ્રીએ મુલ્યાંકન થાય તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. નિવૃત્ત અધિકારીએ એવી પણ ચીમકી આપી છે કે, આગામી દિવસોમાં એકમ કસોટી બંધ કરવામા ન આવે તો ઉપવાસ આંદોલન પણ કરવામાં આવશે.

### સચિવાલયમાં મકાન વિભાગમાં હોવાનું કહીને મામલતદાર કચેરી લઇ જતો હતો

# ઠગ વિરમસિંહ સામે વધુ એક ફરિયાદ પાંચ લોકો પાસેથી ૨૦ લાખ પડાવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાની લાલચ આપીને અસંખ્ય લોકો સાથે છેતરપિંડી આચરનાર ઠગ વિરમસિંહ રાઠોડ સામે વધુ એક પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આરોપી વિરમસિંહની ઝોન-૧ પોલીસે ધરપકડ કર્યા બાદ તેની સામે ખાડિયા પોલીસે ગુનો નોંધ્યો હતો. જે બાદ વધુ પાંચ ભોગ બનનાર સામે આવતા આનંદનગર પોલીસે ગુનો નોંધ્યો છે. આરોપી પોતે સચિવાલયમાં મકાન વિભાગમાં હોવાનું કહીને મકાન ફાળવી આપવાના બહાને ૨૦ લાખ લઈ ચૂક્યો હતો. બાદમાં આરોપીએ ખોટી ઈન્ડેક્સ કોપી આપીને ભોગ બનનારને મામલતદાર કચેરી લઈ જઈને બહાના બતાવ્યા હતા. આરોપીની ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરીને પોલીસ વધુ તપાસ કરશે. વેજલપુરના પ્રદીપકુમાર કુમાવતને નવેમ્બર માસમાં તેમના ઓળખીતા વ્યક્તિએ વિરમસિંહ રાઠોડ પ્રધાનમંત્રી આવાસના મકાન અપાવે છે તેવી વાત કરી હતી. જેથી પ્રદીપકુમારે ઠગ વિરમસિંહ સાથે મુલાકાત કરી હતી. વિરમસિંહે પોતે ગાંધીનગર સચિવાલયમાં મકાન વિભાગમાં અધિકારી હોવાનું કહીને મકાન ફાળવણીનું કામ કરતો હોવાનું કહીને જાળ બિછાવી હતી. બાદમાં મકાનના ૧૨.૪૦ લાખ રૂપિયા થશે તેમ કહીને જરૂરી ડોક્યુમેન્ટ મેળવી લીધા હતા. આરોપીએ મ્યુનિ.નું ફોર્મ આપીને સહીઓ પણ કરાવી હતી. બાદમાં સાયન્સ સિટી પાસેના હેતાર્થ પાર્ટી પ્લોટ પાસે મકાનની ફાળવણી થશે તેમ કહીને ચાર લાખ મેળવી લીધા હતા. જ્યારે આરોપીએ ખોટી ઈન્ડેક્સ કોપી આપતા પ્રદીપકુમારને શંકાઓ ઉપજી હતી. જે બાબતે પૂછપરછ કરતા આરોપીએ બહાના બતાવ્યા હતા. બાદમાં ગોતા મામલતદાર ઓફિસે પ્રદીપકુમારને બોલાવીને સર્વર ડાઉન હોવાનું અને સાહેબ ન હોવાનું કહીને મકાન ન અપાવીને ઠગાઈ આચરી હતી. આ મામલે આનંદનગર પોલીસે અરજી લઈને તપાસ કરતા આરોપીએ પ્રદીપકુમાર, મુકેશસિંગ રાજપુરોહિત, પાર્થ મેવાડા, પુષ્પાબેન મેવાડા અને નીકીતાબેન પ્રજાપતિ પાસેથી કુલ રૂ.૨૦ લાખ મેળવીને છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું હતું. ઝોન-૧ પોલીસે આરોપી વિરમસિંહ રાઠોડની ધરપકડ કર્યા બાદ હવે આનંદનગર પોલીસે પણ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### ૧૧મી જાન્યુઆરી ના રોજ CTM ખાતે

# મફત મેડિકલ કેમ્પ અને ન્યૂ ગુજરાત ઇલેક્ટ્રો હોમિયોપેથિક મેડિક્લ પ્રક્ટીશાનર્સ એસોસિએશાન ડોક્ટર સેમિનાર ના આયોજન

। અમદાવાદ, તા.૯ ।

ઈલેક્ટ્રો હોમિયોપેથી ફક્ત વનસ્પતિઓ પર આધારિત તદન સરળ, વૈજ્ઞાનિક અને નિર્દોષ સારવાર પદ્ધતિ છે. મોર્ડન મેડિસિનમાં અસાધ્ય કહેવાતા ઘણા બધા રોગોની સરળ તેમજ સચોટ સારવાર આ પદ્ધતિ દ્વારા શક્ય છે.

શ્રી હર્ષ મૌર્ય - નેશનલ પ્રેસિડેન્ટ એ જણાવ્યું કે અમારું એસોસિએશન ૧૯૯૮ની સાલથી ઈલેક્ટ્રો હોમિયોપેથી ના પ્રચાર પ્રસાર અને તેના વિકાસ માટે નાના-મોટા મફત સારવાર કેમ્પો તેમજ પ્રશિક્ષણ શિબિર નું આયોજન કરીને જનતા જનાર્દનની




સેવા કરી રહ્યુ છે. આ સારવાર પદ્ધતિના જનક ડોક્ટર કાઉન્ટ સીઝર મૈટી સાહેબ ના ૨૧૬ માં જન્મદિવસની ઉજવણીની નિમિત્તે અમે એકવાર ફરી એક વિશાળ મફત નિદાન અને સારવાર કેમ્પ તેમજ પ્રશિક્ષણ શિબિર નુ આયોજન કરવા જઈ રહ્યા છીએ. જેની વિગત નીચે મુજબ છે.

આ સારવાર કેમ્પમાં ૧૦૦૦ કરતા પણ વધુ દર્દીઓની બીમારીઓ નું મફત નિદાન કરી ઈલેક્ટ્રો હોમિયોપેથિક દવાઓ પણ મફત આપવામાં આવશે.

પ્રશિક્ષણ શિબિરમાં (સેમિનાર) માં આખા ગુજરાત તેમજ ભારતના અન્ય રાજ્યોમાંથી લગભગ ૪૦૦ જેવા ઈલેક્ટ્રો હોમિયોપેથિક ચિકિત્સકો હાજરી આપશે. આ શૈક્ષણિક સેમિનારમાં ઈલેક્ટ્રો હોમિયોપેથી માં પ્રેક્ટિસ, માર્ગદર્શન તેમજ રોગો ઉપર સારવાર વિશે પ્રશિક્ષણ આપવામાં આવશે.

આ આદેશ સંખ્યા V.25011/276/2009-HR ના આધારે સમસ્ત ભારતમાં ઈલેક્ટ્રો હોમીપેથીનું પ્રચાર પ્રસાર શિક્ષણ તેમજ પ્રેક્ટિસ કરી શકાય છે.

## સુરત પાલિકાની ડ્રેનેજમાં કેમિકલવાળું પાણી છોડતી ચાર ડાઈંગ સીલ અને ૧૬ ને નોટિસ

। સુરત, તા.૯ ।

સુરત પાલિકાના બમરોલી ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ડ્રેનેજમાં આવતા કેમીકલ અને એસિડવાળા પાણીના કારણે બંધ થઈ ગયો હતો. ત્યારબાદ ઉધના ઝોનના ૨૦૫ એકમોના ગેરકાયદે ડ્રેનેજ જોડાણ કાપી નાંખ્યા હતા. આ મુદ્દે ઉધના ઝોને જીપીસીબીને પત્ર લખીને નિયત પેરામિટરની મર્યાદા જણાતી ન હોવાનો પત્રમાં ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત આજે દિવસ દરમિયાન પાલિકાએ ડ્રેનેજમાં કેમિકલવાળું પાણી છોડતી ચાર ડાઈંગ સીલ અને ૧૬ ને નોટિસ આપી છે. પાલિકાના ઉધના ઝોને ૨૦૦થી વધુ મિલ્કતો સીલ કરવા સાથે સાથે ડ્રેનેજના પાણીના સેમ્પલ લીધા હતા. જેમાં ઉદ્યોગ દ્વારા ટ્રીટમેન્ટ કર્યા વગર દુષિત કલરયુક્ત કેમિકલ મિશ્રિત પાણી છોડતા હોવાનું બહાર આવ્યું હતું. આ કામગીરી બાદ ઉધના ઝોન દ્વારા જીપીસીબીને એક પત્ર લખી કેમિકલ છોડતા ઉદ્યોગો સામે પગલાં ભરવા માટે રજૂઆત કરી છે.

## નવા જિલ્લાનું નામ ઓગડ જિલ્લો રાખવા માટે સતત સાત દિવસથી વિરોધ

। બનાસકાંઠા, તા.૯ ।

ગુજરાત સરકારે ૧ જાન્યુઆરીએ બનાસકાંઠા જિલ્લાને વિભાજીત કરવાનો નિર્ણય કર્યો હતો. રાજ્ય સરકારે બનાસકાંઠામાંથી વાવ-થરાદને નવો જિલ્લો જાહેર કર્યો હતો. રાજ્ય સરકારે આપેલી માહિતી પ્રમાણે બનાસકાંઠામાં ૬ અને વાવ-થરાદ જિલ્લામાં ૮ તાલુકાઓ રહેશે. સરકારના નિર્ણય બાદ વિવાદ પણ શરૂ થયો છે. લોકો અલગ-અલગ માગ સાથે પોતાનો વિરોધ નોંધાવી રહ્યાં છે. આ નવા જિલ્લાનું નામ ઓગડ જિલ્લો રાખવા માટે પણ સતત સાત દિવસથી વિરોધ કરવામાં આવી રહ્યો છે. અમારો જિલ્લો ઓગડ જિલ્લો, ઓગડ જિલ્લો અમારો અધિકાર છે જે અમે લઈને જ રહીશું. ઓગડ જિલ્લા માટે છેલ્લા શ્વાસ સુધી લડીશું. જેવા વિવિધ બેનરો સાથે રાખીને સાતમાં દિવસે પણ દિયોદરમાં વિરોધ યથાવત છે. દિયોદરના આરામગૃહ પાસે સ્થાનિક વેપારીઓ આજે પણ ધરણાં કર્યા અને સૂત્રોચ્ચાર કરીને સરકાર સુધી વાત પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. વેપારીઓએ આરોપ લગાવ્યો છે કે સરકારે જે નિર્ણય કર્યો છે તે ન્યાય પૂર્વક નથી. ઓગડ જિલ્લો બનાવવાની માગ ઉગ્ર બની રહી છે.

### ચાઈનીઝ લસણમાં ફૂગની સંભાવના વધુ હોય છે

# સુરતમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ લસણનો જથ્થો જપ્ત કરાયો

### ચાઈનીઝ લસણમાં જંતુનાશકોનું પ્રમાણ પણ વધુ હોય છે અગાઉ નેપાળ અને બાંગ્લાદેશ થઈને ચાઈનીઝ લસણ આવતું હતુ

। (માહિતી) સુરત, તા.૯ ।

ફરી એકવાર સુરતમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ લસણનો જથ્થો જપ્ત કરાયો છે. જી હા...સુરત APMCમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ લસણ જપ્ત કરાયું છે. ૧૦ લાખ રૂપિયાની કિંમતનું ૨૧૫૦ કિલો ચાઈનીઝ લસણ જપ્ત કરાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. તમને જણાવી દઈએ કે દેશમાં ચાઈનીઝ લસણના વેચાણ પર પ્રતિબંધ છે. ત્યારે સુરત APMCએ ૨૧૫૦ કિલો ચાઈનીઝ લસણનો નાશ કર્યો છે. ચાઈનીઝ લસણની ફરી એકવાર ભારતમાં એન્ટ્રી થઈ ગઈ છે. સુરતમાં પ્રતિબંધિત ચાઈનીઝ લસણનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. સુરત APMCમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ લસણ જપ્ત કરાયું છે. આશરે રૂપિયા ૧૦ લાખની કિંમતનું લસણ જપ્ત કરાયું હોવાના પ્રાથમિક સમાચાર મળી રહ્યા છે. ૨૧૫૦ કિલો પ્રતિબંધિત ચાઈનીઝ લસણ પકડાયું છે. ખેડૂતોની આજીવિકાના રક્ષણ માટે ચાઈનીઝ લસણ ઉપર પ્રતિબંધ છે. ૨૦૧૪થી ચાઈનીઝ લસણના વેચાણ પર પ્રતિબંધ છે. ચાઈનીઝ લસણનું કદ નાનું, રંગ આછો સફેદ અથવા આછો પિંક કલર હોય છે. ત્યારે સુરત APMC એ ૨૧૫૦ કિલો ચાઈનીઝ લસણનો નાશ કરી દીધો છે. સુરત APMC માં વેચાણ અર્થે મૂકવામાં આવેલા લસણ પર APMC ના સ્ટાફને શંકા જતાં તેમણે તાત્કાલિક ક્રોસ વેરિફિકેશન કર્યું હતું. આ પછી આ ચાઈનીઝ લસણ હોવાની માહિતી મળતા જ લસણની ૪૩ ગુણી જપ્ત કરી લેવામાં આવી હતી.

### નકલી સચિવાલયના અધિકારી વિરુદ્ધ ફરિયાદ

# PM આવાસ યોજનાના નામે ૨૦ લાખ રૂપિયા છેતરપિંડી

### ગાંધીનગર સચિવાલયના અધિકારી તરીકે ઓળખ આપીને સરકારી મકાનની ફાળવણી કરવાના બહાને રૂપિયા પડાવ્યા

। (માહિતી) અમદાવાદ, તા.૯ ।

ગુજરાતમાં નકલી સરકારી અધિકારીઓને અટકાવવાના પ્રયાસો છતાં સતત નવા કિસ્સાઓ સામે આવી રહ્યા છે. આ વખતે અમદાવાદમાં ગાંધીનગર સચિવાલયના નકલી અધિકારી વિરુદ્ધ છેતરપિંડીનો કેસ નોંધાયો છે. ગાંધીનગર સચિવાલયના અધિકારી તરીકે ઓળખ આપીને સરકારી મકાનની ફાળવણી કરવાના બહાને લાખો રૂપિયા પડાવ્યા હતા. સચિવાલયના અધિકારી તરીકે ઓળખ આપતા શખ્સ PM આવાસ યોજનાનો લાભ આપવાનું વચન આપીને એક વ્યક્તિ પાસેથી ૨૦ લાખ રૂપિયા પડાવી લીધા હતા.સરકારી મકાન ફાળવણીના બહાને પૈસા વસૂલી રહ્યો હતો, પરંતુ મકાન નહીં આપતા આ ફરિયાદ નોંધાવવામાં આવી છે. અધિકારીની ઓળખ આપીને સરકારી મકાનની ફાળવણી કરવાના બહાને ૨૦ લાખ રૂપિયા પડાવી લીધા બાદ પછી મકાનની ફાળવણી ન કરવામાં આવતા ભોગ બનનારે વિરમ રાઠોડ નામના શખ્સ સામે આનંદ નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી.આ ઘટના પછી આ પ્રકારની છેતરપિંડીને લઈને વધુ સાવચેતી રાખવાની આવશ્યકતા અનુભવાઈ રહી છે, અને પોલીસ દ્વારા વધુ તપાસ શરૂ કરી છે. આ શખ્સ વિરુદ્ધ આનંદનગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે, અને હવે વધુ ખૂલાસો કરવા માટે તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતીના સભ્યો નર્મદા ડેમ અને કરજણ ડેમની અભ્યાસ મુલાકાતે પધાર્યા

। (માહિતી) નર્મદા ।



ગુજરાતવિધાનસભાનીઅનુસૂચિતજનજાતિઓના કલ્યાણ માટેની સમિતીના સભ્યો બુધવારે નર્મદા જિલ્લાની અભ્યાસ મુલાકાતે પધાર્યા હતા. આ સમિતિના સભ્યો મંગળવારે રાત્રે જ એકતાનગર ખાતે આવી પહોંચ્યા હતા. જિલ્લા કલેકટરશ્રી એસ.કે.મોદીએ સમિતિના સભ્યો સાથે મુલાકાત કરી જિલ્લામાં આવકાર્યા હતા. ૧૫મી ગુજરાત વિધાનસભામાં અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિમાં ૧૧ જેટલા ચૂંટાયેલા ધારાસભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિના અધ્યક્ષ અને સંખેડાના ધારાસભ્યશ્રી અભેસિંહભાઈ તડવીની સાથે કુલ ૬ સભ્યો પૈકી દાંતાના ધારાસભ્યશ્રી કાન્તિભાઈ ખરાડી, દાહોદના ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી, નાંદોદના ધારાસભ્યશ્રી ડો. દર્શનાબેન દેશમુખ, વ્યારાના ધારાસભ્યશ્રી મોહનભાઈ કોંકણી, નિઝરના ધારાસભ્યશ્રી જયરામભાઈ ગામીત અને છોટાઉદેપુરના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ રાઠવા જોડાયા હતા. જ્યારે ઝઘડિયાના ધારાસભ્યશ્રી રિતેશભાઈ વસાવા પલસી ખાતેના લિફ્ટ ઈરિગેશન પ્રોજેક્ટની મુલાકાત વેળાં સમિતિ સાથે જોડાયા હતા. અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના સભ્યોએ તેઓની અભ્યાસ મુલાકાતના પ્રથમ ચરણમાં નર્મદા ડેમ ટોપ ખાતે પહોંચી ઈજનેરો પાસેથી ડેમના બાંધકામ, પાણીનો જથ્થો અને કેટલા વિસ્તારમાં સિંચાઈ-પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે તે સહિતની સમગ્રતયા વિગતો મેળવી હતી. અહીં સમિતિએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને યાદ કરી તેમના વિઝનરી નેતૃત્વમાં ગુજરાતની જીવાદોરી સમાન મહત્વાકાંક્ષી યોજનાને પૂર્ણ કરવાનો સુવર્ણ અવસર મળ્યો, જેના થકી આજે લાખો હેક્ટરમાં સિંચાઈ અને લાખો લોકોને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ થઈ છે જે સૌ ગુજરાતીઓ માટે સદભાગ્યની વાત હોવાનું તેઓએ કહ્યું હતું. બાદમાં ટીમ રિવર બેડ પાવર હાઉસની મુલાકાતે પહોંચી હતી. જ્યાં થઈ રહેલા વીજ ઉત્પાદન અને ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ વચ્ચે વીજળીની થતી વહેંચણી અંગે વિસ્તૃતમાં માહિતી ઈજનેરો દ્વારા પુરી પાડવામાં આવી હતી. સાથો સાથ વીજ ઉત્પાદન બાદ તેનું કંન્ટ્રોલિંગ અને ડિસ્ટ્રીબ્યુશન અંગેની સિસ્ટમ તથા પાવર હાઉસ કેવી રીતે કાર્ય કરે છે તે અંગેની સમગ્ર જાણકારી મેળવી હતી. ટીમના સભ્યોએ સરદાર સાહેબની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત કરી ઈજનેરી કૌશલ્ય અંગે જેના ગાઈડ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી. સૌ સભ્યોએ સરદાર સાહેબના ચરણોમાં ભાવ વંદના કરી વ્યૂઈંગ ગેલેરીમાંથી સાતપૂડા અને વિંધ્યાચળની પર્વતમાળાઓ વચ્ચેથી પસાર થતીમાં નર્મદાનો નજારો અને સરદાર સાહેબના સ્વપ્ર સ્વરૂપે પ્રસ્થાપિત થયેલા સરદાર સરોવર નર્મદા ડેમનું દ્રશ્ય પણ અહીંથી નિહાળ્યું હતું. બાદમાં તેઓએ વિઝિટ બુકમાં સરદાર સાહેબ અને આ શ્રેષ્ઠતમ પ્રવાસન સ્થળ અંગેના પોતાના મંતવ્ય રજૂ કર્યા હતા. તેઓની મુલાકાતને યાદગાર બનાવવા સ્ટેચ્યુ ઓફ યુનિટીના અધિક કલેક્ટરશ્રી નારાયણ માધુ અને જિલ્લા વહીવટી તંત્ર વતી નાયબ કલેક્ટર પ્રોટોકોલશ્રી એન. એફ.વસાવાએ સ્મૃતિ રૂપે સરદાર સાહેબની પ્રતિમા અને કોફીટેબલ બૂક અર્પણ કર્યા હતા. આ મુલાકાત દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં રોજગારી મેળવી રહેલા સ્થાનિક આદિવાસી યુવકો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના સભ્યો બપોર બાદ કરજણ ડેમની મુલાકાતે પહોંચ્યા હતા. અહીં ટીમને વડોદરા સિંચાઈ વર્તુળના અધિક્ષક ઈજનેરશ્રી એસ.ટી. ગામીતે સમગ્ર પ્રોજેક્ટ અને તેનાથી થતી સિંચાઈ તથા પીવાના પાણીની જમણા તથા ડાબા કાંઠા નહેર અંગેની વિગતો આપી હતી. આ સમયે સમિતિના સભ્યોના ધ્યાને આવેલા ખેડૂતોના પ્રશ્નો અંગેની ચર્ચા પણ કરજણ ડેમના સંબંધિત અધિકારીશ્રીઓ સાથે કરી વધુમાં વધુ ખેડૂતોને ડેમના પાણીનો લાભ મળી રહે તે દિશામાં કાર્ય કરવા અંગે જરૂરી માર્ગદર્શન સાથે કેટલાંક રચનાત્મક સૂચનો પણ કર્યા હતા. સમગ્ર ટીમના સભ્યોએ કરજણ જળાશય યોજના આધારિત મોટી ભમરીથી વાડી અને કપાટ ઉદવહન સિંચાઈ પાઈપ લાઈન પ્રોજેક્ટની મુલાકાત કરી હતી. અહીં નિર્માણ પામેલા પ્રોજેક્ટની કામગીરી હવે પૂર્ણતાના આરે છે અને ટેસ્ટિંગની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે આ પ્રોજેક્ટ સત્વરે શરૂ થાય અને ખેડૂતોને તેના પાણીનો મહત્તમ લાભ મળી રહે તે માટેના પ્રયાસો હાથ ધરવા તેમજ ખેડૂતોની રજૂઆતને ધ્યાને લઈ તેમાં ખૂટતી કડીઓને પૂરવા તથા સમિતિ દ્વારા રાજ્ય સરકારમાં આ અંગેનો અહેવાલ પ્રસ્તુત કરી સ્થાનિક ખેડૂતોને પણ તેનો લાભ મળી રહે તે દિશામાં કાર્ય કરવા અંગે આશ્વાસન આપ્યું હતું. આ તબક્કે નાંદોદના ધારાસભ્યશ્રી અને કમિટિના સભ્ય એવા ડો. દર્શનાબેન દેશમુખે સમગ્ર મુલાકાતને અનુલક્ષીને આભારની લાગણી વ્યક્ત કરી હતી. સમિતિના સભ્યોની આ મુલાકાત દરમિયાન જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ, નર્મદા ડેમના અધિકારીશ્રીઓ, કરજણ જળાશય યોજનાના અધિકારીશ્રીઓ જોડાયા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ઓમર અબ્દુલ્લાએ કહ્યું પૂરું કરો બધું

# દિલ્હી ચૂંટણી પહેલા ઈન્ડિયા ગઠબંધનમાં ભંગાણના એંધાણ

## અબ્દુલ્લાએ દિલ્હી વિધાનસભા ચૂંટણી પર કહ્યું, “અમારે દિલ્હીની ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે કોઈ ગઠબંધન નથી. બંને પક્ષો અલગ-અલગ ચૂંટણી લડતા જોવા મળે છે, જ્યારે આ બંને પક્ષો લોકસભા ચૂંટણીમાં ભારત ગઠબંધનનો ભાગ હતા. હવે ઓમર અબ્દુલ્લાએ દિલ્હીમાં AAP અને કોંગ્રેસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું છે કે જો આ ગઠબંધન સંસદીય ચૂંટણી માટે હતું તો તેને ખતમ કરી દેવું જોઈએ. જમ્મુ અને કાશ્મીરના મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લાએ કહ્યું, દિલ્હીમાં શું ચાલી રહ્યું છે તે અંગે મારે કંઈ કહેવું નથી. અમારે દિલ્હીની ચૂંટણી સાથે કોઈ લેવા-દેવા નથી. જ્યાં સુધી મને યાદ છે, ભારત ગઠબંધન માટે કોઈ સમય મર્યાદા નથી. નેતૃત્વ, એજન્ડા કે આપણા અસ્તિત્વ વિશે કોઈ સ્પષ્ટતા નથી જો આ ગઠબંધન માત્ર લોકસભા ચૂંટણી માટે હતું તો હવે તેને ખતમ કરી દેવુ જોઈએ. જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ દિલ્હી વિધાનસભા ચૂંટણી પર કહ્યું, “અમારે દિલ્હીની ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં લડી રહેલા રાજકીય પક્ષોએ નક્કી કરવું જોઈએ કે ભાજપનો મુકાબલો કેવી રીતે કરવો. ઓમર અબ્દુલ્લાએ દિલ્હી વિધાનસભા ચૂંટણી પર કહ્યું, “અમારે દિલ્હીની ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી. આ પહેલા AAPને ત્યાં સતત બે વાર સફળતા મળી હતી. તેથી આ વખતે દિલ્હીના લોકો શું નિર્ણય લેશે તેની રાહ જોવી પડશે. મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસે આગામી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને સમર્થન આપવાની જાહેરાત કરી છે. અરવિંદ કેજરીવાલે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને સતત સમર્થન આપવા બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો. આના પર અરવિંદ કેજરીવાલે ખુશી વ્યક્ત કરી અને મમતા બેનર્જીનો આભાર માન્યો. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને સમર્થન આપવાની જાહેરાત કરી છે. એ પણ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે પાર્ટી દિલ્હી વિધાનસભાની ચૂંટણી નહીં લડે. સપાના વડા અખિલેશ યાદવે એક નિવેદન આપતા કહ્યું છે કે જે પણ ભારતીય જનતા પાર્ટીને હરાવે છે તેને સપા સમર્થન આપશે. કોંગ્રેસ પાસે દિલ્હીમાં મજબૂત સંગઠન નથી, આવી સ્થિતિમાં અમારી પાર્ટી આમ આદમી પાર્ટીને સમર્થન કરશે. હું આમ આદમી પાર્ટી સાથે સ્ટેજ શેર કરીશ. તમે જ દિલ્હીમાં ભાજપને હરાવી શકશો. આવી સ્થિતિમાં સપા ભાજપને હરાવે તેની સાથે છે. બિહાર વિધાનસભામાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવ દ્વારા ભારત ગઠબંધનને લઈને આપવામાં આવેલા નિવેદન બાદ રાજ્યમાં મહાગઠબંધનના અસ્તિત્વ પર સવાલો ઉભા થઈ રહ્યા છે. સૌથી મોટો સવાલ એ છે કે શું કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ (RJD) અલગ થઈ ગયા છે. તેમણે કહ્યું કે ભારત ગઠબંધન લોકસભા ચૂંટણી માટે રચાયું હતું. બિહારમાં ગઠબંધનના સવાલ પર તેમણે કહ્યું કે કોંગ્રેસ સાથે તેમનું જૂનું ગઠબંધન છે.

### ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફી આવતા મહિને રમાશે

# મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તીને ચેમ્પિયન્સ ટ્રોફીમાં તક મળી શકે

## IPL-T20 ઇન્ટરનેશનલમાં શાનદાર પ્રદર્શન કરનાર વરુણ ચક્રવર્તીને હવે ODI ટીમમાં તક મળી શકે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફી આવતા મહિને રમાશે. બીસીસીઆઈએ હજુ સુધી આ વૈશ્વિક ટુર્નામેન્ટ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી નથી. રિપોર્ટ અનુસાર, ટીમ ઈન્ડિયાની જાહેરાત ૧૧ જાન્યુઆરીએ કરવામાં આવશે. આ પહેલા પણ ટીમ અંગે અનેક અહેવાલો બહાર આવી રહ્યા છે. તાજેતરના અહેવાલ મુજબ મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તીને ઈંગ્લેન્ડ સામેની ODI શ્રેણી અને ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફીમાં તક મળી શકે છે. તમને જણાવી દઈએ કે ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા, ટીમ ઈન્ડિયા ઘરઆંગણે ઈંગ્લેન્ડ સામે ત્રણ મેચની ODI શ્રેણી રમશે. એ વાતની પુષ્ટિ થઈ ગઈ છે કે ઈંગ્લેન્ડ સામેની ODI શ્રેણી રમનારી ટીમ ૨૦૨૫ની ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ હશે. સમાચાર છે કે IPL અને T20 ઈન્ટરનેશનલમાં શાનદાર પ્રદર્શન કરનાર વરુણ ચક્રવર્તીને હવે ODI ટીમમાં તક મળી શકે છે.

ટીમની પસંદગી પહેલા, મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તીએ સ્થાનિક ODI ટુર્નામેન્ટ વિજય હજારે ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ટુર્નામેન્ટના બીજા પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં, તમિલનાડુ તરફથી રમતા વરુણે રાજસ્થાન સામે ૯ ઓવરમાં ૫૨ રન આપીને ૫ વિકેટ ઝડપી હતી. વરુણ વિજય હજારે ટુર્નામેન્ટમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. તેણે ૬ મેચમાં ૧૮ વિકેટ લીધી છે. દક્ષિણ આફ્રિકા સામેની T20 શ્રેણીમાં વરુણ ચક્રવર્તીએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. દક્ષિણ આફ્રિકામાં, વરુણે ચાર મેચમાં ૧૨ વિકેટ લીધી. આમાં એક મેચમાં પાંચ વિકેટનો પણ સમાવેશ થાય છે. વરુણે ૧૩ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૯ વિકેટ લીધી છે. આ ઉપરાંત, તેણે IPLમાં ૮૩ બેટ્સમેનોને પોતાના શિકાર બનાવ્યા છે. ખાસ વાત એ છે કે T20 ફોર્મેટમાં પણ વરુણ સામે રન બનાવવા સરળ રહ્યા નથી. તેણે પોતાના મિસ્ટ્રી સ્પિનથી મોટા મોટા બેટ્સમેનોને પેવેલિયન ભેગા કર્યા છે. શમીએ મંગળવારે એક્સ પર એક વીડિયો શેર કર્યો છે. જેમાં તે બોલિંગ કરતો જોવા મળી રહ્યો છે. શમીએ નેટમાં ઘણો પરસેવો પાડ્યો હતો. શમીએ કેપ્શનમાં લખ્યું, “સ્પીડ અને જુનૂન, દુનિયાને કબજે કરવા માટે તૈયાર” શમીએ કેપ્શન દ્વારા સંકેત આપ્યો કે તે સંપૂર્ણ રીતે ફિટ છે અને પસંદગી માટે પણ ઉપલબ્ધ છે. જોકે, આ અંગે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી..

**ન્યૂઝ બ્રિફ**

### ૧૦૦૦ કિમીથી વધારે દોડીને અયોધ્યા પહોંચ્યો ૬ વર્ષનો દેશી ટાર્ઝન

। (એજન્સી) અયોધ્યા, તા.૯ ।

રામલલ્લાના અભિષેક સમારોહની પ્રથમ વર્ષગાંઠ પહેલા ૬ વર્ષીય દોડવીર પંજાબથી ૧૦૦૦ કિલોમીટરથી વધુનું અંતર કાપીને અયોધ્યા પહોંચ્યો હતો. તે જ સમયે, પોતાની અનોખી જીવનશૈલી માટે સ્થાનિક નામ ટાર્ઝન થી પ્રખ્યાત બાળક પણ દર્શનની ઈચ્છા સાથે અહીં પહોંચ્યો છે. રામ મંદિર ટ્રસ્ટના મીડિયા સેન્ટર દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝ મુજબ, છ વર્ષનો છોકરો મોહબ્બત પંજાબના ફાઝિલકા જિલ્લાના કિલિયાંવાલી ગામમાંથી અયોધ્યા જવા માટે નીકળ્યો હતો અને તેને દોડીને અયોધ્યા પહોંચવામાં એક મહિનો અને ૨૩ દિવસનો સમય લાગ્યો હતો. આ સમગ્ર પ્રવાસ દરમિયાન, આ ‘UKG’ વિદ્યાર્થીએ રામ મંદિરની મુલાકાત લેવાનું પોતાનું સપનું પૂરું કરવા માટે ૧,૦૦૦ કિલોમીટરથી વધુનું અંતર કાપ્યું. તેમની સલામત યાત્રા સુનિશ્ચિત કરવા માટે તેમના માતા-પિતા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મહાસચિવ ચંપત રાયના સતત સંપર્કમાં રહ્યા. સંજય સિંહ, દેશી ‘ટાર્ઝન’ તરીકે પ્રખ્યાત, અન્ય અસાધારણ મુલાકાતી છે.

### કોઈને પણ બહાર નીકળવા દેશે નહીં

# ૨૯મીના રોજ રાજસ્થાનના ૪૫૦૦૦ ગામડા બંધ રહેશે

## ખેડૂત મહાપંચાયત અનુસાર ૨૯ મીએ ગામની પ્રોડક્ટ ગામમાં જ રહેશે, કોઈ તેને વેચવા માટે બહાર જશે નહીં



। (એજન્સી) જયપુર, તા.૯ ।

રાજસ્થાનના અનેક ગામડામાં આવનારા દિવસોમાં ખેડૂત આંદોલનની મોટી અસર જોવા મળી શકે છે. દેશભરમાં લગભગ ત્રણ ચાર વર્ષથી ખેડૂત આંદોલન ચાલી રહ્યા છે. ન્યૂનતમ સમર્થન મૂલ્ય પર પાકને ખરીદ અને ત્રણ કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂત આંદોલન ચાલી રહ્યા હતા. કેન્દ્ર સરકારે ત્રણેય કૃષિ કાયદાને તો પાછા લઈ લીધા પણ એમએસપી પર પાકની ખરીદી પર કાયદો નથી બનાવ્યો. ત્યાર બાદ સતત દિલ્હી બોર્ડર પર ખેડૂત આંદોલન ચાલી રહ્યા છે. તમામ આંદોલનની અસર રાજસ્થાનમાં પણ દેખાઈ શકે છે. કારણ કે ખેડૂત મહાપંચાયત દ્વારા ૨૯ જાન્યુઆરીના રોજ રાજસ્થાનના ગામડા બંધ કરવાનું આંદોલન કરવામાં આવશે. આ દરમ્યાન રાજસ્થાનના તમામ ગામડાઓ બંધ રહેશે. ગામનો કોઈ પણ વ્યક્તિ ગામની બહાર જઈ શકશે નહીં. ન કોઈ રેલાગાડી ચાલશે, ન કોઈ વાહનનો ઉપયોગ કરશે. જો કે ઈમરજન્સી સ્થિતિમાં બંધ આંદોલન લાગૂ થશે નહીં. ખેડૂત મહાપંચાયત અનુસાર, ૨૯ જાન્યુઆરીએ ગામની પ્રોડક્ટ ગામમાં જ રહેશે, કોઈ તેને વેચવા માટે બહાર જશે નહીં. જો કોઈ ગામમાં આવીને માલ ખરીદવા માગો તો તેને ગામમાં જ માલ વેચી શકશે. ખેડૂત મહાપંચાયતના રાષ્ટ્રીય અધ્યક્ષ રામપાલ જાટ અનુસાર, ગામ બંધ આંદોલન ૨૯ જાન્યુઆરીથી કરવામાં આવશે. આ રાજસ્થાન માટે પ્રથમ પ્રયોગ છે. આ એવું આંદોલન છે, જે ક્યારેય ફેલ નહીં થાય અને તેના માટે ખેડૂતો પાસે રીતસરનું સંકલ્પ પત્ર પણ ભરાવાનું શરુ કરી દીધું છે. તેમણે જણાવ્યું કે, આંદોલન અંતર્ગત અમે સરકારને એ બતાવવા માગીએ છીએ કે, જો ગામડાના ખેડૂતો બહાર ન જાય તો આપ મજબૂર થઈને તેમની પાસે ખુદ આવશો. ખેતી વિના કોઈના પણ કામ થશે નહીં.

## તમે જાટ સમાજના લોકો સાથે દગો કર્યો : કેજરીવાલનો મોદીને પત્ર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. તેમણે દિલ્હીના જાટ સમાજને કેન્દ્રની ઓબીસી લિસ્ટમાં સામેલ કરવાને લઈને પત્ર લખ્યો છે. કેજરીવાલે કહ્યું કે, તમે દિલ્હીના જાટ સમાજ સાથે દગો કર્યો છે. દિલ્હીમાં ઓબીસી દરજ્જો પ્રાપ્ત જાટ અને અન્ય જાતિઓને કેન્દ્રની OBC લિસ્ટમાં સામેલ કરવામાં આવે. તેમણે કહ્યું કે, ‘કેન્દ્ર સરકારે ૧૦ વર્ષોથી જાટ સમાજ સાથે OBC અનામતના નામ પર દગો કર્યો છે. તમે ૨૦૧૫માં જાટ સમાજના નેતાઓને ઘરે બોલાવીને વચન આપ્યું હતું કે, દિલ્હીના જાટ સમાજને કેન્દ્રની ઓબીસી લિસ્ટમાં સામેલ કરવામાં આવશે. ૨૦૧૯માં અમિત શાહે જાટ સમાજને કેન્દ્રની ઓબીસી લિસ્ટમાં લાવવાનું વચન આપ્યું હતું. રાજસ્થાનના જાટ સમાજના વિદ્યાર્થીઓને ડીયૂમાં રિઝર્વેશન મળે તો દિલ્હીના જાટ સમાજને કેમ ન મળે?.’ અરવિંદ કેજરીવાલે આગળ કહ્યું કે, ‘કેન્દ્રની ઓબીસી લિસ્ટમાં ન હોવાને કારણે દિલ્હીના જાટ સમુદાયના હજારો બાળકોને DUમાં પ્રવેશ નથી મળતો. મોદી સરકાર દિલ્હીમાં ઓબીસી લિસ્ટમાં હોવા છતાં મોદી સરકારની સંસ્થાઓમાં જાટ સમાજને લાભ નથી મળવા દઈ રહી. દિલ્હીના જાટ સમુદાયને અનામત નથી મળતું. તેમને કોલેજમાં એડમિશન કે નોકરીઓમાં અનામત નથી મળતું. વડાપ્રધાને પોતે જાહેરાત કરી હતી કે જાટ સમુદાયને અનામત મળશે, પરંતુ તેમ છતાં તેમને કેન્દ્રની ઓબીસી લિસ્ટમાં સામેલ કરવામાં ન આવ્યા.’

### પિતા ફિલ્મ સ્ટાર અને સંસદસભ્ય છે

# દીકરીએ અપનાવી ભારતીય સૈન્યની સુપરસ્ટાર કારકિર્દી

## પિતા છે રવિ કિશન-દીકરી છે ઈશિતા : રવિ કિશન ભોજપુર તેમજ હિન્દી ફિલ્મોનો જાણીતો ચહેરો છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દેશની આ એવી દીકરી છે જેણે તેના પિતાની પ્રસિદ્ધિ અને વગનો ઉપયોગ કરીને સ્ટાર કીડ બનવાને બદલે દેશને ગૌરવ થાય એવી ભારતીય સૈન્યની કારકિર્દી અપનાવી છે. પિતા છે રવિ કિશન અને દીકરી છે ઈશિતા. રવિ કિશન ભોજપુર તેમજ હિન્દી ફિલ્મોનો જાણીતો ચહેરો છે જ, સાથે સંસદસભ્ય તરીકે પણ તેમની શાખ અને વગ છે. રવિ કિશન ભોજપુરી ફિલ્મોના સુપરસ્ટાર તો છે જ પણ સાથે ઘણી બોલિવૂડ ફિલ્મોમાં પણ તેઓ અભિનય કરતા હોય છે. રવિ કિશન એકમાત્ર એવા અભિનેતા છે જેમના પુત્રીએ એક અનોખો રસ્તો પસંદ કર્યો છે. રવિ કિશનના પુત્રી ગ્લેમર ઈન્ડસ્ટ્રીથી દૂર સેનામાં સેવા આપી રહ્યા છે. રવિ કિશનની પુત્રી ઈશિતા શુક્લ ૨૦૨૩માં સેના ભરતી યોજના અગ્નિવીરમાં જોડાયાં હતાં. હવે ઈશિતા ભારતીય સૈન્યમાં તાલીમ લે છે. ઈશિતા ગ્લેમરની દુનિયાથી દૂર હોવા છતાં, તેઓ ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ સક્રિય રહે છે. ઈશિતાને ઈન્સ્ટાગ્રામ પર ૧.૬ લાખથી વધુ લોકો ફોલો કરે છે. ઈશિતા અહીં પોતાના સેનાના ફોટા પણ શેર કરતાં રહે છે. એક તરફ ઘણા બોલિવૂડ સુપરસ્ટાર તેમનાં બાળકોને ફિલ્મી દુનિયામાં પ્રવેશ કરાવવા મથામણ કરતા રહે છે, એટલું જ નહીં ડઝનબંધ સ્ટાર કિડ્સે તેમના પિતા કે માતાના પગલે ચાલીને ગ્લેમરની દુનિયામાં પ્રવેશ કર્યો અને સ્ટાર બન્યા. જ્યારે રવિ કિશનની પુત્રીએ એક અલગ રસ્તો પસંદ કર્યો અને સેનામાં જોડાયા છે. બોલિવૂડ ફિલ્મોમાંથી રવિ કિશનના ઘણા પાત્રો અમર થઈ ગયા છે. રવિ કિશને પોતાના કરિયરમાં ૨૩૩ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. રવિ કિશન એક મહાન કલાકાર તો છે જ, સાથે તેમનું નામ રાજકીય વર્તુળોમાં પણ ગુંજતું રહે છે.

### નશાના રવાડે ચડેલા 3 કેદીઓ કેકમાં નાખવાનું એસેંસ પી ગયા

। (એજન્સી) મૈસૂર, તા.૯ ।

નશાના રવાડે ચડેલા ૩ કેદીઓ કેકમાં નાખવાનું એસેંસ પી ગયા, ત્રણેયની હાલત ખરાબ થઈ ગઈ હતી. કર્ણાટકની મૈસૂર જેલમાં ત્રણ કેદીઓનું કેક બનાવનારા ફુડ એસેંસ પીવાથી મૃત્યુ થયું છે. આ ઘટનાની જાણકારી પોલીસ અધિકારીએ આપી છે. એસેંસ પીવાના કારણે જેલમાં સતાગહલ્લીના રહેવાસી મદેશનું મંગળવાર રાતે મૃત્યુ થઈ ગયું, તો વળી ચામરાજનગરના રહેવાસી નાગરાજ અને રમેશનું બુધવારે મૃત્યુ થઈ ગયું. ન્યૂઝ એજન્સીના રિપોર્ટ અનુસાર, ત્રણેયે ૨૮ ડિસેમ્બરના રોજ એસેંસનું સેવન કર્યું હતું, જે બાદ તેમની તબિયત ખરાબ થઈ હતી. હાલત બગડતા તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાવ્યા હતા. જ્યાં આ ત્રણેયનું મૃત્યુ થઈ ગયું. સૂત્રોએ જણાવ્યું કે, નવા વર્ષના અવસર પર કેક બનાવવા માટે અસેંસ લાવ્યા હતા. બેકરી વિભાગમાં કામ કરનારા આ ત્રણ લોકો કદાચ તેને નશો સમજીને પી ગયા. જેનાથી તેમની હાલત ખરાબ થઈ ગઈ અને સારવાર દરમ્યાન મૃત્યુ થઈ ગયું. કહેવાય છે કે એસેંસ પીધા બાદ ત્રણેયને પેટમાં દુખાવો શરુ થયો, જે બાદ જેલની હોસ્પિટલમાં તેમને દાખલ કર્યા.

### સમાજવાદી પરિવારમાં શોકની લહેર

# અખિલેશ યાદવના કાકા રાજપાલસિંહનું નિધન

## અખિલેશના કાકા રાજપાલ સિંહ યાદવનું ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં સારવાર દરમિયાન અવસાન






। (એજન્સી) લખનૌ, તા.૯ ।

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવના કાકા રાજપાલ સિંહ યાદવનું નિધન થયું છે. અખિલેશ યાદવના કાકા રાજપાલ સિંહ યાદવનું ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં સારવાર દરમિયાન અવસાન થયું. તેઓ લાંબા સમયથી બીમાર હતા. આજે ગુરુવારે (૯ જાન્યુઆરી) સવારે ૪ વાગ્યે તેમનું અવસાન થયું. તેમના અંતિમ સંસ્કાર તેમના પૈતૃક ગામ સૈફઈમાં કરવામાં આવશે. આ દરમિયાન, સપા નેતા અને તેમના ભાઈ રામ ગોપાલ યાદવે રાજપાલ સિંહ યાદવના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. રામ ગોપાલ યાદવે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને લખ્યું, “ખૂબ જ દુઃખ સાથે હું તમને જાણ કરું છું કે મારા નાના ભાઈ રાજપાલ સિંહનું આજે સવારે ૪ વાગ્યે ગુડગાંવની મેદાંતા હોસ્પિટલમાં અકાળે અવસાન થયું છે. ભગવાન તેમના આત્માને શાંતિ આપે અને તેમને તેમના ચરણ કમળમાં સ્થાન આપે. ઓમ શાંતિ!” સપા વડાના કાકા રાજપાલ યાદવ ઘણા સમયથી બીમાર હતા, ત્યારબાદ તેમને ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર ચાલી રહી હતી. પરંતુ ગુરુવારે સવારે, તેઓ જીવનની લડાઈ હારી ગયા અને અંતિમ શ્વાસ લીધા. રાજપાલ યાદવના નિધન બાદ સમગ્ર સમાજવાદી પરિવારમાં શોકનો માહોલ છે. સવારથી જ લોકો તેમના ઘરે આવવા લાગ્યા છે. રાજપાલ યાદવના પાર્થિવ શરીરને આજે ગુરુગ્રામથી તેમના પૈતૃક ગામ સૈફઈ લઈ જવામાં આવશે. જ્યાં તેમના પાર્થિવ શરીરને અંતિમ સંસ્કાર માટે થોડા સમય માટે રાખવામાં આવશે. જોકે, તેમના અંતિમ સંસ્કાર આજે થશે કે નહીં તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી પ્રાપ્ત થઈ નથી. તમને જણાવી દઈએ કે અખિલેશ યાદવના પિતા મુલાયમ સિંહ યાદવને પાંચ ભાઈઓ હતા. આ પાંચ ભાઈઓમાં રાજપાલ સિંહ યાદવનું નામ ચોથા ક્રમે આવે છે. રાજપાલ યાદવ મુલાયમ સિંહ કરતા નાના અને શિવપાલ યાદવ કરતા મોટા હતા. શિવપાલ યાદવ સૌથી નાના ભાઈ છે. રાજપાલનો પુત્ર અંશુલ પણ રાજકારણમાં સક્રિય છે. અંશુલ સતત બીજી વખત જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાયા છે. રાજપાલની પત્ની પ્રેમલતા યાદવ પણ રાજકારણી રહી છે. પ્રેમલતાએ ૨૦૦૫ માં રાજકારણમાં પ્રવેશ કર્યો. તે યાદવ પરિવારની પહેલી મહિલા હતી જેણે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. જોકે, બાદમાં શિવપાલ સિંહ યાદવની પત્ની સરલા યાદવ, અખિલેશની પત્ની ડિમ્પલ યાદવ અને પ્રતીક યાદવની પત્ની અપર્ણા યાદવે રાજકારણમાં પ્રવેશ કર્યો.

### ઘોર કળિયુગઃ કપાતર દીકરાની કરતૂત

# વીમાના પૈસા હડપવા માટે બાપને ઠેકાણે લગાવી દીધા

## હત્યાનું ષડયંત્ર રચનારા શખ્સનો ભાંડાફોડ ૬ મહિના બાદ થયો હતો : પોલીસની સામે તેની એક પણ ચાલાકી કામમાં ન આવી



। (એજન્સી) કલબુર્ગી, તા.૯ ।

કપાતર દીકરાની કરતૂત સામે આવી છે. વીમાના પૈસા હડપવા માટે સગા બાપને ઠેકાણે લગાવી દીધા હતાં. પૈસાની લાલચમાં આવીને કેટલાય લોકો અનેક પ્રકારના ગુનાઓ કરી નાખતા હોય છે પણ પૈસાની લાલચમાં આવીને એક દીકરાએ ખતરનાક પગલું ઉઠાવી લીધું. બાપની હત્યાનું ષડયંત્ર રચનારા શખ્સનો ભાંડાફોડ ૬ મહિના બાદ થયો છે. પોલીસની સામે તેની એક પણ ચાલાકી કામમાં ન આવી અને તે ત્રણ અન્ય લોકો સાથે જેલમાં છે. આ કિસ્સો કર્ણાટકના કલબુર્ગીનો છે. છ મહિના પહેલા થયેલી એક દુર્ઘટનામાં કલિંગ રાવ નામના શખ્સનું મૃત્યુ થઈ ગયું હતું. શરુઆતમાં તેને હિટ એન્ડ રન માનવામાં આવતું હતું. રાવનો દીકરો સતીશ પણ ઘટનાસ્થળ પર હતો, પણ તેનો જીવ બચી ગયો હતો. સતીશે મદબૂલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી કે અજાણ્યા વાહનચાલકે તેમને ટક્કર મારી દીધી. તપાસમાં પોલીસે ટીમ પણ બનાવી અને સતીશ સાથે પૂછપરછ કરવા માટે તેને બોલાવ્યો હતો. એસપીએ કહ્યું કે, સતીશ ઘણી વાર આવ્યો પણ એવું કેટલીય વાર બન્યું છે તે નથી આવ્યો. સતીશનું નિવેદન અને દુર્ઘટનાસ્થળ પર શંકા થવા પર પોલીસે અરુણની ધરપકડ કરી, કડકાઈથી પૂછપરછ કરી તો તેણે તમામ ખુલાસા કરી દીધા. સતીશે જણાવ્યું કે, તેણે પોતાના પતિ કલિંગ રાવને ખતમ કરવા માટે અરુણ, રાકેશ અને યુવરાજને તૈયાર કર્યા અને ૫ લાખ રુપિયાની ઓફર આપી. ગત વર્ષે જૂલાઈમાં સતીશ પોતાના પિતાની લોન અપાવવાના બહાને સ્કૂટર પર લઈને નીકળ્યો અને રસ્તામાં બેન્નૂર ક્રોસ નજીક સતીશે રોડની સાઈડમાં સ્કૂટર રોકી દીધું. પ્લાન અનુસાર ટ્રેક્ટરે કલિંગ રાવને કચડી નાખ્યો અને ભાગી નીકળ્યા. પોલીસના જણાવ્યા અનુસાર, સતીશ આદર્શ નગરમાં હોટલ ચલાવવાનું કામ કરતો હતો, પણ હોટલ વ્યવસાયને ઠીક ચલાવવામાં અસમર્થ હોવાના કારણે ખૂબ જ દેવું થઈ ગયું હતું. દેવું ચુકવવા માટે તેના પર પ્રેશર હતું. ત્યાર બાદ હોટલમાં કામ કરનારા અરુણે તેના પિતાની હત્યા કરી વીમો હડપવાનો પ્લાન બતાવ્યો. સતીશ તેના પર રાજી થઈ ગયો અને તેના પિતાની હત્યાને દુર્ઘટના બતાવવા માટે કાવતરું રચ્યું.

## તંત્રી લેખ...

# વિવાદોમાં ઘેરાઈ ફિલ્મ ઈમરજન્સી

કંગના રણૌત ફિલ્મ 'ઈમરજન્સી'થી બીજીવાર એકલા હાથે પ્રોડક્શન-ડિરેક્શન કરી રહી છે. આ પહેલાં એક્ટ્રેસની હોમ પ્રોડક્શન ફિલ્મ મણિકર્ણિકા હતી. હાલ કંગનાને પોતાની ફિલ્મ ઈમરજન્સીને લઈને અનેક વિવાદોનો સામનો કરવો પડી રહ્યો છે, જેનાથી કંટાળી એક્ટ્રેસે કહી દીધું કે, આ ફિલ્મથી મને મોટો પાઠ ભણવા મળ્યો છે. હવે હું ક્યારેય રાજકીય ફિલ્મ નહીં બનાવું. ઈમરજન્સી ફિલ્મ ગત વર્ષે ૨૦૨૪ના સપ્ટેમ્બર મહિનામાં રિલીઝ થવાની હતી. પરંતુ, દેશના પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીની બાયોપિક હોવાના કારણે ફિલ્મના કોન્ટેન્ટ પર ઘણાં પ્રકારના વાંધા ઊઠાવવામાં આવ્યા હતાં. ફિલ્મને લઈને સેન્સર બોર્ડ પાસેથી સર્ટિફિકેટ મળવા બાબતે પણ વિવાદ થયો હતો. અનેક પ્રકારની મુશ્કેલીઓ પાર કરીને અંતે ફિલ્મને ૧૭ જાન્યુઆરીની રિલીઝ ડેટ મળી છે. કંગનાએ પોતાની ફિલ્મ વિશે વાત કરતા કહ્યું કે, મને આ ફિલ્મથી પાઠ ભણવા મળ્યો છે. હું હવે ક્યારેય કોઈ રાજકીય ફિલ્મ નહીં બનાવું. હવે મને સમજ પડી ગઈ કે, મોટાભાગના લોકો આવી ફિલ્મો કેમ નથી બનાવતા? ખાસ કરીને વાસ્તવિક જીવનના પાત્રો પર. મને લાગે છે કે, અનુપમ ખેરે મનમોહન સિંહના રૂપે 'ધ એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર' માં કામ કરીને કમાલ કરી છે. આ તેમના સર્વશ્રેષ્ઠ એક્ટમાંથી એક છે. પરંતુ, જો તમે મને પૂછો, તો હું આને ફરી ક્યારેય નહીં બનાવું. ઈમરજન્સીની મેકિંગ દરમિયાન પણ મને ઘણી તકલીફોનો સામનો કરવો પડ્યો, પરંતુ મેં ક્યારેય તેને મારા કામની આડે ન આવવા દીધી. મેં આ સેટ પર હંમેશા સંયમ બનાવીને રાખ્યો. જો તમે પ્રોડ્યુસર છો, તો તમે કોના પર ગુસ્સો કાઢશો? એક ડિરેક્ટરના રૂપે, તમે પ્રોડ્યુસર સાથે લડી શકો છો, પરંતુ જો બંને ભૂમિકા તમે જ ભજવી રહ્યા છો, તો તમે કોની સાથે લડશો? હું જોશથી કહેવા ઈચ્છતી હતી કે, મને હજુ પૈસા જોઈએ છે અને હું ખુશ નથી. પરંતુ હું ક્યાં જઈને રડું? કોને કહું? કંગનાએ આ વિશે વધુ વાત કરતા કહ્યું કે, 'ગુસ્સો અને લાચારી હંમેશા મને ઘેરી લેતી. હું મહામારી દરમિયાન શૂટિંગ કરી રહી હતી. મારી પાસે મારૂ ઈન્ટરનેશનલ ગ્રુપ પણ હતું અને તે ખૂબ જ કડક માનવામાં આવે છે. તેમની પાસે કડક કોન્ટ્રાક્ટર હતાં અને દર અઠવાડિયાના અંતે મારે તેમને પૈસા ચૂકવવા પડતાં. કારણકે, તેઓ મારી ફિલ્મ માટે નક્કી હતાં. શૂટિંગ ન થયું હોય તો પણ મારે તેમને પેમેન્ટ કરવું પડતું. બાદમાં આસામમાં પૂર આવી ગયું.

## પોતાના જ સાંસદોનો વિશ્વાસ ગુમાવી બેઠા ટ્રુડો

જસ્ટિન ટ્રુડોના ખરાબ દિવસો ચાલુ થઈ ગયા છે. લિબરલ પાર્ટીના નેતા અને કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ પોતાના રાજીનામાની જાહેરાત કરી દીધી છે. તેમની ખુરસી સંભાળનારનું નામ ફાઈનલ થતાં સુધી તેઓ પદ પર બની રહેશે. બુધવારે રાષ્ટ્રીય કોકસની બેઠક પહેલાં તેમણે પોતાની વધીઘટી ઈજ્જત બચાવી લીધી. ટ્રુડો એક નિષ્ફળ વડાપ્રધાન સાબિત થયા છે. તેમને કારણે લિબરલ પાર્ટીને ચૂંટણીમાં મતદારો વચ્ચે ઉતરવું મુશ્કેલ સાબિત થઈ રહ્યું છે. હવે એ ચહેરાની શોધ છે જેને આગળ કરીને સામાન્ય ચૂંટણી લડાવી શકાય. ટ્રુડો નાણાંમંત્રી ડોમિનિક લેબ્લાંક સાથે ચર્ચા કરી, કે શું તે વચગાળાના નેતા અને વડાપ્રધાન રૂપે પદભાર સંભાળવા માટે તૈયાર થશે? ડોમિનિક લેબ્લાંક તરફથી એવો કોઈ સંકેત નથી મળ્યો કે તેઓ આ જવાબદારી સંભાળવા જઈ રહ્યા છે. લિબરલ પાર્ટીને નેતૃત્વ આપવા માટે જે સંભવિત દાવેદાર છે, તેમાં ક્રિસ્ટિયા ફ્રીલેન્ડને પણ આગળ કરાય છે. પૂર્વ આવાસ મંત્રી સીન ફ્રેઝર, વિદેશ મંત્રી મેલાની જોલી, નવાચાર મંત્રી ફ્રાંસ્વા-ફિલિપ શેમ્પેન, પરિવહન મંત્રી અનિતા આનંદ, પૂર્વ કેન્દ્રીય બેંકર માર્ક કાર્ની અને પૂર્વ બી.સી. પ્રીમિયર ક્રિસ્ટી ક્લાર્ક જેવા નામ પણ સામે આવવા લાગ્યા છે. કેનેડાની સત્તાના વર્તુળોમાં ભૂકંપનું કારણ સર્વેક્ષણ પણ રહ્યું. છેલ્લા એક વર્ષના સર્વેક્ષણથી ખબર પડી છે કે કન્ઝર્વેટિવ્સને સત્તારૂઢ લિબરલ્સના મુકાબલે બેવડા અંકોની સરસાઈ હાંસલ છે. વીતેલા શુક્રવારે જારી 'એંગસ રીડ સર્વેક્ષણ'થી ખબર પડે છે કે જસ્ટિન ટ્રુડોના નેતૃત્વમાં લિબરલ પાર્ટીને માત્ર ૧૩ ટકા મતદારોનું સમર્થન પ્રાપ્ત છે, પરંતુ જો કોઈ નવો નેતા આવે તો આ સંખ્યા બદલાઈ શકે છે. દાખલા તરીકે નાણાં મંત્રી પદેથી રાજીનામું આપી ચૂકેલાં સુશ્રી ફ્રીલેન્ડ જો સત્તા સંભાળે તો ૨૧ ટકા મતદારો લિબરલ પાર્ટી માટે મતદાન કરશે, જે સર્વે દ્વારા શોધવામાં આવેલ લીડ ઉમેદવારોમાં સૌથી વધુ સંક્યા છે. 'એંગસ રીડ'એ ૨૭ ડિસેમ્બરથી મંગળવાર ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી ૨૪૦૬ કેનેડિયન વયસ્કો વચ્ચે ઓનલાઈન સર્વેક્ષણ કર્યું, જે એંગસ રીડ ફોરમના સદસ્ય છે. તેના પરિણામના હવાલાથી ક્રિસ્ટિયા ફ્રીલેન્ડને ફ્રન્ટ રનર મનાય છે. કેનેડામાં સંસદીય ચૂંટણી ૨૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ નિર્ધારિત છે. પરંતુ ટ્રુડોની સત્તામાં સહયોગી રહેલી 'એનડીપી'નું સમર્થન પાછું ખેંચવાનો મતલબછે કે ચૂંટણી કદાચ બહુ પહેલાં થઈ જાય. જો ચૂંટણી પહેલાં કરાવવી હોય તો સંસદની અનુમતિ જોઈએ. કેટલાય લિબરલ સાંસદ નાણાં મંત્રી રૂપે ક્રિસ્ટિયા ફ્રીલેન્ડના પ્રદર્શનથી નાખુશ હતા અને તેમને બદલવાની તરફેણ કરતા હતા. ક્રિસ્ટિયાના રાજીનામા બાદ, બંદૂકો ટ્રુડો વિરુદ્ઘ તણાઈ ગઈ. છેલ્લા કેટલાક અઠવાડિયામાં ક્ષેત્રીય કોકસની બેઠકો અને લિબરલ સાંસદોની પ્રતિક્રિયાઓને જોઈને લાગવા માંડ્યું છે કે વડાપ્રધાન ટ્રુડો પાસે હવે ટીમ નથી. ટ્રુડો એમ કહેવાની હાલતમાં પણ નથી કે તેમની છબિ ખરાબ કરવામાં ભારત અને ચીને કાવતરું રચ્યું છે. કેનેડાની સંસદમાં બે સદન છે. નીચલું સદન 'હાઉસ ઓફ કોમન્સ'માં ૩૩૮ સદસ્ય છે, જે એકલ સીટવાળા ચૂંટણી ક્ષેત્રોમાં વધુમાં વધુ ચાર વર્ષના કાર્યકાળ માટે ચૂંટાય છે. બીજું છે સેનેટ, જેના ૧૦૫ સદસ્ય વડાપ્રધાનની સલાહ પર ગવર્નર જનરલ દ્વારા નિયુક્ત કરવામાં આવે છે. સંસદમાં સામાન્ય રીતે કેટલીય પાર્ટીઓનું પ્રતિનિધિત્વ દેખાયછે, પરંતુ કેનેડામાં બે મુખ્ય રાજકીય પાર્ટીઓ, 'લિબરલ' અને 'કંઝર્વેટિવ'નો દબદબો બની રહે છે. ટ્રુડોના ખરાબ દિવસો ઓક્ટોબર ૨૦૨૪થી શરૂ થયા જ્યારે તેમની જ પાર્ટીના બે ડઝન સાંસદોએ તેમના રાજીનામાની માંગ કરી દીધી. ક્રિસમસ આવતાં -આવતાં પાર્ટીની અંદર વિપ્લવી સાંસદોની સંખ્યા ૭૦થી ઉપર પહોંચી ગઈ. આ સંકટ વધુ ઘેરાયું જ્યારે ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે નાણાં મંત્રી અને નાયબ વડાપ્રધાન પદેથી અચાનક રાજીનામું આપી દીધું. ક્રિસ્ટિયાએ એ દિવસે પદ છોડ્યું, જે દિવસે તેમણે પોતાનું આર્થિક અને રાજકોષીય અપડેટ આપવાનું હતું. જીએસટી અવકાશ અને ૨૫૦ ડોલરની છૂટ જેવા ખર્ચનાં ગતકડાં પર તેમણે ચિંતા વ્યક્ત કરી અને સંભવિત ટ્રમ્પ ટેરિફનો સામનો કરવામાં ગંભીરતાની કમીનો હવાલો આપ્યો. આ કાંડ બાદથી એટલાન્ટિક, ઓન્ટારિયો અને ક્યૂબેક કોકસે સંકેત આપ્યા છે કે તેમના મોટાભાગના સદસ્યો હવે ટ્રુડોના શીર્ષ પર રહેવાનું સમર્થન નથી કરતા.

### મહાભારતમાં એક ધૃત સભા જુગાર રમવાની સભા, એ હંમેશા તમોગુણ પ્રધાન હોય છે, ધર્મ સભા સત્વગુણ પ્રધાન હોય છે

# શહીદની પરખ શું છે! ખુદમાં શ્રદ્ધા, રાષ્ટ્રમાં વિશ્વાસ અને આંતર નાદ અને અભિમુખતા



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**લક્ષ્મણ રામ રામ રતનાર તો કેવલ એકમાત્ર સીતા હતી પંચવટીમાં બાકી તો ચારે બાજુ અસુર મુનીજનો થોડા અભય થયા હતા પણ છતાંય ઉચ્ચાર કરીને બોલતા નહોતા કારણ કે રાવણની નજર ચારે બાજુ હતી, સીતા વગર તો કોઈ રામરામ બોલે નહીં અને સીતા તો છે નહીં! તું તપાસ કર! લક્ષ્મણ અવાજની દિશામાં તપાસ કરવા જાય છે અને નિહાળે છે કે જટાયુ નામના ગીત રક્ત રંજિત થઈને પડ્યા છે.**

માનસ શહીદની સાતમા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે રામાયણમાં જટાયુ શું છે? એ જાણવામાં રુચિ હોય એ એક વખત અધ્યાત્મ રામાયણનું દર્શન પણ કરી લે. આ કથાનું પ્રધાન ચરિત્ર કે જે વિશ્વનો પ્રથમ શહીદ છે એ જટાયુ ના સંદર્ભમાં આપણે વાત કરી રહ્યા છીએ ત્યારે મૂળમાં તો આપણે વાલ્મિકી અને વ્યાસ ને જ પુછવું પડે. રામ અને લક્ષ્મણ જ્યારે સીતાજી ની શોધમાં નીકળ્યા ત્યારે એકબીજા સાથે વાત કરતા હતા, અને ત્યારે ભગવાન રામ લક્ષ્મણને કહે છે કે તું સીતાજીને એકલા મૂકીને આવ્યો અને હવે આશ્રમમાં નથી ક્યાં શોધીશું આપણે? ત્યારે લક્ષ્મણજી કહે છે કે પ્રભુ આપ તો બ્રહ્મ છો આપને તો ખબર જ હોય આ શોદ આખો જ એ તો કેવળ આપની લીલા છે ભગવાન હશે અને કહ્યું કે હા હું તને સંકેત કરું છું કે સીતા અત્યારે આશ્રમમાં નથી, બાકી મને જાણ એ તો સત્ય છે જ! સીતાજી ને રાવણ લઈ ગયો પણ તો એ છે ક્યાં કઈ અંતરિયાળ છે એની નગરીમાં લઈ ગયો કે એના મહેલમાં છે સીતા છે ક્યાં?: લક્ષ્મણજી ને ચિંતા થઈ ગઈ કે આશ્રમમાં નથી તો મારી મા ક્યાં છે ક્યાં શોધીશું? ત્યારે ભગવાન કહે છે કે મમ મન સીતા! સીતા મારા મનમાં છે મારા મનની બહાર હોય એનું કોઈ અપહરણ કરી જાય પણ જે મારા મનમાં હોય એનું કોઈની તાકાત નથી કે અપહરણ કરી શકે.

**તત્વ પ્રેમ કર મન અરુ તોરા,**
**જાનત પ્રિયા એક મન મોરા.**
**સો મનુ સદા રહત તોહિ પાહિ,**
**જાનુ પ્રીતિ રસુ એતનેહિ માહિ.**

રામજી કહે છે લક્ષ્મણ રામ રામ રતનાર તો કેવલ એકમાત્ર સીતા હતી પંચવટીમાં બાકી તો ચારે બાજુ અસુર મુનીજનો થોડા અભય થયા હતા પણ છતાંય ઉચ્ચાર કરીને બોલતા નહોતા કારણ કે રાવણની નજર ચારે બાજુ હતી. સીતા વગર તો કોઈ રામરામ બોલે નહીં અને સીતા તો છે નહીં! તું તપાસ કર! લક્ષ્મણ અવાજની દિશામાં તપાસ કરવા જાય છે અને નિહાળે છે કે જટાયુ નામના ગીત રક્ત રંજિત થઈને પડ્યા છે. રામજીને લઈને લક્ષ્મણજી જ્યારે આવે છે ત્યારે વાલ્મિકીજીનો જેટાયુ છે પોતાની ડોક ઉચી કરી ને રામ અને લક્ષ્મણને આયુષ્માન પધારો આયુષ્યમાન પધારો હે દીર્ઘ જેવી એ ચિરંજીવી પધારો આવા આશીર્વાદ આપે છે આ આશીર્વાદ બાપ જ આપી શકે. પછી કહે છે વનની અંદર કોઈ ઔષધી શોધતું હોય એમ તમે કઈ ઔષધીને શોધવા નીકળ્યા છો? રામજી કહે છે મહારાજ મારે કોઈ ઔષધી શોધવાની નથી હું અને મારો ભાઈ એક ઔષધીને શોધવા નીકળ્યા છીએ અને ઔષધીનું નામ છે ભક્તિ! અમારી ભક્તિરૂપી ઔષધી ખોવાઈ ગઈ છે. ભક્તિ એ સૌથી શ્રેષ્ઠ ઔષધી છે અને મારો કોઈ



આગ્રહ નથી કે તમે રામ નામ જ લો તમારી રુચિ હોય એ હરિ નામ ઔષધી છે. ગંગાનું જળ પણ ઔષધી છે, તુલસીનું પત્ર પણ ઔષધી છે, જે બુદ્ધ પુરુષમાં તમારી પૂર્ણ નિષ્ઠા હોય એવા સદગુરુ નું દર્શન પણ ઔષધી છે સવાલ છે વિકલ્પ રહિત વિશ્વાસનો. અમુક વસ્તુ દેખાતી નથી ગુણાતીત શ્રધ્ધાના આ સત્યો છે, આમ કહી રાજેશ મિસ્કીનને કોટ કર્યા.

**આભમાં કે દરિયામાં એક પણ કેડી નથી,**
**અર્થ એનો એ નથી કોઈએ સફર ખેડી નથી.**

શહીદનાં લક્ષણ શ્રદ્ધા, વિશ્વાસ, આંતરિક પુકાર, એટલે કે આર્તનાદ અને અભિમુખતા, એટલે કે રાષ્ટ્રની વિમુખ ક્યારેય ન થાય. રામાયણમાં અમુક સભાનો ઉલ્લેખ જોવા મળે છે, બ્રહ્મ સભા,

**બ્રહ્મસભાં હમ સન દુઃખ માના,**
**તેહિ તે અજહું કરહિ અપમાના.**

શંકર કહે છે કે એક વખત બ્રહ્મસભામાં અમે બધાં બેઠા હતાં, અને મારા સસરાજી દક્ષ મહારાજ પધાર્યા, બધાં ઉભા થયાં પણ મારું ધ્યાન ન હોવાથી હું ઉભો થયો નહીં. એમાં એને વસમું લાગ્યું , ત્યારે બ્રહ્મસભાનો ઉલ્લેખ છે.

**એક સમય સબ સહિત સમાજા,**
**રાજસભા રઘુરાજુ બિરાજા.**

મહારાજ દશરથજી એક વખત રાજસભામાં બેઠાં છે, અરીસામાં મોઢું જોયું, કે વાળમાં સફેદી દેખાઈ કથા આપ જાણો છો!

**સંતસભા ચહું દિસિ અવરાઈ,**
**શ્રદ્ધા રિતુ બસંત સબ ગાઈ.**

સંતસભા એ પણ એક સભા છે, જેમાં આધ્યાત્મિક ચર્ચાઓ થતી હોય, મહાત્માઓ મંચ પર હોય, વડીલો હોય, આચાર્યો હોય, ત્યારે એને ધર્મ સભા પણ કહીએ છીએ. મહાભારતમાં એક ધૃત સભા જુગાર રમવાની સભા, એ હંમેશા તમોગુણ પ્રધાન હોય છે. ધર્મ સભા સત્વગુણ પ્રધાન હોય છે, પણ ઘણીવાર ધર્મ સભા પણ તમોગુણી થતી હોય છે. બ્રહ્મ સભા કે જ્યાં બ્રહ્મની ચર્ચા બ્રહ્મ નિરુપણ ધર્મવિધ આવી બધી ચર્ચાઓ થાય. રાજસભામાં રજોગુણી ચર્ચા કરવામાં આવે છે, એમાં પોતાના હિતની વાત કરવામાં આવે છે. દશરથના મૃત્યુ પછી અયોધ્યામાં પણ એક સભા ભરાઈ હતી, પ્રજા ઈચ્છતી હતી કે ભરત સમજી જાય તો સારું! મહાભારતની ધૃત સભા કે લંકામાં રાવણની સભા તમોગુણી છે. રામચરિત માનસમાં એક સભા છે જેને તલગાજરડુ પ્રેમસભા નામ આપે છે, અને એ છે ચિત્રકૂટની સભા, ચિત્રકૂટમાં સંવાદ રચાયો, એ ધર્મ સભા પણ છે, રજોગુણી વાત પણ છે, પોતપોતાનાં આગ્રહોની વાત પણ આવી છે. ક્યાંય તમોગુણ નથી, પણ કૈકેયીને દોષ આપવાની અપ્રગટ વાતો નીકળે છે જે થોડી તામસતા છે. શહીદોની પરખ શું? જેને પોતાની શક્તિ ઉપર શ્રદ્ધા છે એ શહીદ, જેને પોતાના રાષ્ટ્ર પર પ્રિત અને ભરોસો હોય એ અમારું પીઠબળ, અને ગહન આર્ત નાદ એ પણ શહીદ નું લક્ષણ છે. અભિમુખતા. જટાયુ નજીક આવતા રાવણ તેને ઓળખી જાય છે, અને કહે છે આ તો ઘરડો જટાયુ છે! એને એમ થાય છે કે આને તો હું ચપટી ભરમાં પતાવી દઈશ. મમ કર તીરથ છાંડહિ દેહા. જટાયુ તો મારા હાથનાં તીરથ માં પ્રાણ છોડવા આવ્યો છે. કોઈ માણસ તીરથ એટલે કાશીમાં પોતાના પ્રાણ ત્યાગવાનુ નક્કી કરે એમ જટાયુ મારા હાથ માં પ્રાણ ત્યાગવા આવ્યો છે. રાવણ વેદ વિદ્વાન છે એમાં કોઈ બેમત નથી! પણ આ એક તામસી અહંકાર નું પ્રમાણ છે. પણ રાવણ કહે છે એટલે ત્યારે બીજો અર્થ પણ વિચારવો પડે કે સીતા એટલે ભક્તિ! સીતા એટલે શાંતિ! એટલે કે જેણે ભક્તિ ને પકડી કે શાંતિ ને પકડવાની કોશિશ કરી! એટલે કે એની છાયા પકડી હશે એ હાથ તીરથ છે, આ અર્થ યથાર્થ છે. કથાના ક્રમમાં ભગવાન રામનો જન્મ મહોત્સવ ઉજવ્યો, જેમ કૌશલ્યા એ રામને જન્મ આપ્યો એમ કૈકેયીએ પુત્રને જન્મ આપ્યો, સુમિત્રાએ બે પુત્રોને જન્મ આપ્યો. આમ આનંદ ચાર ગણો થયો. એક મહિના સુધી ઉત્સવ ચાલ્યો. કુલગુરુ વશિષ્ઠ એ પુત્રોનું નામકરણ કર્યું કૌશલ્યા નંદન નું નામ આનંદ સિધું નું રામ રાખ્યું, જેનું નામ લેવાથી જગતને આરામ વિરામ અને વિશ્રામ પ્રાપ્ત થશે. મહારાણી કૈકેયીની ગોદમાં જે બાળક છે એનો અણસાર રામ જેવો છે એનું નામ ભરત જેના નામથી વિશ્વનું ભરણ પોષણ થશે! સુમિત્રા ના બે પુત્રો મા એક જેનું નામ લેવાથી શત્રુતા નાશ પામે છે, વેરી નહીં વેર નું શમન થાય છે, એ શત્રુઘ્ન. સુમિત્રા નાં બીજા પુત્ર કે જે સદ લક્ષણોનું ધામ છે, રામનું અત્યંત પ્રિય પાત્ર છે, શેષ નારાયણ નો અવતાર છે, માટે જગતનું ધારક તત્વ છે, એનું નામ લક્ષ્મણ રાખું છું. અયોધ્યામાં રાજકુમારો મોટા થાય છે, સંસ્કૃતિ ના રક્ષણ માટે વિશ્વામિત્ર લઈ જાય છે, અને ભગવાન તાડકાનો વધ કરે છે, મારિચને લીલા માટે ફણા વગરનું બાણ મારે છે. અહલ્યા ઉદ્ધાર કરી પ્રભુ જનકપુર આવે છે અને રાજા જનક સૌનું સ્વાગત કરે છે, અને સુંદર સદનમાં ઉતારો આપે છે, આમ કહી સાતમા દિવસની કથાનો વિરામ આપે છે.

### પરમાત્મા પૂર્ણ નિષ્કામ હોવાથી પરમાત્માને અર્પણ કરેલો કામ નિષ્કામ બન્યો, કામનો જન્મ રજોગુણથી થાય છે

# ઈશ્વર નિરાકાર નિર્વિકલ્પ છે અને માયા ક્રિયા કરે છે તે સિદ્ધાંત પણ દિવ્ય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**કોઈ પણ ભાવથી પરંતુ એક પરમાત્મામાં જ મન એકાકાર થવું જોઇએ, કોઈ પણ ભાવથી નારદ જી કહે, નવાઈ લાગે એવી વાત છે પણ એ સમજવા માટે પરમાત્મામાં તન્મય થવાની એટલે ભક્તિ થી કે પછી દ્વેષથી, ભક્તિથી ઈશ્વરમાં મન જોડીને ઘણા મનુષ્યો પરમાત્માની ગતિને કોઈપણ ભાવથી જીવ પ્રભુ પામ્યા છે.**


આપણે ભગવદ્ ગીતા જ્ઞાનનું ઝરણું વહેતું રાખવું છે. ભગવદ્ ગીતા કહયું છે કે ઈશ્વર લીલા કરે છે એ વાત પણ સાચી. જે ક્રિયામાં ક્રિયાનું અભિમાનનથી તે લીલા કેશ્વર સ્વેચ્છાથી લીલા કરે છે.'હું કરું છું'એવી ભાવના વગર નિષ્કામ ભાવથી જે ક્રિયા કરવામાં આવે તે લીલા. શ્રીકૃષ્ણની લીલા કહેવાય. ઈશ્વરને કોઈ ઈચ્છા નથી. કનૈયો ચોરી કરે છે તે બીજાને માટે. ક્રિયા બાંધે છે પણ લીલા મુક્ત કરે છે. જીવ કરે છેતે ક્રિયા પાછળ સ્વાર્થ વાસના અને હું કરું છું તેવું અભિમાન છે તેથી તે ક્રિયા છે, તે બંધનકર્તા છે. બંને સિદ્ધાંતો સાચા છે. ઈશ્વર નિરાકાર નિર્વિકલ્પ છે અને માયા ક્રિયા કરે છે તે સિદ્ધાંત પણ દિવ્ય છે. ઈશ્વર કાંઈ કરતા નથી પણ તેમાં ક્રિયાનો આરોપ કરવામાં આવે છે. ઈશ્વરમાં વિષમતા માયા થી ભાસે છે. ઈશ્વર પરિપૂર્ણ સમ છે.પરમાત્મા સમ છે, જગત વિષમ છે. સમતા ઈશ્વરની છેને વિષમતા છે તે માયાની છે. ઈશ્વર તો સમ છે, પણ માયાથી ઈશ્વરમાં વિષમતા દેખાય છે. ઈશ્વરના અધિષ્ઠાનમાં માયા ક્રિયા કરે છે એટલે માયા જે ક્રિયા કરે છે તેનો આરોપ ઈશ્વર ઉપર કરવામાં આવે છે. દીવો કાંઈ કરતો નથી, પણદીવો ન હોય તો કંઈ થઈ શકતું નથી. ભગવાન દૈત્યને મારતા નથી પણ તારે છે.ક્રિયામાં વિષમતા દેખાય છે, પણ ભાવમાં વિષમતા નથી. ભગવાન દૈત્યોને મારે છે, પણ ભગવાનના મારમાં પણ પ્યાર છે. વિષમતા દેખાય છે તે માત્ર માયાને લીધે છે, ખરેખર વિષમતા નથી. પ્રકૃતિના ત્રણ ગુણો છેઃસત્ત્વગુણ, રજોગુણ તથા તમો ગુણ. આત્માના નથી. પરમેશ્વર જીવના ભોગ માટે ઈચ્છે છે,ત્યારે રજો ગુણનાં બળમાં વૃદ્ધિ કરે છે.જીવો ના પાલન માટે ઈચ્છે છે ત્યારે સત્ત્વગુણના બળમાં વૃદ્ધિ કરે છે અને સંહાર કરવા ઈચ્છે છે, ત્યારે તમોગુણના બળમાં વૃદ્ધિ કરે છે. રાજસૂય યજ્ઞમાં પહેલી પૂજા શ્રીકૃષ્ણની કરવામાં આવી. પણ તે સહન ન થવાથી શિશુપાલ ભગવાનની નિંદા કરવા લાગ્યો. ભગવાને નિંદા સહન કરી પણ છેવટે તેનો વધ કર્યો. શિશુ પાલના શરીરમાંથી નીકળેલું આત્મતેજ દ્વારિકાધીશમાં લીન થયું અને તેને સદગતિ મળી. આ કોઈ યુધિષ્ઠિરને આશ્ચર્ય થયું.તેથી તેણે નારદજીને પૂછ્યું કે, શિશુપાલ તો ભગવાનનો શત્રુ હતો, જતાં એને સદગતિ કેમ મળી? તે નરકમાં કેમ ન ગયો? કોઈ પણ ભાવથી પરંતુ એક પરમાત્મામાં જ મન એકાકાર થવું જોઈએ. કોઈ પણ ભાવથી નારદ જી કહે, નવાઈ લાગે એવી



વાત છે પણ એ સમજવા માટે પરમાત્મામાં તન્મય થવાની એટલે ભક્તિથી કે પછી દ્વેષથી. ભક્તિથી ઈશ્વરમાં મન જોડીને ઘણા મનુષ્યો પરમાત્માની ગતિને કોઈપણ ભાવથી જીવ પ્રભુ પામ્યા છે. તેમ કામથી, દ્વેષથી તથા ભયથી પણ ભગવાનમાં મન જોડી અનેક મનુષ્યો સદગતિ પામ્યા છે. દૃષ્ટાંત તરીકે ગોપીઓ એ ભગવાનને મળવાની તીવ્ર કામનાથી, કંસે ભયથી, શિશુપાલ પોતાના મનને ભગવાનમાં લગાડ્યું. ધર્મરાજ યુધિષ્ઠિરે સ્નેહથી ગોપીઓ શ્રીકૃષ્ણને કામભાવથી ભજતી હતી, પણ જેનું તેઓ ધ્યાન કરે છે તે શ્રીકૃષ્ણ નિષ્કામ છે. નિષ્કામ શ્રીકૃષ્ણનું, ધ્યાન કરતાં ગોપીઓ નિષ્કામ બની. પરમાત્મા પૂર્ણ નિષ્કામ હોવાથી પરમાત્માને અર્પણ કરેલો કામ નિષ્કામ બન્યો. કામનો જન્મ રજોગુણથી થાય છે. ઈશ્વર બુદ્ધિથી પર છે. ઈશ્વર પાસે કામ જઈ શકતો નથી. સૂર્ય પાસે અંધકાર જઈ શકતો નથી, તેમ જેનું ચિંતન કરે છે તે શ્રીકૃષ્ણ નિષ્કામ હોવાથી કામભાવથી શ્રી કૃષ્ણનું ચિંતન કરનાર ગોપીઓ કામ ખોઈ બેઠી અને નિષ્કામ બની ગઈ. કંસ બીક ના લીધે તન્મય થયો હતો.તેને દેવકીનો આઠમો જ બધે દેખાય. શિશુપાલ દ્વેષથી પણ ચિંતન ભગવાનનું કરતો હતો. આમ કોઈ પણ ભાવથી ઈશ્વરમાં તન્મય થવાની જરૂર છે. હર કોઈ ઉપાયે ઈશ્વરમાં તન્મય બનો, શ્રી કૃષ્ણમાં લીન બનો. શિશુપાલ સાધારણ માનવી ન હતો, તે વિષ્ણુ ભગવાનનો પાર્ષદ હતો. જયવિજયની વાત આગળ આવી ગઈ છે. તેમાંનો એ એક છે નારદજીએ જયવિજયના ત્રણ જન્મોની કથા સંક્ષેપમાં કહી. જય વિજય પહેલા જન્મમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ થયા, બીજા જન્મમાં રાવણ કુંભ કર્ણ અને આ ત્રીજા જન્મમાં શિશુપાલ અને દતવત્ર રૂપે જન્મ્યા છે. પછી નારદજીએ હિરણ્યકશિપુ અને પ્રહલાદની કથા શરૂ કરી. દિતિના બે પુત્રો હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ. હિરણ્યાક્ષનો વધ વરાહ ભગવાને કર્યો. હવે હિરણ્યકશિપુની વાત આવે છે. ધર્મરાજા પૂછે છે, પ્રહલાદ મહાન ભગવદ ભક્ત હતો, છતાં હિરણ્યકશિપુને તેને મારવાની કેમ ઈચ્છા થઈ? નારદજી બોલ્યા, દિતિએ ભેદ બુદ્ધિ છે. ભેદબુદ્ધિમાંથી હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ જન્મે છે.મમતા અને અહંકાર જન્મે છે. આ'હું' અને'મારું' ભેદ બુદ્ધિનાં સંતાનો છે. સર્વ દુઃખનું મૂળ ભેદ બુદ્ધિ છે.સર્વ સુખનું મૂળ અભેદ ભાવ છે. અભેદભાવ શરીરથી નહીં બુદ્ધિથી થાય તો સર્વમાં સમભાવ આવે છે. અહંકારને મારવો કઠણ છે. વિવેક થી મમતાનો નાશ થઈ શકે, પરંતુ અહંભાવનો નાશ થઈ અને માયા ન અર્પણ કરનાર પોતાના હુંપણાનું પણ અર્પણ કરે તો ઠાકોરજી કૃપા કરે છે. મારામાં નથી માનવું એ પણ અભિમાન છે. આવ્યા અને હિરણ્યકશિપુ જે જગ્યાએ તપ કરવા બેઠેલો તેની નજીકના વૃક્ષ ઉપર બેસી નારાયણ નારાયણ એમ બોલવા લાગ્યા. હિરણ્યકશિપુ મંત્રનો જપ કરવા લાગે,ને સામે પોપટ નારાયણ નારાયણ બોલે. હિરણ્યકશિપુને થયું, જે વિષ્ણુને મારવા હું તપશ્ચર્યા કરું છું, તેનું આમ નામ સાંભળવું પડે એ તો અપશુકન કહેવાય. માટે આજે હું તપમાં નહીં બેસું. કંટાળીને એ ઘરે આવતો રહ્યો.પતિ તે જ દિવસે ઘરે પાછા આવ્યા તેથી કયાધુને આશ્ચર્ય થયું. પરંતુ સીધે સીધું કારણ પતિ ને પૂછાય તેમ ન હતું. કયાધુએ વિચાર્યું,યુક્તિથી કામ કરીશ તો કારણ જાણી શકાશે. પતિની ખાનગી વાત જાણવી હોય તો આ કયાધુને ગુરુ કરજો. ભોજનમાં વશીકરણ હોય છે. નોકરોને આજ્ઞા કરી,મારા પતિ દેવને માટે હું જ રસોઈ બનાવીશ. એ હતી માનસ શાસ્ત્ર જાણનારી. સ્ત્રી માત્ર આટલું માનસ શાસ્ત્ર જાણતી હોય છે કે, પતિને કેવી રીતે પ્રસન્ન કરવો. કહ્યું છે કે લોભીને દ્રવ્યથી વશ કરવો.અભિમાનીને વખાણથી વશ કરવો. ભોજે કાલિદાસને એક વખત પૂછ્યું કે, દુનિયામાં ખાંડ કરતાં ગળ્યું શું? કાલિદાસે પટ જવાબ આપ્યો કે,વખાણ! હિરણ્યકશિપુ અભિમાની હતો. કયાધુએ વખાણ શરૂ કર્યા. કહે, ઈન્દ્રચંદ્રાદિ દેવો તમારાથી થર થર કાંપે છે. આપના જેવો વીર થયો નથી અને થવાનો નથી.હું ભાગ્યશાળી કે આપ જેવા પતિ મને મળ્યા! ધારેલું કામ કર્યા વગર તમે પાછા ફરો એ બને જ નહીં. હું તો દશ હજાર વર્ષે તમારાં દર્શન થશે એવું ધારતી હતી! વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે શાકંભરી નવરાત્રિમાં ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી કંઈક મેળવવા પ્રયત્ન કર્યો છે તે આપ સૌને ગમ્યું હશે તેવી આશા સહ અસ્તુ.

### ગેમ ચેન્જર'નું નિર્દેશન શંકરે કર્યું છે

# રામ ચરણની 'ગેમ ચેન્જર' હિન્દી માર્કેટમાં દમ નહી બતાવી શકે છે




રામ ચરણ અને કિયારા અડવાણી સ્ટારર 'ગેમ ચેન્જર' ૧૦ જાન્યુઆરીએ વિશ્વભરના થિયેટરોમાં આવશે. આ ૨૦૨૫ ની પ્રથમ અખિલ ભારતીય ફિલ્મ છે, અને તે બોક્સ ઓફિસ પર હિટ થવાની અપેક્ષા છે. જો કે આ ફિલ્મનો બઝ હિન્દી બેલ્ટમાં કંઈ ખાસ દમ હોય તેમ લાગતું નથી. જેના કારણે એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે 'ગેમ ચેન્જર' હિન્દી વર્ઝનમાં શરૂઆતના દિવસે અજાયબીઓ કરી શકશે નહીં.ગેમ ચેન્જર'નું નિર્દેશન શંકરે કર્યું છે. શંકર અને રામચરણની આ પહેલી ફિલ્મ છે. નોંધનીય છે કે શંકરની અગાઉની 'ઈન્ડિયન ૨' બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી. આવી સ્થિતિમાં શંકર ફરી એકવાર રામ ચરણ સ્ટારર 'ગેમ ચેન્જર' સાથે મોટા પડદા પર દસ્તક આપી રહ્યા છે. જો કે, ફિલ્મની જાહેરાત ફેબ્રુઆરી ૨૦૨૧ માં કરવામાં આવી હતી અને વિવિધ કારણોસર તે ખૂબ વિલંબિત થઈ હતી. આ બધાની વચ્ચે, 'ઈન્ડિયન ૨'ના ફ્લોપ પછી, 'ગેમ ચેન્જર'ની બઝ પણ ઓછી થઈ ગઈ છે. ફિલ્મને લઈને દર્શકોમાં વધારે ઉત્તેજના નથી.'ગેમ ચેન્જર'ની પ્રી-રીલીઝ પહેલા બહુ ઓછી ચર્ચા છે. તેનું એક કારણ એ છે કે આ ફિલ્મનું પ્રમોશન અપેક્ષા મુજબ થયું નથી. 'આરઆરઆર' પછી રામ ચરણને હિન્દી માર્કેટમાં પોતાની પકડ જમાવવાની મોટી તક મળી હતી, પરંતુ તેણે આ તક ગુમાવી દીધી છે.રામ ચરણે ૨૦૧૩માં આવેલી ફિલ્મ જંજીરથી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મ એ જ નામની અમિતાભ બચ્ચનની કલ્ટ ક્લાસિકની રિમેક હતી. રામ ચરણની 'જંજીર'માં પ્રિયંકા ચોપરા અને સંજય દત્તે પણ મહત્વની ભૂમિકાઓ ભજવી હતી. જો કે, રિલીઝ થયા પછી, ફિલ્મને મોટાભાગે નકારાત્મક સમીક્ષાઓ મળી અને તે ભારતીય બોક્સ ઓફિસ પર આપત્તિ સાબિત થઈ. 'જંજીર'એ ભારતીય બોક્સ ઓફિસ પર ૩.૫૦ કરોડની કમાણી કરી હતી.તે જ સમયે, રામ ચરણના 'ગેમ ચેન્જર'ને તેના હિન્દી-ડબ કરેલ સંસ્કરણમાં તેના ૧૧ વર્ષ જૂના 'ઝંજીર'ના ઓપનિંગ ડે કલેક્શન જેટલું કલેક્ટ કરવું પણ મુશ્કેલ લાગી રહ્યું છે. હાલના બઝને જોતા, 'ગેમ ચેન્જર'ની હિન્દી ઓપનિંગ ૨-૩ કરોડ રૂપિયાની લાગે છે. જો કે આખરી આંકડા ફિલ્મ રીલીઝ થયા બાદ જ જાણવા મળશે.

### પ્રીતિશ નંદી સાંસદ પણ રહ્યા હતા

# ફિલ્મ મેકર પ્રીતિશનું ૭૩ વર્ષની વયે નિધન

જાણીતા ફિલ્મ નિર્માતા, કવિ અને લેખક પ્રીતિશ નંદીનું નિધન થયું છે. તેમણે ૭૩ વર્ષની વયે મુંબઈમાં અંતિમ શ્વાસ લીધા. ફિલ્મ મેકરના નિધનની માહિતી તેમના પુત્ર કુશન નંદીએ આપી છે. ફિલ્મી હસ્તીઓ અને તેમના ફેન્સ દુઃખ વ્યક્ત કરી રહ્યા છે.અનુપમ ખેરે 'X' લખ્યું છે કે, 'મારા સૌથી પ્રિય અને નજીકના મિત્રોમાંના એક પ્રિતેશ નંદીના નિધન વિશે જાણીને હું ખૂબ જ દુઃખી અને આઘાતમાં છું. એક અદ્ભુત કવિ, લેખક, ફિલ્મ નિર્માતા અને એક બહાદુર અને અનન્ય સંપાદક અને પત્રકાર, તેઓ મુંબઈમાં મારા શરૂઆતના દિવસોમાં મારી સપોર્ટ સિસ્ટમ અને શક્તિનો મોટો સ્ત્રોત હતા. પ્રિતીશ નંદીને વર્ષ ૧૯૭૭ માં ભારતીય સાહિત્યમાં યોગદાન આપવા બદલ પદ્મ શ્રી પુરસ્કાર એનાયત કરાયો હતો. અમે ઘણી વાતો શેર કરી.'નોંધનીય છે કે, પ્રિતીશ નંદીને વર્ષ ૧૯૭૭ માં ભારતીય સાહિત્યમાં યોગદાન આપવા બદલ પદ્મ શ્રી પુરસ્કાર એનાયત કરાયો હતો. પ્રખ્યાત લેખક પ્રીતિશ નંદીએ રાજ્યસભામાં મહારાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓ શિવસેનાની ટિકિટ પર ચૂંટાયા હતા. તેઓ છ વર્ષ સુધી સંસદના સભ્ય હતા અને સ્વતંત્રતાના ૫૦ વર્ષની ઉજવણી કરવા માટેની રાષ્ટ્રીય સમિતિ, સંરક્ષણ માટેની સંસદીય સમિતિ, સંચાર માટેની સંસદીય સમિતિ, વિદેશી બાબતોની સંસદીય સમિતિ સહિત અનેક સમિતિઓના સભ્ય પણ હતા. નંદીએ માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા સ્થાપિત ભારતના આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલના અપગ્રેડેશન માટેની નિષ્ણાત સમિતિનું નેતૃત્વ કર્યું અને ૨૦૧૧ માં માહિતી અને પ્રસારણ મંત્રાલયને પોતાના તારણો સોંપ્યા. પ્રીતિશ નંદીએ ૧૯૯૩માં પ્રિતિશ નંદી કોમ્યુનિકેશન્સની સ્થાપના કરી હતી અને તે તેના બિન-કાર્યકારી અધ્યક્ષ અને સર્જનાત્મક વડા છે. તેમની કંપનીનો પ્રથમ કાર્યક્રમ 'ધ પ્રિતિશ નંદી શો' નામનો ચેટ શો હતો જે ભારતની જાહેર પ્રસારણ ચેનલ દૂરદર્શન પર પ્રસારિત કરવામાં આવ્યો હતો. ભારતીય ટીવી પર પ્રસારિત થનારો આ પહેલો સિગ્નેચર શો હતો. ત્યારબાદ ઝી ટીવી પર ફિસ્કલ ફિટનેસઃ ધ પ્રિતેશ નંદી બિઝનેસ શો, ભારતનો પ્રથમ સાપ્તાહિક બિઝનેસ શો પ્રસારિત થયો હતો.તેમણે તેમના ફિલ્મી કરિયરમાં ઘણી યાદગાર ફિલ્મો બનાવી, જેના માટે તેમને ઘણા પુરસ્કારો પણ એનાયત કરવામાં આવ્યા. તેમની કંપની પ્રીતિશ નંદી કોમ્યુનિકેશન્સે ભારતમાં મલ્ટિપ્લેક્સ ફિલ્મ શૈલીની પહેલ કરી હતી.





### સારા અક્ષયકુમાર સાથે 'સ્કાય ફોર્સ'માં જોવા મળશે

# સારા મલ્લિકાર્જૂન જ્યોતિર્લિંગના દર્શને પહોચી


સારા અલી ખાન નવા વર્ષના પહેલા સોમવારે શ્રીસૈલમમાં સ્થિત મલ્લિકાર્જૂન જ્યોતિર્લિંગના દર્શન કરવા માટે પહોંચી હતી. સારા અલી ખાન નવા વર્ષના પહેલા સોમવારે શ્રીસૈલમમાં સ્થિત મલ્લિકાર્જૂન જ્યોતિર્લિંગના દર્શન કરવા માટે પહોંચી હતી, દર્શન કર્યા બાદ અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર અનેક ફોટા શેર કર્યા.બોલીવુડ અભિનેત્રી ભગવાન ભોલેનાથની મોટી ભક્ત છે. અવારનવાર તે સોશિયલ મીડિયા પર ભોલેનાથના મંદિરમાં માથું ટેકવાના ફોટા શેર કરતી રહે છે. અભિનેત્રી નવા વર્ષના પહેલા સોમવારે મહાદેવના દ્વાર પહોંચી અને માથું ટેકવ્યુ હતું.સારા અલી ખાન આ અગાઉ કેદારનાથ, ઉજ્જૈનના મહાકાળ અને વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરમાં દર્શન કરવાના ફોટા શેર કરી ચૂકી છે. અમરનાથ ગુફાના દર્શનના વીડિયો પણ તેણે શેર કરેલા છે. વર્કળન્ટની વાત કરીએ તો સારા છેલ્લે 'મર્ડર મુબારક' ફિલ્મમાં જોવા મળી હતી. સારા અલી ખાન નવા વર્ષના પહેલા સોમવારે શ્રીસૈલમમાં સ્થિત મલ્લિકાર્જૂન જયોતિર્લિંગના દર્શન કરવા માટે પહોંચી હતી. તેમાં તેની સાથે કરિશ્મા કપૂર અને વિજય વર્મા પણ હતા. આ ફિલ્મ ઓટીટી પર રિલીઝ થઈ હતી. આ ફિલ્મથી લોકોને ઘણી આશાઓ હતી. પરંતુ ફિલ્મ જોયા બાદ લોકોએ તો જાણે માથા પછાડ્યા. આ અગાઉ વિક્કી કૌશલ સાથે 'જરા હટકે જરા બચકે' ફિલ્મમાં જોવા મળી હતી. આ ફિલ્મ લોકોને પસંદ પડી હતી. જલદી સારા અક્ષયકુમાર સાથે 'સ્કાય ફોર્સ'માં જોવા મળશે. આ ફિલ્મ ૨૪ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ રિલીઝ થશે.



# અભિનેતા અમિતાભ બચ્ચન અંધશ્રદ્ધાળુ પણ છે


## અમિતાભ બચ્ચન ૮૨ વર્ષની ઉંમરે પણ તેઓ સ્ફૂર્તિ અને કામના મામલે યુવાનોને સ્પર્ધા આપી રહ્યા છે

અમિતાભ બચ્ચન ૮૨ વર્ષની ઉંમરે પણ તેઓ સ્ફૂર્તિ અને કામના મામલે યુવાનોને સ્પર્ધા આપી રહ્યા છે. તેઓ ૨૦ મિનિટ વોક કરીને જીમમાં જઈને અને પછી કસરતની સાથે યોગ કરીને પોતાને ફિટ રાખે છે. પરંતુ, તાજેતરમાં એક ફેને એક્ટરનું એક રહસ્ય જાહેર કર્યુ અને કહ્યું કે બિગ બી ફક્ત ઉત્તર તરફ મોં રાખીને ભોજન કરે છેઅમિતાભ બચ્ચન બોલિવૂડના તે મેગાસ્ટાર છે, જેમણે ઘણી આઈકોનિક ફિલ્મો આપી છે. બિગ બી સાથે કામ કરનાર કોઈપણ વ્યક્તિ સારી રીતે જાણે છે કે તે આજે પણ પોતાનું કામ કેટલી પરફેક્શનથી કરે છે. ૮૨ વર્ષના અમિતાભ હજુ પણ સ્ક્રીન પર એક્ટિવ છે. 'શોલે', 'ડોન', 'જંજીર', 'શાહશાહ'થી લઈને 'કલ્કી ૨૮૯૮ એડી' સુધી તેમણે પોતાના દમદાર અભિનયથી લોકોને ચોંકાવી દીધા છે. અમિતાભે તેમના જીવનમાં તેમના સ્વાસ્થ્ય સંબંધિત ઘણા ઉતાર-ચઢાવ જોયા. અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. પોતાની જાતને ફિટ રાખવા માટે તે ફૂડથી લઈને યોગ સુધીના દરેક બાબતમાં કડક નિયમોનું પાલન કરે છે.'કૌન બનેગા કરોડપતિ ૧૬'ના લેટેસ્ટ એપિસોડમાં, અમિતાભ બચ્ચનના પરિવાર સાથે જોડાયેલી એક રસપ્રદ વાત સામે આવી છે, જેમાં હૉટ સીટ પર બેઠેલા સ્પર્ધક કૌશલેન્દ્ર પ્રતાપ સિંહે એક પુસ્તકની ચર્ચા કરી હતી, જે મેગાસ્ટારના પિતા એટલે કે હરિવંશ રાય બચ્ચને લખી હતી. આમાં તેણે કહ્યું હતું કે, બચ્ચન પરિવાર હંમેશા સાથે જમે છે અને ડાઈનિંગ ટેબલની દિશા ઉત્તર તરફ હોય છે.કૌશલેન્દ્ર પ્રતાપ સિંહે જણાવ્યું કે, તેમણે હરિવંશ રાય બચ્ચનનું એક પુસ્તક વાંચ્યું હતું. જેમાં તેમણે પોતાના પરિવાર વિશે કંઈક ઉલ્લેખ કર્યો છે. હરિવંશ રાય બચ્ચને લખ્યું છે કે, 'તેમના પરિવારના તમામ સભ્યો હંમેશા સાથે જમે છે અને અમિતાભ બચ્ચન હંમેશા ડાઈનિંગ ટેબલ પર ઉત્તર તરફ મોઢું રાખીને બેસે છે.પુસ્તકમાં લખ્યું છે કે, ઉત્તર તરફ જ્ઞાન અને આધ્યાત્મિક ચેતના વધે છે. કરિયરમાં પ્રગતિ થાય છે. ઘરમાં ધન અને સમૃદ્ધિ વધે છે. માનસિક તણાવમાંથી રાહત મળે છે. બીમાર અને વૃદ્ધ લોકોના સ્વાસ્થ્યમાં સુધારો થાય છે. જ્યારે હરિવંશ રાય ઈચ્છતા હતા કે અમિતાભ બચ્ચન લાંબુ જીવન જીવે.કૌશલેન્દ્રએ કહ્યું, 'તેમણે લખ્યું હતું કે, મને સત્યની જરૂર છે પરંતુ તને (અમિતાભ) લાંબા આયુષ્યની જરૂર છે.' હરિવંશે એમ પણ લખ્યું હતું કે જ્યારે તેમણે અમિતાભની જગ્યાએ ઉત્તર તરફ મોઢું રાખીને બેસવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે બિગ બીએ તેમને કહ્યું હતું કે, 'મારે સત્યની કિંમત પર લાંબુ આયુષ્ય નથી જોઈતું.આયુર્વેદ અને વાસ્તુમાં એવું માનવામાં આવે છે કે પૂર્વ તરફ મુખ રાખીને ભોજન કરવાથી લાંબુ આયુષ્ય મળે છે, જ્યારે ઉત્તર તરફ મુખ રાખીને ભોજન કરવાથી જ્ઞાન, સત્ય અને આધ્યાત્મિક શક્તિ મળે છે. અમિતાભ બચ્ચને શોમાં કહ્યું હતું કે, 'મારા પિતા હંમેશા ઈચ્છતા હતા કે, મારું આયુષ્ય લાંબુ હોય.



### આમિર ખાને પુત્રની ફિલ્મની સફળતા માટે શુભેચ્છા પાઠવી

# 'લવયાપા' બોક્સ ઓફીસ પર સફળ રહી તો સિગરેટ છોડીશ



આમિર ખાનનો પુત્ર જુનૈદ ખાન હવે ખુશી કપૂર સાથે લવયાપામાં જોવા મળશે. હાલમાં આ આગામી ફિલ્મનું ટાઈટલ ટ્રેક રિલીઝ થઈ ગયું છે. આમિર ખાને પુત્રની ફિલ્મની સફળતા માટે શુભેચ્છા પાઠવી છે. અને સાથે એવી માનતા માની છે કે જો આ ફિલ્મ સફળ થશે તો પોતે સિગરેટ નહી પીવે. આમિર ખાન બોલિવૂડનો મિસ્ટર પરફેક્શનિસ્ટ છે. પોતાના કરિયરમાં તેણે ૩ ઈડિયટ્સ, પીકે, તારે જમીન પર અને દંગલ જેવી ઘણી બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે. જ્યારે આમિર ખાન હવે પોતાના પુત્ર જુનૈદ ખાનને સિલ્વર સ્ક્રીન પર ચમકતો જોવા માંગે છે. જુનૈદ ખાન આમિર અને રીના દત્તાનો પુત્ર છે. તેણે ૨૦૨૪માં આવેલી ફિલ્મ મહારાજથી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. આ ફિલ્મમાં તેના અભિનયના ખૂબ વખાણ થયા હતા. જુનૈદ હવે દિવંગત અભિનેત્રી શ્રીદેવીની પુત્રી ખુશી કપૂર સાથે લવયાપામાં જોવા મળશે. આવી સ્થિતિમાં આમિર ખાને પુત્રની ફિલ્મની સફળતા માટે ઈચ્છા વ્યક્ત કરી છે.જુનૈદ ખાન અને ખુશી કપૂરની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'લવયાપા'નું ટાઈટલ ટ્રેક તાજેતરમાં રિલીઝ થયું હતું અને હવે તે ધૂમ મચાવી રહ્યું છે. માત્ર ૨૪ કલાકમાં જ આ ગીતે ઈન્ટરનેટ પર ધૂમ મચાવી છે અને દરેક પ્લેટફોર્મ પર ૧૫ મિલિયન વ્યૂઝ મેળવ્યા છે, જ્યારે બધાની નજર ફિલ્મ 'લવયાપા' પર છે, આમિર ખાને એક ઈચ્છા વ્યક્ત કરી છે. તેણે કહ્યું છે કે જો તેના પુત્ર જુનૈદ ખાનની ફિલ્મ 'લવયાપા' બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કરશે તો તે ધૂમ્રપાન છોડી દેશે.એક સૂત્રએ જણાવ્યું કે આમિર ખાને પ્રતિજ્ઞા લીધી છે કે જો તેના પુત્રની ફિલ્મ 'લવયાપા' બોક્સ ઓફિસ પર સારી કમાણી કરશે તો તે ધૂમ્રપાન છોડી દેશે. આ ખરેખર એક પિતાનો તેમના પુત્ર માટેનો મધુર અને નિઃસ્વાર્થ પ્રેમ છે અને તેમની આશા છે કે તેમનો પુત્ર તેની કારકિર્દીમાં સફળતા પ્રાપ્ત કરે.હાલમાં જ એક વાતચીત દરમિયાન આમિર ખાને પણ આ ફિલ્મના વખાણ કર્યા હતા અને કહ્યું હતું કે, ''મને આ ફિલ્મ ખૂબ જ ગમી છે.

**પ્રેમના તમામ રંગોની ઉજવણી કરતી, 'લવયાપા' તમામ ઉંમરના પ્રેક્ષકો સાથે જોડાવાનું વચન આપે છે**





### કુલી'માં જોવા મળશે ફૂલ એક્શન અવતાર, ૭૦ ટકા શૂટિંગ પૂર્ણ, સત્યરાજ સાથે ૩૮ વર્ષ પછી કામ કરશે

# હવે સિલ્વર સ્ક્રીન પર ધમાલ મચાવશે અભિનેતા રજનીકાંત




રજનીકાંત તેની આગામી ફિલ્મ 'કુલી' માટે ચર્ચામાં છે. આ ફિલ્મમાં સાઉથના ઘણા સ્ટાર્સ મહત્વના રોલમાં જોવા મળશે. આ દરમિયાન રજનીકાંતે 'કુલી'ને લઈને એક મોટું અપડેટ આપ્યું છે. તેણે કહ્યું કે ફિલ્મનું ૭૦ ટકા શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે.આ દિવસોમાં સુપરસ્ટાર રજનીકાંત તેની આગામી એક્શન થ્રિલર ફિલ્મ 'કુલી'ના શૂટિંગમાં વ્યસ્ત છે. આમાં તે ફુલ એક્શન અવતારમાં જોવા મળશે. આ દરમિયાન રજનીકાંત 'કુલી'ના શૂટિંગ માટે થાઈલેન્ડ રવાના થઈ ગયા છે. પ્રખ્યાત નિર્દેશક લોકેશ કનગરાજ આ ફિલ્મ બનાવી રહ્યા છે. રજનીકાંતે હાલમાં જ તેની આગામી ફિલ્મ વિશે એક મોટું અપડેટ આપ્યું છે.રજનીકાંત થાઈલેન્ડ જવા માટે ચેન્નાઈ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. આ દરમિયાન તેમણે મીડિયા સાથે વાત કરતાં 'કુલી'ના શૂટિંગ અંગે અપડેટ આપી હતી. રજનીકાંતે જણાવ્યું કે,ફિલ્મનું ૭૦ ટકા શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. ફિલ્મનું આગામી શેડ્યૂલ ૧૩ જાન્યુઆરીથી શરૂ થશે, જે ૨૮ જાન્યુઆરી સુધી ચાલશે. આ દરમિયાન રજનીકાંતે રાજનીતિ સાથે જોડાયેલા સવાલોના જવાબ આપવાની ના પાડી દીધી હતી. રજનીકાંતની 'કુલી' એક એક્શન થ્રિલર ફિલ્મ છે. તેલુગુ સ્ટાર નાગાર્જુન, કન્નડ સ્ટાર ઉપેન્દ્ર, શિવ રાજકુમાર અને સત્યરાજ જેવા મોટા કલાકારો તેમાં જોવા મળશે. આ ફિલ્મમાં બોલિવૂડ સ્ટાર આમિર ખાન પણ કેમિયો કરતો જોવા મળશે. જોકે, મેકર્સે હજુ સુધી આ સમાચારને સમર્થન આપ્યું નથી. રજનીકાંતની આ ફિલ્મમાં શ્રુતિ હાસન, રેબા મોનિકા જોન અને જુનિયર એમજીઆર પણ મુખ્ય ભૂમિકામાં છે.આ ફિલ્મે ઘણા કારણોસર લોકોમાં રસ જગાવ્યો છે. તેમાંથી એક એ છે કે આ ફિલ્મમાં સત્યરાજ અને રજનીકાંત લગભગ ૩૮ વર્ષ પછી સાથે કામ કરતા જોવા મળશે.



**ફિલ્મનું આગામી શેડ્યૂલ ૧૩ જાન્યુઆરીથી શરૂ થવાનું છે**

### સોનુ સૂદે કહ્યું કે તેને આવું જાહેર કરવામાં પણ કોઈ પ્રકારનો વાંધો નથી

# મારા ઘરના દરવાજા કે કબાટમાં કોઈ તાળાં નથી : સોનુ

## ઘરમાં ૨૦ કરોડના ટેક્સની ગડબડના પગલે પડેલી ઇનકમટેક્સની રેડ વિશે એક ઇન્ટરવ્યૂમાં વાત કરી હતી

એક્ટર સોનુ સૂદ પેન્ડેમિક દરિયાન લોકોને મદદ કરીને ઘણો લોકપ્રિય થયો છે, તેના કારણે તેને લોકો વાસ્તવિક જીવનનો ખરો હિરો માનતા થયા છે. પેન્ડેમિક ગયા પછી પણ તેણે લોકોને મદદ કરવાનું ચાલુ રાખ્યું અને આજે પણ સેંકડો લોકો તેના ઘરે મદદની આશાએ પહોંચી જાય છે. તાજેતરમાં સોનુ સૂદે તેના ઘરમાં ૨૦ કરોડના ટેક્સની ગડબડના પગલે પડેલી ઈનકમટેક્સની રેડ વિશે એક ઈન્ટરવ્યૂમાં વાત કરી હતી. સોનુના શબ્દોમાં કહીએ તો તે સમજે છે કે ઈનકેમટેક્સના અધિકારીઓ પોતાની ફરજ નિભાવે છે અને તે જાણતો હતો કે આ પ્રક્રિયમાં સંઘર્ષનો સામનો કરવો જ પડશે.તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં સોનુ સૂદે જણાવ્યું, ''મારા ઘરમાં એક પણ કબાટમાં તાળું નથી, તે ઉપરાંત તેના ઘરનો મુખ્ય દરવાજો પણ ક્યારેય બંધ રહેતો નથી. અમે સવારે ઉઠીએ છીએ, એટલે દરવાજા ખોલી નાખીએ છીએ, જેથી જેને અંદર આવવું હોય એ આવી શકે છે. છેલ્લાં ઘણા વર્ષથી આવું જ છે. મને કેમેરા સામે આ વાત કરવામાં પણ કોઈ વાંધો નથી.''સોનુના ઘરમાં સપ્ટેમ્બર ૨૦૨૧માં જ્યારે ઈન્કમ ટેક્સના અધિકારીઓએ મુલાકાત લીધી એ દિવસ અંગે પણ તેણે વાત કરી હતી. સોનુએ ખુલાસો કર્યો હતો કે એ લોકો બધું જ જોઈ શકતાં હતાં, કારણ કે એ એમની નોકરી કરી રહ્યા હતા. એ સમયે પણ મારા ઘરની બહાર હજારો લોકો મદદ માટે લાઈનમાં ઊભાં હતાં. સોનુએ એ પણ સ્વીકાર્યું કે આ પ્રસંગ એના જીવનનો એક મહત્વનો દિવસ હતો. કોઈ પણ માર્ગમાં વિઘ્ન અને સંઘર્ષ આવવાના જ છે. તેણે કહ્યું કે ટ્રોલ અને મુશ્કેલીઓનો સામનો કરવા છતાં તેણે કામ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. તેણે કહ્યું કે સાડા ચાર વર્ષ પછી પણ લોકો મદદ માટે લાઈનો લગાવે છે, એ જ મુશ્કેલીઓ સામે ટકી રહેવાની હિંમત દર્શાવે છે.



# ઝાલોદ આઈ.સી.ડી.એસ દ્વારા પોષણ ઉત્સવ કાર્યક્રમ અંતર્ગત પૌષ્ટિક વાનગી હરીફાઈ યોજાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

આજરોજ ઘટક ૧ના તમામ સેજામાં પોષણ ઉત્સવ કાર્યક્રમ અંતર્ગત પૌષ્ટિક વાનગી હરીફાઈ યોજાઈ. જેમાં તાલુકા પંચાયત પ્રમુખ,ગામના સરપંચ, સિડીપીઓ, આરોગ્ય વિભાગમાંથી **RBSK MO**, શાળાના આચાર્ય, શાળાના શિક્ષકો, **SMC** સભ્યો,ગામના આગેવાનો, મુખ્યસેવિકા બેનો, **NNM**, સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ વગેરે હાજર રહ્યા. કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકર, કિશોરી અને માતાઓ દ્વારા જુદી જુદી વાનગીઓ મિલેટ્સ અને **THR** માંથી બનાવવામાં આવી અને સ્પર્ધામાં ભાગ લીધો.લાઈવ રશોઈ શો કરવામાં આવ્યો. પદાધિકારીઓ દ્વારા મીલેટ્સના ફાયદા અને **thr** ના ફાયદા વિશે લાભાર્થીઓને સમજ આપવામાં આવી. કુપોષણને દુર કરીને પોષણ તરફ જવા માટેનો આ એક પ્રયાસ Icsd વિભાગ દ્વારા કરવામાં આવ્યો. જેનાથી લાભાર્થીઓના પોષણ અંગેની જાગૃતિ આવે અને વધુમાં વધુ લાભાર્થી સૂપોસિત બને તે માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો.હરીફાઈમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય




નંબર મિલેટ્સ માંથી બનેલ વાનગીઓ અને thr માંથી બનેલ વાંગીઓમાંથી આમ ત્રણ ત્રણ નંબર આપવામાં આવ્યા.

# રોડ -સેફ્ટી બાબતે ઝાલોદ PSI રાઠવા સાહેબ તેમજ ડેપો મેનેજર દ્વારા ડ્રાઈવર- કંડક્ટરને માર્ગદર્શન પુર્ણ પડાયુ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

ગુજરાત સરકાર દ્વારા જાન્યુઆરીને રાષ્ટ્રીય સલામતી માસ ૨૦૨૫ તરીકે ઉજવવામાં આવી રહેલ છે. તે અન્વયે ઝાલોદ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ રાઠોડ દ્વારા ઝાલોદ ડેપોની મુલાકાત લીધી હતી. પી.એસ.આઈ રાઠોડ અને ડેપો મેનેજર મુનિયા દ્વારા સડક પર થતા અકસ્માતોની સંખ્યા ઘટાડવા માટે તેમજ સલામત રીતે વાહન ચલાવવા માટે કર્મચારીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેમજ પોતાનું વાહન શાંતિપૂર્વક ચલાવી કોઈ અકસ્માત ના થાય તે અંગેની માહિતી આપેલ હતી.

માર્ગ અકસ્માતના બનાવો ન બને તે માટે કેવી તકેદારી રાખવી તે વિશે સમજ આપવામાં આવી હતી. વાહન ચલાવતી વખતે ખોટી રીતે વાહન ઓળંગવુ નહી, ટ્રાફિકના નિયમોનું પાલન કરવું, ઓવર સ્પીડમા વાહન ન ચલાવવુ, સીટ બેલ્ટનો ઉપયોગ કરવો જેવા મુદ્દાઓ ધ્યાન રાખી વાહન ચલાવવું જેથી અકસ્માત નિવારી શકાય. દર વર્ષે વાહન અકસ્માતમા ઘણા લોકો મૃત્યુ પામે છે જેથી આપણે ડ્રાઈવ કરતા હોઈએ ત્યારે પોતાના વાહન અને સામેથી આવતા વાહન વચ્ચે ભૂલ થી પણ અકસ્માત ન સર્જાય તે માટે ટ્રાફિકના દરેક નિયમોનુ પાલન કરવું જોઈએ. દરેક વાહન ચાલક જાગૃત થાય અને વાહન ચલાવવા અંગે ના તમામ નિયમોનું પાલન કરે તેથી સહુના સહિયારા થકી રોડ પર થતા અકસ્માતો નિવારી શકાય. આમ ઝાલોદ પીએસઆઈ તેમજ ડેપો મેનેજર દ્વારા રોડ સેફટી અંગે જાગૃતિ લાવવા માટે સુંદર સમજ પુરી પાડી હતી.

# સુરત ડિસ્ટ્રીકટ ફૂટબોલ એસોસિએશન દ્વારા આયોજિત વુમન ફુટબોલ લીગનો શુભારંભ

। (માહિતી) સુરત, તા.૯ ।

ભારત સરકાર પ્રેરિત 'ખેલો ઈન્ડિયા'નું કિક ઓફ થયું છે. સુરત ડિસ્ટ્રીકટ ફૂટબોલ એસો. દ્વારા સુરત-નેરથાણના ફાઉન્ટન હેડ સ્કૂલ ગ્રાઉન્ડ ખાતે આયોજિત વુમન ફુટબોલ લીગનો શુભારંભ થયો હતો. 'ખેલો ઈન્ડિયા' અંતર્ગત ભારત સરકારના મહિલા રમત વિકાસ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને ઓલ ઈન્ડિયા ફુટબોલ એસો.ના નેજા હેઠળ આયોજિત આ લીગ ચેમ્પિયનશીપમાં અંડર ૧૫ વયજૂથ અને અંડર-૧૭વયજૂથમાં ૬ ટીમો ભાગ લઈ રહી છે. ઉદ્દઘાટન સમારોહમાંસાંસદમુકેશભાઈ દલાલ,ઓલઈન્ડિયા બીચ સોકર કમિટિ અને વાઈસ પ્રેસિડન્ટ અને ગુજરાત સ્ટેટ ફુટબોલ એસો.ના ઉપાધ્યક્ષ જિજ્ઞેશ પાટીલ, વોર્ડ નં.૯ના કોર્પોરેટર અને મનપાના પાણી સમિતિના ઉપાધ્યક્ષ કુણાલ સેલર, સુરત ડિસ્ટ્રીકટ



ફુટબોલ એસો.ના સેક્રેટરી કમલેશ સેલર, હેમુભાઈ રાંદેરિયા સહિત અગ્રણીઓ, ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા. ટુર્નામેન્ટના કન્વીનર વિશાલ સેલર, અનંતભાઈ સારંગ અને સમીર વ્યાસે ટુર્નામેન્ટ-ની વિગતો આપતા જણાવ્યું કે, આ લીગમાં ભાગ લેનાર ટીમો દરેક વૈકલ્પિક દિવસોમાં હોમ અને ડબલ લીગથી દરેક ટીમ ૧૦ મેચ રમશે. ચેમ્પયન ટીમને કેન્દ્ર સરકારની સ્પોર્ટસ ઓથોરિટી તરફથી રૂા.૫૦,૦૦૦/- અને રનર્સઅપ મહિલા ટીમોને રૂા.૩૦,૦૦૦/- ના ઈનામ અર્પણ કરવામાં આવશે.

# નર્મદા જિલ્લાના પાંચેય તાલુકાઓમાં ભાઈઓ-બહેનોની ખો-ખોની સ્પર્ધા યોજાઈ



। (માહિતી) નર્મદા, તા.૯ ।

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત નર્મદા જિલ્લા કલેક્ટરશ્રી એસ. કે.મોદીની રાહબરીમાં જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીની કચેરી દ્વારા વિવિધ તબક્કે સ્પર્ધાઓ યોજાઈ રહી છે. જે અંતર્ગત આજે તા.૯ જાન્યુઆરી-૨૦૨૫ને ગુરૂવારના રોજ નાંદોદ, તિલકવાડા, દેડીયાપાડા, સાગબારા અને ગરુડેશ્વરમાં તાલુકાકક્ષા ખેલ મહાકુંભ અંતર્ગત ખો ખોની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ખેલાડીઓએ ઉત્હાસભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે નર્મદા જિલ્લા રમતગમત અધિકારીશ્રી દિનેશભાઈ ભીલએ ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તાલુકા કક્ષાની સ્પર્ધાઓની વિજેતા ટીમો આગામી સમયમાં જિલ્લા કક્ષાએ ભાગ લેશે.

# ૧૦ અને ૧૧ જાન્યુઆરીના રોજ રેલવે ક્રોસિંગ નંબર ૨૩ (પાટડી-સલવાસ) બંધ રહેશે

। અમદાવાદ, તા.૯ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના ઝુંડ-ખારાઘોડા સ્ટેશનો વચ્ચે આવેલ રેલવે ક્રોસિંગ નંબર ૨૩ (પાટડી-સલવાસ) કિ.મી. ૫૮૮/૬-૭ સમારકામ માટે ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ સવારે ૮:૦૦ કલાકથી ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ સાંજે ૧૮:૩૦ કલાક સુધી (૨ દિવસ બંધ) રહેશે.

આ સમયગાળા દરમિયાન હળવા વાહન રેલવે ક્રોસિંગ નંબર ૨૨ (સડલા-પાટડી) થી તથા ભારે વાહન દસાડા, વિરમગામ અને માલવણથી અવરજવર કરી શકે છે.

# રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીના જન્મ દિને વલસાડમાં યોગ બાર્ડ દ્વારા વૈદિક યજ્ઞ યોજાયા



। (માહિતી) સુરત, તા.૯ ।

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શીશપાલજીના માર્ગદર્શન હેઠળ રાજ્યના ગૃહ મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના જન્મદિવસના ઉપલક્ષ્યમાં વલસાડના યોગ ટ્રેનર રાજેશ્રીબેન ટંડેલ, લીલાબેન ટંડેલ અને જીમ્મીબેન ટંડેલ દ્વારા કોસંબાના રણછોડજી મંદિરમાં બોર્ડના સાઉથ ઝોનના કો-ઓર્ડિનેટર પ્રીતિ પાંડેની અધ્યક્ષતામાં વૈદિક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યોગના સાધકોએ ઉપસ્થિત રહી વૈદિક યજ્ઞમાં આહૂતિ આપી હતી. પારડી અને વાપીમાં રાજ્ય યોગ બોર્ડ દ્વારા સંચાલિક નિઃશૂલ્ક યોગ વર્ગોમાં પણ ગૃહમંત્રીશ્રીના જન્મ દિન નિમિત્તે વૈદિક હવન કરવામાં આવ્યો હતો.

# આહવા તાલુકા પ્રાથમિક શાળા ખાતે ડાંગ જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો

। (માહિતી) ડાંગ, તા.૯ ।

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકના કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર દ્વારા પ્રેરીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ડાંગ તથા તાલુકા પ્રાથમિક શાળા આહવાના સહયોગથી આજરોજ ડાંગના પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી વિજય દેશમુખના અધ્યક્ષ સ્થાને 'ડાંગ જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ ૨૦૨૪-૨૫' યોજાયો હતો. આ પ્રંસગે મુખ્ય મહેમાન શ્રી વિજયભાઈ દેશમુખે જણાવ્યું હતું કે, શિક્ષણ એ જીવનના મુખ્ય ધારાનો ભાગ છે. જ્યારે સાંસકૃતિક પ્રવૃતિઓ, રમત ગમત વિગેરે જીવનની ગૌણ ધારાઓ છે. પરંતુ શિક્ષણની સાથે સાંસકૃતિક પ્રવૃતિઓ, રમત ગમત અને કલા જેવી બાબતો પણ જીવનમાં ખુબ જ જરૂરી છે. ત્યારે અભ્યાસની સાથે સાથે સાંસકૃતિક પ્રવૃતિઓ વિગેરે સાથે જોડાઇ આગળ વધવા માટે વિદ્યાર્થીઓને આહવાન કર્યું હતું. ડાંગના આહવા ખાતે યોજયેલ જિલ્લા કક્ષાના આ કાર્યક્રમમાં કુલ ૨૩ કૃતિઓમાં અલગ અલગ વયજુથ ધરાવતા ૧૨૦૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લિધો હતો.

### વાંસદા તાલુકાના કુરેલીયા ગામે બાગાયતી ખેડૂતો માટે સેમિનાર યોજાયો

# 'શાકભાજી પાકોની વૈજ્ઞાનિક ખેતી અને કાપણી પછીના વ્યવસ્થાપન' વિષય પર જિલ્લાકક્ષાનો સેમિનાર યોજાયો



। (માહિતી) નર્મદા, તા.૯ ।

નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, નવસારી દ્વારા વાંસદા તાલુકાના કુરેલીયા ગામ ખાતે 'શાકભાજી પાકોની વૈજ્ઞાનિક ખેતી અને કાપણી પછીના વ્યવસ્થાપન' વિષય ઉપર જિલ્લા કક્ષાનો એક દિવસીય સેમિનાર યોજાયો હતો. જેમાં વાંસદા, ચીખલી અને ખેરગામ તાલુકાના ૩૬૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પ લતાએ ઉપસ્થિત ખેડૂતોને બાગાયત ખેતી માટે માર્ગદર્શન પુરુ પાડ્યુ હતું અને શાકભાજીની ખેતીમાં વૈજ્ઞાનિકો દ્વારા જણાવ્યા મુજબ રોગ-જીવાત નિયંત્રણના પગલા લઈને નફાકારક ખેતી થાય તે માટે ભાર આપ્યો હતો.

નવસારી જિલ્લા માટે બાગાયતી પાકો વધુ અનુકૂળ હોય નાના ખેડૂતો બાગાયતી પાકોનું વધારે વાવેતર કરે અને આર્થિક રીતે સમૃદ્ધ બને તથા બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત વિવિધ ગામોમાંથી હાજર રહેલા ખેડૂતોના પ્રશ્નો સાંભળીને તેના નિવારણ માટે ઉપસ્થિત અધિકારીઓને જણાવ્યું હતું. સેમિનારમાં નવસારી કૃષિ યુનિ.ના સંશોધન વૈજ્ઞાનિક ડો.જીમી વશી દ્વારા શાકભાજી પાકો માટે ધરૂ ઉછેર, રોપણી અને વધુ ઉત્પાદન કઈ રીતે લઈ શકાય તે બાબતે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને ડો.નિલેશ કાંવટ દ્વારા શાકભાજી પાકોમાં રોગ-જીવાત નિવારણના પગલાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. નાયબ બાગાયત નિયામકશ્રી ડી. કે. પડાળીયા દ્વારા શાકભાજી પાકો ખેતી માટે માવજત અને બદલાતા હવામાન સામે જરુરી પગલા લેવા માટે ભાર આપવામાં આવ્યો હતો તથા બાગાયત ખાતામાં ચાલતી વિવિધ યોજના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

Kay bee એક્સપોર્ટના પ્રતિનિધિ દ્વારા બાગાયતી પાકો માટે એક્સપોર્ટ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તથા પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂત શ્રી મનુભાઈ દ્વારા શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતી વિશે ખેડૂતોને પોતાના સુખદ અનુભવો કહી પ્રેરણા આપી હતી. શાકભાજી પાકોની વૈજ્ઞાનિક ખેતી અને કાપણી પછીના વ્યવસ્થાપન વિશે ખેડૂતોએ પ્રશ્નોત્તરી કરી અને કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક અને બાગાયત કચેરીના ઉપસ્થિત અધિકારીઓ દ્વારા તેનું નિવારણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, કૃષિ વૈજ્ઞાનિકો તથા જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદના વિવિધ તાલુકાઓમાં સેજા (સેક્ટર) કક્ષાનો 'પોષણ ઉત્સવ-૨૦૨૪' કાર્યક્રમ યોજાયો

। (માહિતી) અમદાવાદ, તા.૯ ।

અમદાવાદ જિલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળના આઈસીડીએસ દ્વારા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સેજા(સેક્ટર) કક્ષાનો 'પોષણ ઉત્સવ-૨૦૨૪' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અમદાવાદના દસ્ક્રોઈમાં કણભા-૨, કુહા-૧, જેતલપુર-૨, માંડલમાં વીઠલાપુર, ધોળકાના ધમમકવાડી અને ત્રાષદ, સાણંદના કુંડલ, વિરમગામના અને મણિપુરા તથા ધંધુકામાં પોષણ ઉત્સવ ૨૦૨૪ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સગર્ભા બહેનો તથા કિશોરીઓ દ્વારા **THR** (ટેક હોમ રેશન)ના ફાયદા વિશે તથા 'પોષણ ઉત્સવ ૨૦૨૪' અંતર્ગત મિલેટસ્, **THR** અને સરગવામાં રહેલા પોષક તત્ત્વો અને તેના ઉપયોગ રોજિંદા જીવનમાં કરવા માટેના કારણો અને તથ્યો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મિલેટ્સને ખોરાકમાં લેવા અંગેના ફાયદા



અને તેનાથી મળતા પોષણ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. તદુપરાંત, કાર્યક્રમમાં વૃદ્ધ અને અનુભવી બહેનો દ્વારા વિસરાતી જતી વાનગીઓ અને તેની આહાર પદ્ધતિઓ વિશે જાણકારી આપવામાં આવી હતી. વાનગી સ્પર્ધામાં વિજેતા લાભાર્થી અને કાર્યકરોને પ્રમાણપત્ર તેમજ ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં વિવિધ નગરપાલિકાના સભ્યો, આગેવાનો, આરોગ્ય વિભાગનો સ્ટાફ, શાળાના શિક્ષકો, આઈસીડીએસનો સ્ટાફ, લાભાર્થીઓ, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ડાંગ જિલ્લામાં જિલ્લા કલેક્ટરશ્રી મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને

# સ્વચ્છ ભારત મશિન-ગ્રામીણ ફેઝ-રના સુચારૂ અમલીકરણ માટે ડીસ્ટ્રીકટ વોટર એન્ડ સેનીટેશન મિશન (DWSM) ની બેઠક યોજાઇ

। (માહિતી) ડાંગ, તા.૯ ।

આજરોજ ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલના અધ્યક્ષસ્થાને સ્વચ્છ ભારત મિશન -ગ્રામીણ ફેઝ-રના સુચારૂ અમલીકરણ માટે ડીસ્ટ્રીકટ વોટર એન્ડ સેનીટેશન મિશન (**DWSM**) ની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં ૧૩૨૫ કુંટુબો માટે શૌચાલયોની કામગીરી પુર્ણ કરવા સાથે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શૌચાલયો રીપેર કરવાની કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે જ જિલ્લામાં પાણી સમસ્યા અંગે ચિંતા વ્યક્ત કરતાં જિલ્લા કલેક્ટરશ્રીએ પાણી વ્યવસ્થાપન અંગે તાલુકા તેમજ ગ્રામ પંચાયતોમાં બેઠકો યોજી પાણીની સમસ્યા નિવારણ માટેના સુચનો કર્યા હતા. ડાંગ જિલ્લામાં જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ આહવા દ્વારા જિલ્લામાં આંતરીક પીવાના પાણીની યોજનાઓ કુલ ૩૧૧ ગામોમાં બનાવવામાં આવેલ છે. જેમાં ૯૦ ગામોમાં એન.આર. ડબલ્યુ.પી કાર્યક્રમ તેમજ સેક્ટર રીફોર્મ સ્ટેટ કાર્યક્રમ અંતર્ગત બનાવવામાં આવેલ છે. તેમજ ૨૧૧ ગામોમાં 'નલ સે જલ' કાર્યક્રમ અંતર્ગત યોજનાઓ બનાવવામાં આવેલ છે. વાસ્મો દ્વારા દરેક ગામોમાં નલ જલ મિત્ર તૈયાર કરવામાં આવનાર હોઈ, તેઓને આઈ.ટી.આઈ સંસ્થા મારફત તાલીમ આપવાની પ્રકિયા શરૂ કરવા અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતા પૂર્વક સીધા ચાલવાની કળા શીખો. આ બાબત તમારૂં પારિવારિક જીવન વધુ અર્થપૂર્ણ બનાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. પરિવાર,બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. તમારા દિલને અપીલ કરે એવી કોઈ વ્યક્તિને મળવાની સંભાવના અતિ પ્રબળ છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમારા નિર્ણયોમાં માતા-પિતાની મદદ તમને ખૂબ કામમાં આવશે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. અણધાંયા બિલ આર્થિક બોજો વધારશે. તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધોને બગાડી શકે તેવા મુદ્દાને ઉખેડવાથી દૂર રહેવું જ તમારી માટે શ્રેષ્ઠ છે. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રૉમેન્ટિક આનંદ આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. અણધાર્યા શુભ સમાચાર તમારો ઉત્સાહ વધારશે. તમારા પરિવારના સભ્યો સાથે તમે આ સમાચાર વહેંચશો ત્યારે તેઓ પણ ખુશખુશાલ થઈ જશે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આજે રૉમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશબોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. તમારા પ્રેમ પ્રકરણ વિશે જાહેરમાં ઢંઢેરો પીટતા નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. તમે જેની સાથે રહો છો એમાંથી કોઈક તમારા અણધાર્યા તથા હળવાશભર્યા વર્તનથી હતાશ છે.









ઓડિશામાં ભુવનેશ્વર ખાતે ૧૮મા પ્રવાસી ભારતીય દિવસ પર સંમેલનના ઉદ્‌ઘાટન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહ્યા અને પ્રવાસી ભારતીય એક્સપ્રેસને તેમના દ્વારા લીલી ઝંડી બતાવવામાં આવી.

## વકફના બહાના હેઠળ લેવામાં આવેલી દરેક ઇંચ જમીન પાછી લઇશું : યોગી



। (એજન્સી) લખનૌ, તા.૯ ।

વકફ બોર્ડને ભૂમાફિયાનું બોર્ડ ગણાવીને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે બુધવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે વકફના બહાના હેઠળ હડપ કરાયેલી દરેક ઈંચ જમીન રાજ્ય સરકાર પરત મેળવશે. તે કહેવું મુશ્કેલ છે કે તે વકફ બોર્ડ છે કે જમીન માફિયાઓનું બોર્ડ છે. તેમની સરકારે વકફ ધારામાં સુધારો કર્યો છે અને હડપ કરાયેલી તમામ જમીનની તપાસ કરી રહી છે.યોગીએ જણાવ્યું હતું કે અમે વકફના બહાના હેઠળ લેવામાં આવેલી દરેક ઈંચ જમીન પર ફરીથી દાવો કરીશું અને તેનો ઉપયોગ ગરીબો માટે આવાસ, શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્પિટલો બનાવવા માટે કરાશે. સમાજવાદી પાર્ટી અને તેના નેતાઓની આકરી ટીકા કરતાં તેમણે જણાવ્યું હતું કે તેઓ સમાજવાદી નેતા ડૉ. રામ મનોહર લોહિયાના સિદ્ધાંતોને પાલન કરી શક્યા નથી. ડૉ. લોહિયાએ એકવાર કહ્યું હતું કે જો તમારે ભારતને સમજવું હોય તો રામ, કૃષ્ણ અને શિવની પરંપરાઓનો અભ્યાસ કરો. ધાર્મિક સ્થળોને નુકસાન પહોંચાડીને અતિક્રમણ કરવાના પ્રયાસોની નિંદા કરતા યોગીએ જણાવ્યું હતું કે અમારી સરકારે કોર્ટના આદેશના આધારે નિર્ણાયક પગલાં લીધા અને તોફાનીઓને સ્પષ્ટ સંદેશ આપ્યો છે. ધર્મ પરિવર્તન અને ઘરવાપસી પર તેમણે કહ્યું હતું કે જો કોઈ સાચા અર્થમાં તેમના મૂળ ધર્મમાં હૃદયપૂર્વક પાછા ફરવા માંગે છે, તો તેનું સ્વાગત કરવું જોઈએ. લખનૌ 'મહાકુંભ મહાસંમેલન' નામના કાર્યક્રમમાં યોગીએ ચેતવણી આપી હતી કે કે કુંભ ભૂમિ પર દાવો કરનારાઓએ તેમની જાતને બચાવવી જોઈએ.

### રોજ ૬,૦૦૦થી વધુ ટેક-ઓફ અને લેન્ડિંગ થતાં હોવાથી મહત્વનો ડેટા મળી શકે

# ડોમેસ્ટિક એરલાઇન્સ માટે IMD સાથે હવામાનના ડેટાનું શેરિંગ ફરજિયાત થશે

### દેશના જુદાજુદા ભાગોમાં નવા એરપોર્ટ્સ બની રહ્યા છે ત્યારે હવામાન વિભાગ પાસે વ્યાપક પ્રમાણમાં ભૌગોલિક વિસ્તારનો ડેટા ઉપલબ્ધ બનશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

વિમાનોએ ટેક-ઓફ અને લેન્ડિંગ વખતે મેળવેલા હવામાનના ડેટાને ઈન્ડિયા મીટિયોરોલોજિકલ ડિપાર્ટમેન્ટ



(આઈએમડી) સાથે શેર કરવાનું ફરજિયાત બનાવવાની દિશામાં સરકાર વિચારી રહી છે. તેને લીધે હવામાનની આગાહી વધુ સારી રીતે કરી શકાશે. આઈએમડી તાપમાન, ભેજ અને પવનની ગતિનો મહત્વનો ડેટા એકત્ર કરવા ૫૦-૬૦ સ્ટેશન્સે 'વેધર બલૂન્સ' લોન્ચ કરે છે. દેશભરમાં ડોમેસ્ટિક એરલાઈન્સ દ્વારા જુદાજુદા શહેરોમાં દરરોજ ૬,૦૦૦થી વધુ ટેક-ઓફ અને લેન્ડિંગ થતા હોવાથી હવામાન વિભાગને એરલાઈન્સ પાસેથી ઘણો મહત્વનો ડેટા મળી શકે.અર્થ સાયન્સિસ મંત્રાલયના સચિવ એમ રવિચંદ્રને જણાવ્યું હતું કે, "મંત્રાલય આ મુદ્દે નાગરિક ઉડ્ડયન મંત્રાલય સાથે ચર્ચામાં છે. ડોમેસ્ટિક એરલાઈન્સ માટે એક વર્ષમાં હવામાનનો ડેટા પૂરો પાડવાનું ફરજિયાત બનાવાશે." તેમણે કહ્યું હતું કે, "તે ફરજિયાત હોવું જોઈએ. એરલાઈનના કામકાજ ઉપરાંત, જુદાજુદા સ્થળોના હવામાન માટે તે ઉપયોગી બનશે." રવિચંદ્રને જણાવ્યું હતું કે, "દેશના જુદાજુદા ભાગોમાં નવા એરપોર્ટ્સ બની રહ્યા છે ત્યારે હવામાન વિભાગ પાસે વ્યાપક પ્રમાણમાં ભૌગોલિક વિસ્તારનો ડેટા ઉપલબ્ધ બનશે." રવિચંદ્રને જણાવ્યું હતું કે, "મેદાન પરના હવામાન કરતાં વિમાનો દ્વારા હવામાં એકત્ર કરાયેલો ડેટા વાતાવરણનું સંપૂર્ણ ચિત્ર પૂરું પાડે છે. ચક્રવાત કે વાવાઝોડા જેવી હવામાનની સિસ્ટમ હવામાનમાં આકાર લે છે. જેમાં તાપમાન, ભેજ અને પવનની સ્થિતિ જુદીજુદી ઊંચાઈએ મહત્વનો ભાગ ભજવે છે. આ ડેટા એકત્ર કરીને તરત જમીન પર મોકલાય છે.

### પોલીસે આપના કાર્યકરોને વડાપ્રધાન નિવાસમાં પ્રવેશતા અટકાવ્યા

# દિલ્હીમાં આપ, ભાજપ 'શીશ મહેલ' અને 'રાજ મહેલ'ના મુદ્દે સામસામે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હીમાં આવતા મહિને ચૂંટણી પહેલાં રાજકીય ગરમાવો વધી રહ્યો છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અગાઉના 'શીશમહેલ' તરીકે ઓળખાતા નિવાસસ્થાન અંગે ભાજપ અને આપના કાર્યકરોમાં ઘર્ષણ થયું હતું. આપના કાર્યકરોએ વડાપ્રધાનના સત્તાવાર રહેઠાણને 'રાજમહેલ' તરીકે ઓળખાવ્યો હતો. ભાજપે બુધવારે 'શીશ મહેલ' કહેવાતા ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના એક સમયના બંગલાની બહાર પ્રદર્શન કર્યું ત્યારે આપના નેતાઓએ મકાનમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો, પણ પોલીસે તેમને અટકાવ્યા હતા. ત્યાર પછી આપના કાર્યકરોએ લોકકલ્યાણ માર્ગ ખાતેના વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાને પહોંચવાનો પ્રયાસ કર્યો હતો અને રહેઠાણને



'રાજમહેલ' તરીકે ઓળખાવ્યું હતું. ત્યાં પોલીસે ફરી તેમને અટકાવ્યા ત્યારે આપના કાર્યકરોએ ધરણા કર્યા હતા. ભાજપ મીડિયાને દિલ્હીના મુખ્યમંત્રી આતિશીને ફાળવવામાં આવેલા મથુરા રોડ ખાતેના બંગલા પર લઈ ગઈ હતી. ભાજપે મીડિયાને જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી પાસે સરકારી રહેઠાણ હોવા છતાં તે અલગ બંગલાની માંગણી કેમ કરે છે? દરમિયાન આપના નેતાઓ સંજય સિંઘ અને સૌરભ ભારદ્વાજે 'શીશમહેલ' તરીકે ઓળખાતા મકાનમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો.

## એલોન મસ્કે કેનેડાના પૂર્વ PM જસ્ટિન ટ્રુડોને 'ગર્લ' કહી દીધા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૯ ।

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની હાલત તાજેતરના દિવસોમાં એવી થઈ ગઈ છે કે જેને જે મનમાં આવે એવા શબ્દો તેમના માટે વાપરી રહ્યા છે. હવે અબજોપતિ એલોન મસ્કે જસ્ટિન ટ્રુડો માટે ખૂબ જ વાંધાજનક શબ્દનો ઉપયોગ કર્યો છે. મસ્કે બુધવારે જસ્ટિન ટ્રુડોને 'ગર્લ' કહ્યા છે. ટ્રુડોએ જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પના કેનેડાને અમેરિકામાં ભેળવી દેવાના વિચારને ફગાવી દીધો, તો મસ્કે ટ્રુડોને યાદ કરાવીને કહ્યું કે, 'હવે તું કેનેડાની ગવર્નર નથી.' ટ્રુડોએ ચાલુ સપ્તાહે કેનેડાના વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી.

### ૧૦૦૦થી વધુ ઘરો, વ્યવસાયો અને અન્ય ઇમારતો બળી ગઈ

# લોસ એન્જેલસમાં દાવાનળ 30,000 વધુ લોકો પોતાના ઘર છોડી ભાગ્યા

### તીવ્ર પવનને કારણે આગ રહેણાંક વિસ્તારો સુધી ફેલાઈ : ઇમર્જન્સી જાહેર કરાઈ : લોસ એન્જલસ કાઉન્ટીમાં ૨ લાખ લોકો વીજળી વિહોણાં

। (એજન્સી) લોસ એન્જેલસ, તા.૯ ।

અમેરિકાના લોસ એન્જેલસની આજુબાજુના જંગલમાં મંગળવારની રાત્રે લાગેલી ભીષણ આગ ઝડપથી રહેણાંક વિસ્તારોમાં ફેલાતા હજારો લોકો પોતાના ઘર છોડીને ભાગ્યાં હતાં. આ પ્રચંડ આગમાં અનેક ઘરો બળીને ખાખ થયા હતા અને એકસાથે હજારો લોકો ભાગી રહ્યાં હોવાથી રોડ પર ટ્રાફિક જામ થયો હતો. હોલિવૂડ સેલિબ્રિટી સહિત આશરે 30,000 વધુ લોકો તેમના ઘર છોડીને ભાગ્યા હતાં. ૧,૦૦૦થી વધુ ઘરો, વ્યવસાયો અને અન્ય ઈમારતો બળી ગઈ હતી અને લોસ એન્જેલસ કાઉન્ટીમાં ઓછામાં ઓછા બે લોકો મોત થયાં હતાં. વાઈસ પ્રેસિડન્ટ કમલા હેરિસના લોસ એન્જેલસ ખાતે નિવાસસ્થાને પણ ખાલી કરવાનો આદેશ અપાયો હતો.લોકોની ભાગદોડને કારણે ટ્રાફિક જામ થતાં અગ્નિશામકો માટે પણ બેકાબુ આગ પર નિયંત્રણ મેળવવાનું મુશ્કેલ બન્યું હતું. બુધવારે સવાર સુધીમાં શહેરના આજુબાજુના વિસ્તારોમાં ભયાનક સ્થિતિનું નિર્માણ થયું હતું. કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂઝમે ઈમર્જન્સીની જાહેરાત કરી હતી.સૌ પ્રથમ લોસ એન્જેલસના નેચર પ્રિઝર્વ નજીક મંગળવારે સાંજે ફાટી નીકળેલી આગની જ્વાળાઓ એટલી ઝડપથી ફેલાઈ હતી કે સિનિયર લિવિંગ સેન્ટરના સ્ટાફે ડઝનેક રહેવાસીઓને વ્હીલચેર અને હોસ્પિટલ બેડમાં પાર્કિંગની લોટમાં લઈ જવા પડ્યાં હતા.આના થોડા કલાકો પછી ઘણા સેલિબ્રિટી રહે છે તેવા પેસિફિક પેલિસેડ્સની આજુબાજુ આગ ફાટી નીકળી હતી. આ વિસ્તારમાં પણ આગ બેકાબુ બનતા લોકોએ ભાગદોડ ચાલુ કરી હતી અને સસ્તાઓ જામ થઈ ગયા હતા. તેનાથી ઘણા લોકો પોતાના વ્હિકલ છોડીને ભાગ્યાં હતા.પેલિસેડ્સ ડ્રાઈવ પર ટ્રાફિક જામના કારણે ઈમરજન્સી વ્હિકલો પણ અટકી પડ્યા હતા. ત્યજી દેવાયેલી કારોને બાજુ પર ધકેલવા અને રસ્તો બનાવવા માટે બુલડોઝર લાવવામાં આવ્યાં હતા.



પેસિફિક કોસ્ટ હાઈવેની આજુબાજુના ઘરો અને બિઝનેસનો બળીને ખાખ થઈ રહ્યા હોય તેવા ઘણા વીડિયા બહાર આવ્યા હતાં. લોકો તેમના બાળકો અને બેગ સાથે કારમાંથી બહાર નીકળી રહ્યા હતા, તેઓ રડતા અને ચીસો પાડી રહ્યા હતાં.અધિકારીઓએ પેસિફિક પેલિસેડ્સ જંગલની આગમાં ક્ષતિગ્રસ્ત અથવા નાશ પામેલી ઈમારતોનો અંદાજ આપ્યો નથી, પરંતુ તેઓએ જણાવ્યું હતું કે લગભગ 30,000 રહેવાસીઓને સ્થળાંતર કરવાના આદેશો આપાયા હતા અને ૧૩,૦૦૦થી વધુ માળખાં જોખમ હેઠળ હતા. ગવર્નર ગેવિન ન્યૂઝમે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને કહ્યું હતું કે ઘણા ઘરો બળી ગયા છે.ત્રીજી જંગલમાં આગ આશરે રાત્રે ૧૦.૩૦ વાગ્યે સાન ફર્નાન્ડો વેલીમાં ચાલુ થઈ હતી. ઓરેન્જ સિટીના સાન્ટા આના તરફથી પ્રતિ કલાક ૯૭ કિમીની ઝડપથી પવન ફુંકાતા જ્વાળાઓ વધુ ઝડપથી ફેલાઈ હતી. રાત્રે પવનની ઝડપ પણ પ્રતિકલાક ૧૬૦ કિમીની થવાની ધારણા હોવાથી વધુ બિહામણી સ્થિતિ ઊભી થવાની ધારણા છે. પવન એટલો ઝડપી અગતો ફાયરફાયરટિંગ વિમાનો ઉડાવવાનું પણ મુશ્કેલ બન્યું હતું. સાંજ સુધીમાં જ્વાળાઓ પડોશી વિસ્તાર માલિબુમાં ફેલાઈ ગઈ હતી અને ત્યાં ઘણા લોકો દાઝી ગયા હતા. એક ફાયર ફાઈટરને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

### સંયુક્ત આરબ અમીરાત હોસ્ટિંગ મેળવી શકે

# પાકિસ્તાન પાસેથી છીનવાઈ શકે છે ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની

। (એજન્સી) દુબઈ, તા.૯ ।

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ પહેલા મોટી માહિતી સામે આવી રહી છે. હકીકતમાં પાકિસ્તાન પાસેથી ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની છીનવાઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હજુ સુધી પાકિસ્તાનના ૩ સ્ટેડિયમનું કામ પૂર્ણ થયું નથી. આ સ્ટેડિયમોનું નિર્માણ કાર્ય હજુ પણ ચાલુ છે. ICC ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાનના ૩ સ્ટેડિયમનું નિર્માણ કાર્ય ઓગસ્ટ ૨૦૨૪ માં શરૂ થયું હતું, તે ૩૧ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થવાનું હતું, પરંતુ સામે આવેલી તસવીરો પાકિસ્તાન અને PCBની ગેરવહીવટ બતાવવા માટે પૂરતી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને આ ખરાબ વ્યવસ્થાઓનો ભોગ બનવું પડી શકે છે. તેથી એવું માનવામાં આવે છે કે પાકિસ્તાનને ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની ગુમાવવી પડી શકે છે. ICC ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થવામાં માત્ર ૩૫ દિવસ બાકી છે. પરંતુ તે પહેલા પાડોશી દેશમાંથી ચોંકાવનારી તસવીરો સામે આવી રહી છે. એવું માનવામાં આવે છે કે જો ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની પાકિસ્તાન પાસેથી છીનવાઈ જાય છે તો સંયુક્ત આરબ અમીરાત (UAE)ને તેની યજમાની કરવાની તક મળી શકે છે. જો કે આ પહેલા ICCએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને અલ્ટીમેટમ આપ્યું છે. જેમાં કહેવામાં આવ્યું છે કે કોઈપણ સંજોગોમાં સ્ટેડિયમના અધૂરા કામો ૨૫ જાન્યુઆરી સુધીમાં પૂર્ણ કરવાના રહેશે. આ પછી આઈસીસીના અધિકારીઓ આ સ્ટેડિયમોની સમીક્ષા કરશે. ત્યારપછી તે પોતાના રિપોર્ટમાં જણાવશે કે સ્ટેડિયમ ટૂર્નામેન્ટનું આયોજન કરવા માટે તૈયાર છે કે નહીં. તમને જણાવી દઈએ કે ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે. પ્રથમ મેચમાં પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડની ટીમો સામસામે ટકરાશે. આ સાથે જ ભારતીય ટીમ બાંગ્લાદેશ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૨૨ ફેબ્રુઆરીએ મેચ રમાશે. ૧૯૯૬ના વર્લ્ડ કપ પછી પાકિસ્તાનની આ પ્રથમ ICC ઈવેન્ટ છે, જ્યારે ભારત અને પાકિસ્તાન પણ ઈવેન્ટના સહ-યજમાન હતા. ભારત અને પાકિસ્તાને ૨૦૧૨ થી દ્વિપક્ષીય શ્રેણી રમી નથી.

## મેં સુપ્રીમ કોર્ટ જેટલી શિસ્તહીન કોર્ટ નથી જોઈ : જસ્ટિસ ગવઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

જસ્ટિસ બીઆર ગવઈએ ફરી એકવાર સુપ્રીમ કોર્ટની સ્થિતિ પર નારાજગી વ્યક્ત કરી છે. અહેવાલ છે કે તેમણે સુપ્રીમ કોર્ટને સૌથી અનુશાસનહીન સ્થળ ગણાવ્યું છે અને તેની તુલના હાઈકોર્ટ સાથે કરી છે. ગયા વર્ષે પણ તેમણે શિસ્તના મુદ્દે સુપ્રીમ કોર્ટ પર સવાલો ઉઠાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે જસ્ટિસ ગવઈ ૨૦૨૫માં CJI એટલે કે ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા બનવા જઈ રહ્યા છે.જસ્ટિસ ગવઈએ હાઈકોર્ટની પ્રશંસા કરી છે. સાથે જ તેમણે સુપ્રીમ કોર્ટમાં ઘોંઘાટની પણ વાત કરી છે. તેમણે કહ્યું હતું કે હું બોમ્બે, નાગપુર અને ઓરંગાબાદ બેન્ચમાં જજ રહી ચૂક્યો છું, પરંતુ મેં સુપ્રીમ કોર્ટ જેવી અનુશાસનહીનતા ક્યાંય જોઈ નથી.

### મહિલાઓ, બાળકો અને વૃદ્ધો પણ આ રોગનો શિકાર

# મહારાષ્ટ્રનાં 3 ગામમાં એકાએક લોકો ટાલિયા બનવા લાગતા હાહાકાર

। (એજન્સી) બુલઢાણા, તા.૯ ।

મનુષ્યની સુંદરતામાં વાળનું આગવું મહત્વ છે. વાળની જાળવણી માટે લોકો અનેક જાતના ઉપચારો અને નુસખાં અજમાવતા રહે છે. જો કે મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના કેટલાંક ગામોમાં છેલ્લાં કેટલાંક સમયથી એક વિચિત્ર બીમારી ફેલાઈ છે. જેને કારણે સંખ્યાબંધ લોકોના વાળ ઝડપથી ખરી રહ્યાં છે અને લોકો ગણતરીના દિવસોમાં જ ટાલિયા બની રહ્યાં છે. બુલઢાણા જિલ્લાના ત્રણ ગામોમાં છેલ્લા ૩ દિવસમાં ૬૦થી વધુ લોકોના વાળ અચાનક જ ખરવાનું શરૂ થઈ ગયું છે. જિલ્લાના શેગાંવ તહસીલના બોંડગાંવ, કાલવાડ અને હિંગણા ગામમાં બાળકોથી લઈને વૃદ્ધો



સુધીના દરેકના વાળ ખરવા લાગ્યા છે. જેના કારણે તેઓને ટાલ પડી રહી છે, મહિલાઓ પણ તેનો શિકાર બની રહી છે. આ ગામડાઓમાં ફેલાઈ રહેલો આ કયા પ્રકારનો રોગ છે, તે હજુ સુધી જાણી શકાયું નથી. આ રોગ આનુવંશિક છે કે કેમ તે જાણવા માટે આરોગ્ય વિભાગની ટીમે આ ગામોમાં જઈને સર્વે કર્યો છે. તેમણે પાણીના સેમ્પલ પણ લઈ લીધાં છે. આ રોગના પહેલા દિવસે જ વ્યક્તિને માથામાં ખંજવાળ આવવા લાગે છે. બીજા દિવસથી વાળ હાથમાં આવવા માંડે છે અને ત્રીજા દિવસે દર્દીને ટાલ પડી જાય છે. સ્ત્રીઓ આ રોગથી સૌથી વધુ પીડિત છે. બીકના માર્યા મોટાભાગના દર્દીઓએ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવાનું શરૂ કર્યું છે.એકાએક ફેલાયેલા આ રોગથી આરોગ્ય વિભાગ પણ મૂંઝવણમાં છે. જિલ્લા આરોગ્ય અધિકારી ડો. દિપાલી માલવડકરે આ અંગેની માહિતી જિલ્લા આરોગ્ય અધિકારી અને અન્ય વહીવટીતંત્રને આપી છે. આ રોગનો વહેલી તકે ઈલાજ શોધવા ગ્રામજનોની માંગ છે. ડો. દિપાલી માલવડકર કહે છે કે કદાચ, શેમ્પૂના ઉપયોગને કારણે આવું બન્યું હશે. જો કે, ઘણા પીડિતો કહે છે કે તેઓએ ક્યારેય શેમ્પૂ તો શું સાબુનો પણ ઉપયોગ નથી કર્યો.

સમગ્ર દેશમાં પ્રથમ વખત...




સોશિયલ મીડિયાની નકારાત્મક અસરોથી દૂર રહે તે માટે શિક્ષકો-વાલીઓ અને બાળકો માટે રાજ્ય સરકાર ગાઈડલાઈન જાહેર કરશે બાળકોને આવનારા સમયમાં શ્રેષ્ઠ નાગરિક બનાવવા હોય તો તેને સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનથી દૂર રાખવા પડશે : શિક્ષણ રાજ્ય મંત્રી

# પાટીદાર યુવતીને ન્યાય અપાવવા માટે પરેશ ધાનાણીના ધરણાં

। (એજન્સી) અમરેલી, તા.૯ ।

અમરેલી લેટરકાંડમાં પાટીદાર દીકરી પાયલ ગોટીને ન્યાય અપાવવા પરેશ ધાનાણીએ આજરોજ ૨૪ કલાકના ઉપવાસની જાહેરાત કરી હતી. ધાનાણીએ સવારે ૧૦ વાગ્યાથી ઉપવાસ કરવાના ચાલું કર્યાં હતા. પરેશ ધાનાણીની માંગ છે કે પાયલને માર મારનારા પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવે. ધરણામાં વીરજી ઠુમ્મર, લલિત વસોયા સહિતના બીજા કોંગ્રેસના નેતાઓ પણ પહોંચ્યા હતા.

લેટરકાંડમાં કોંગ્રેસે ઝંપલાવ્યા બાદ હવે ભાજપ પણ જોડાયું હતું. અમરેલી ભાજપ નેતા નારણ કાછડીયાએ એક વીડિયો બનાવી પ્રતિક્રિયા આપી. આ વીડિયોમાં તેમણે કહ્યું કે હું જાહેર જીવનમાં ૩૦ વર્ષથી સક્રિય છું. અને અમરેલીમાં કયારે પણ આ પ્રકારની ઘટના બની નથી. આવી ઘટના પ્રથમ વખત બની છે. આ ઘટનાને લઈને રાજકારણ કરવાને બદલે દોષિતો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. પાટીદાર યુવતી અત્યારે રાજ્યભરમાં ચર્ચાનો વિષય બની છે. નકલી



લેટરકાંડમાં પાયલની ધરપકડ કર્યાં બાદ પોલીસ દ્વારા જાહેર સરઘસ કાઢતા આ વિવાદ પેદા થયો હતો. દરમ્યાન કોંગ્રેસ નેતા પરેશ ધાનાણી પાટીદાર યુવતીને ન્યાય અપાવવા મેદાને પડ્યા. લેટરકાંડમાં કોંગ્રેસે ઝંપલાવ્યા બાદ હવે ભાજપ પણ જોડાયું.

પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણી લેટર કાંડ મામલે પીડિત યુવતીની પડખે આવ્યા હતા. યુવતીનું જાહેરમાં અપમાન કરતાં પરેશ ધાનાણી સહિતના નેતાઓએ તીખી પ્રતિક્રિયા આપી હતી. પાયલ ગોટીને જ્યારે જેલમાં લઈ જવામાં આવી ત્યારે પણ પોલીસે તેને માર માર્યો હોવાનો આક્ષેપ કરાયો હતો. પાયલને ન્યાય મળે અને દોષિતો સામે કાર્યવાહી કરવા પણ કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ ઉગ્ર રજૂઆત પણ કરી હતી. આ સંદર્ભે તેમણે ગઈકાલે રાજકમલ ચોકમાં ''ચર્ચાનો ચોરો'' નામનો કાર્યક્રમ પણ યોજ્યો હતો. જેમાં પ્રતાપ દૂધાત તથા૮ વીરજી ઠુમ્મર જેવા આગેવાનોએ હાજરી આપી હતી. રાજકમલ ચોકમાં યોજાયેલ ''ચર્ચાનો ચોરો'' કાર્યક્રમમાં ધાનાણીએ કૌશિક વેકરિયાને પડકાર ફેંક્યો હતો.ગઈકાલે પરેશ ધાનાણી સહિત કોંગ્રેસ નેતાઓ રાજકમલ ચોકમાં બેઠા હતા. જો કે સ્નછ કૌશિક વેકરિયા ચર્ચા કરવા આવ્યા નહોતા. આજે કોંગ્રેસ દ્વારા એક દિવસીય ઉપવાસ આંદોલનની જાહેરાત કરાઈ છે.

ધાનાણી સાથે અન્ય આગેવાનો પણ પાયલ ગોટીને ન્યાય અપાવવા આંદોલનમાં જોડાશે. જેલમાં પાયલ સાથે ગેરરીતિ કરાયાના આક્ષેપ કરતા દોષિત પોલીસકર્મી સામે ૨૪ કલાકમાં કાર્યવાહી કરવાની સરકારને ચીમકી આપતા આજે ઉપવાસ આંદોલન છેડ્યું.

## ન્યૂઝ બ્રિફ

### દેવાયત ખવડ અને બ્રિજરાજ દાન ગઢવી એકબીજા સામે લડવા તૈયાર

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

દેવાયત ખવડ અને બ્રિજરાજ દાન એકબીજા ઉપર સતત આક્ષેપો કરી રહ્યાં છે. જન્માષ્ટમીમાં રૂપલ મા મહોત્સવ પર ગઢવીએ ખવડ પર નામ લીધા વિના આકરા પ્રહારો કર્યા હતા. કહ્યું હતું કે જે દિવસે ગઢવીએ માફી માગવી પડે એ દિવસથી એ સ્ટેજ પર નહીં ચઢે. હું ઈસરદાનનું લોહી છું. તો સામે દેવાયત ખવડે પણ સણસણતા પ્રહાર કર્યા હતા. બ્રિજરાજ દાનનો દેવાયત ખવડ પર આક્રમક પ્રહાર કરતો વીડિયો વાયરલ થયો છે. જેમાં તેમણે દેવાયત ખવડનું નામ લીધા વગર કહ્યું કે તમે તો સવાર-સાંજ રંગ બદલો છો એટલે જ લોકો તમને રાખી સાવંત કહે છે અને કાચિંડો કહે છે. તેમણે કહ્યું કે સમાધાન કરવા હું નહોતો આવતો, સમાધાન કરવા માટે આપે આપના ૫૦ માણસોનો દોડાવ્યા હતા, તમને એ યાદ નથી તમને કે તમારે ૧૦ હજાર માણસની વચ્ચે માફી માંગવી પડી હતી. ઉલ્લેખનીય છે કે બ્રિજરાજ દાન ગઢવીના આકરા પ્રહાર પર દેવાયત ખવડે સમાધાન અને માફીને લઈને વીડિયોમાં પોતાની વાત મૂકી હતી.

### પાટણમાં કિન્નરો વચ્ચે અંદરોઅંદર બબાલ થઈ

। (એજન્સી) પાટણ, તા.૯ ।

પાટણ જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેને લઈને લોકો પણ વિચારમુકાઈ ગયા છે. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેને લઈને આ યુઝર્સ ચોંકી ઉઠ્યા છે. ઘટનામાં કંઈક એવું છે કે કિન્નરો વચ્ચે અંદરોઅંદર બબાલ થઈ હતી. જેમાં રસ્તાની વચ્ચે મોટા પાયે બબાલ થઈ જેનો વીડિયો હાલ વાયરલ થયો છે. આ મારામારીનો વીડિયો વાયરલ થયા બાદ લોકો ચોંકી ઉઠ્યા છે. વાગદોડથી રેચવી રોડ પરનો આ વીડિયો છે. જેમાં તમે જોઈ શકો છો, કે કેવી રીતે કિન્નરો એકબીજાને મારી રહ્યા છે. જેમાં લાકડી અને ધોકા સાથે કિન્નરો મારામારી કરી રહ્યા છે. આ મારામારીની ઘટનાને લઈને આસપાસના વિસ્તારમાં પણ હાલ ચર્ચા મચી જવા પામી છે. મારામારીની ઘટનાના કારણ વિશે જો વાત કરીએ તો એવી માહિતી સામે આવી છે કે એકબીજાની હદમાં ઘૂસી જવાને લઈને કિન્નરો વચ્ચે આ મારામારી થઈ હતી. જોકે આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ યુઝર્સ પણ આ વીડિયોને જોઈને હેરાન રહી ગયા છે.

### પ્રેમીએ પ્રેમિકાનું અપહરણ કરી ગાડીમાં માર મારીને ધમકી આપી

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી એક કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ તેના પ્રેમી સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ યુવતી બસસ્ટેન્ડ પર ઊભી હતી ત્યારે તેનો પ્રેમી કારમાં આવ્યો હતો. બાદમાં પ્રેમી અપહરણ કરીને પ્રેમિકાને એક ગાર્ડન પાસે લઈ ગયો હતો. જ્યાં સંબંધ ન રાખતી હોવા બાબતે બોલાચાલી કરીને ઢોર માર માર્યો હતો. આરોપીએ ચાકુ બતાવીને ધમકી આપતા યુવતી ત્યાંથી ભાગી હતી અને પોલીસ બોલાવી હતી. આ મામલે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ચાંદલોડિયામાં રહેતી ૨૦ વર્ષીય યુવતી વસ્ત્રાપુરમાં આવેલી એક કોલેજમાં અભ્યાસ કરે છે. ગત મંગળવારે તે કોલેજ આવી હતી અને લેક્ચર ભર્યા બાદ ઘરે જવા નીકળી હતી.

## રેલવે મંત્રીએ ઐતિહાસિક દિવસ ગણાવ્યો
# ૧૧૭૮ ફૂટ ઊંચા બ્રિજ પર ૧૧૦ કિ.મી. ઝડપે દોડી ટ્રેન

। (એજન્સી) જમ્મુ, તા.૯ ।

જમ્મુ-શ્રીનગર રેલવે લાઈન ટૂંક સમયમાં ચાલુ થવા માટે તૈયાર છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પોતાની ટ્વીટર પોસ્ટમાં આ વિશે કહ્યું છે. જોકે, સૌથી મહત્ત્વપૂર્ણ કટરા-બનિહાલ ટ્રેક પર ટ્રાયલ ટ્રેનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. ખાસ વાત એ છે કે આ ટ્રેન લગભગ ૧૧૦૦ ફૂટથી વધુ ઊંચા ચિનાબ પુલ પર ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડથી દોડી. આ સફળ ટ્રાયલની જાણકારી કેન્દ્રીય મંત્રીએ પોતાની સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા શેર કરી છે.

CRS દિનેશ ચંદ દેશવાલ અનુસાર 'કટરાથી બનિહાલ સુધીનો આ રેલવે ટ્રેક ખૂબ પડકારપૂર્ણ રહ્યો છે. આ ૧૮૦ ડિગ્રીના ચઢાણવાળો ટ્રેક છે પરંતુ આની પર ટ્રાયલ ટ્રેનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. બુધવારે આ ટ્રેન સવારે ૧૦.૩૦ વાગે કટરા સ્ટેશનથી રવાના થઈ હતી અને ઝડપથી દોડતાં લગભગ દોઢ કલાકમાં બનિહાલ સ્ટેશન પહોંચી ગઈ. આ ટ્રેક પર આ અંતિમ ટ્રાયલ રન હતી જે સફળ રહી છે. કાશ્મીર માટે સીધી ટ્રેન સેવા શરૂ કરવા પર નિર્ણય લીધા પહેલા તમામ ટ્રાયલ રનના એકત્ર આંકડાનું વિશ્લેષણ કરવામાં આવશે.' દેશના સૌથી ઊંચા પુલ પર દોડતી આ ટ્રાયલ ટ્રેનનો વીડિયો શેર કરીને કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પોતાના ટ્વીટર એકાઉન્ટ પર એક પોસ્ટ કરી છે. આ પોસ્ટમાં તેમણે લખ્યું છે કે 'ચિનાબ પુલ પર ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી ટ્રાયલ ટ્રેનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું, આ ખરેખરમાં એક ઐતિહાસિક દિવસ. જમ્મુ-શ્રીનગર રેલવે લાઈન ટૂંક સમયમાં ચાલુ થવા માટે તૈયાર છે.' રેલવે મંત્રી દ્વારા શેર કરવામાં આવેલી વીડિયો પોસ્ટમાં ટ્રેન ઝડપથી આ પુલથી પસાર થતાં જોવા મળી રહી છે. આ ટ્રેનની સ્પીડ ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાક રહી. તે બાદ હવે કાશ્મીર અને દેશના અન્ય ભાગોની વચ્ચે સીધી રેલ સેવાઓની ટૂંક સમયમાં શરૂઆતની આશા વધી ગઈ છે. માત્ર ચિનાબ પુલ જ નહીં પરંતુ આ રેલવે રૂટ પર અંજી ખડ્ડ બ્રિજ પણ પડકારપૂર્ણ છે. જેની પર પણ આ ટ્રેન આ જ ઝડપથી દોડતી દેખાઈ. ચિનાબ પુલ દેશના સૌથી ઊંચા બ્રિજમાં ટોપ પર છે અને તેની સમુદ્ર તળિયેથી ઊંચાઈ ૩૫૯ મીટર કે ૧૧૭૮ ફૂટ અને લંબાઈ ૧૩૧૫ મીટર (૪,૩૧૪ ફૂટ) છે. આ હિસાબે આ પેરિસના એફિલ ટાવરથી પણ ઊંચું છે, જે ૩૨૪ મીટર ઊંચું છે. આ તૈયાર કરવામાં અનુમાનિત ૧૪૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ આવ્યો છે. ઉલ્લેખનીય છે કે બુધવારે કટરા-બનિહાલ ટ્રેક પર કરવામાં આવેલી અંતિમ ટ્રાયલ રનથી પહેલા ગયા મહિને અલગ-અલગ ખંડો પર કુલ ૬ ટ્રાયલ રન પૂરી કરવામાં આવી હતી. જોકે, ઉત્તર સર્કલના રેલવે સુરક્ષા કમિશનર (સીઆરએસ) દિનેશ ચંદ દેશવાલે એ વાતની જાણકારી આપી નહીં કે ક્યાં સુધી રેલવે સેવાઓ શરૂ થઈ શકે છે પરંતુ તેમના અનુસાર અત્યાર સુધીની તમામ ટ્રાયલ સંતોષજનક રહી છે.

## DEOએ જાહેર કરી એડવાઈઝરી
# HMPVને લઇને અમદાવાદ શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યુ

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

ચીનમાં HMPV (હ્યુમન મેટાન્યૂમો વાઈરસ) ફેલાયા બાદ એવી સ્થિતિ ઉભી થઈ છે કે, વુહાનમાં શાળાઓ બંધ કરી દેવી પડી છે. અહીં ૧૦ દિવસમાં એચએમપીવીના કેસો ૫૨૯ ટકા વધ્યા છે. HMPV ફેલાવો ભારતમાં પણ ધીમે ધીમે વધી રહ્યો છે. ત્યારે ગુજરાતમાંથી પણ બે કેસ નોંધાયા છે. જેના લીધે તંત્ર હરકતમાં આવી ગયું છે. ત્યારે અમદાવાદ DEO એ ખાનગી સ્કૂલો માટે એડવાઈઝરી જાહેર કરી છે. સ્કૂલના સંચાલકોએ વાલીઓને મેસેજ કરીને જણાવ્યું છે કે જો બાળકને શરદી-ખાંસી હોય તો સ્કૂલે ન મોકલે. બાળકોની સ્થાનિક પરીક્ષા હોય તો પેપરની ચિંતા ન કરો, સ્કૂલ પરીક્ષા ફરીથી લેશે. બાળકોને ચેપ ન લાગે તેની તકેદારી ભાગરૂપે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. સ્કૂલ સંચાલકોએ જણાવ્યું હતું કે રાજ્યમાં પણ કેસ વધી રહ્યા છે. પરંતુ ડરવાની જરૂર નથી, સાવચેતી રાખવી જરૂરી છે. બાળકોને માસ્ક પહેરાવો, તાવ શરદી-ખાંસી હોય તો શાળાએ મોકલવા નહી, જેથી અન્ય બાળકોને ચેપ લાગે નહી. જો શાળાની સ્થાનિક પરીક્ષામાં બાળકની ગેરહાજરી હશે તો શાળા ફરીથી પરીક્ષા લેશે. રાજ્યના આરોગ્ય મંત્રાલય દ્વારા પણ કહેવામાં આવ્યું છે કે આ વાઈરસથી ગભરાવાની જરૂર નથી પરંતુ સાવચેતી જરૂરી છે. ત્યારે અમદાવાદની કેટલીક શાળાઓમાં સાવચેતીના ભાગરૂપે જાતે જ ગાઈડલાઈન તૈયાર કરવામાં આવી છે તેમજ વિદ્યાર્થીઓને ફરજિયાત માસ્કની અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત વાલીઓને સૂચના આપવામાં આવી છે કે જો તમારા બાળકને શરદી-ખાંસીના લક્ષણો જણાય શાળાએ મોકલવા નહી. જેથી અન્ય બાળકોને ચેપ લાગે નહી. એટલું જ નહી સ્કૂલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીને શરદી-ખાંસીના લક્ષણો જોવા મળે તો તેમને ઘરે મોકલી દેવામાં આવે છે. ચીનનો આ વાયરસ ભારત સુધી પણ પહોંચી ગયો છે દેશના પાંચ રાજ્યોમાં કુલ નવ કેસ સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં બે કેસ નોંધાયા છે. અહીં એક ૧૩ વર્ષની છોકરી અને ૭ વર્ષનો છોકરો સંક્રમિત થયો છે. બંને બાળકોને તાવ આવ્યા બાદ આ વાયરસનો ચેપ લાગ્યો હતો. ગુજરાતમાં બે અને કર્ણાટક, તમિલનાડુ, અને પશ્ચિમ બંગાળમાં પણ કેસ મળી આવ્યા છે. કેન્દ્ર સરકાર આ વાયરસને લઈને એલર્ટ પર છે.

## કિશોરનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું
# સુરતમાં પતંગ ચગાવતા બાળકનું કરંટ લાગતા મૃત્યુ

। (માહિતી) સુરત, તા.૯ ।

ઉત્તરાયણના પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ઉત્તરાયણ સમયે પતંગની દોરીના કારણે ઘણા બધા લોકોના વાહન ચલાવતા સમયે ગળા કપાઈ જતા હોય છે અને ઘણા બધા લોકો ઘાયલ પણ થાય છે. ત્યારે સુરતના સચિન જીઆઈડીસી વિસ્તારમાં કરંટ લાગ્યા બાદ એક કિશોરનું મૃત્યુ થયું છે. કિશોર પતંગ ચગાવી રહ્યો હતો. આ દરમ્યાન પતંગ હાઈ ટેન્શન લાઈનમાં ફસાઈ ગઈ હતી જેને કાઢવા જતાં ગંભીર રીતે દાઝી ગયો હતો. જે બાદ કિશોરને કરંટ લાગ્યો હતો. કિશોરને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં કિશોરનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. કિશોરના મૃત્યુથી પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સુરત શહેરમાં ઉતરાયણ પર્વને લઈને વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. સુરતના સચિન જીઆઈડીસી વિસ્તારમાં ૧૩ વર્ષનો પ્રિન્સ ચૌધરી નામનો કિશોર પતંગ ચગાવી રહ્યો હતો. ત્યારે હાઈટેન્શન લાઈનમાં પતંગ ફસાઈ ગઈ હતી ત્યારબાદ દોરીમાં પાવર



આવી ગયા બાદ બ્લાસ્ટ થયો હતો. તપાસ કરતા ખબર પડી કે પ્રિન્સ ૧૮૦૦૦ વોટની હાઈટેન્શન લાઈનમાંથી પતંગ કાઢવા જતા વીજકરંટથી દાઝી ગયો હતો. ૧૦૮ની મદદથી સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

કિશોરના પિતા પીન્ટુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે મારો દીકરો પતંગ ચગાવી રહ્યો હતો અને હાઈટેનશન લાઈનમાં પતંગ ફસાઈ ગયો હતો અને દોરી હાથમાં હતી જેમાં મારા દીકરાને કરંટ લાગ્યો હતો કાલે અઢી વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. મારા દીકરાનું નામ પ્રિન્સ ચૌધરી હતું અને તે ધો.૪માં અભ્યાસ કરતો હતો. હું વાલીઓને અપીલ કરું છું કે તમારા કિશોરોનું ધ્યાન રાખજો.

# દેશમાં સૌથી પહેલા ગુજરાત લાવશે શાળામાં મોબાઈલના ઉપયોગ પર ગાઈડલાઈન

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

સમગ્ર દેશમાં કેટલાક સમયથી બાળકોમાં સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનનો વ્યાપ વધી રહ્યો છે, જેના કારણે બાળકોમાં વાંચન શક્તિ અને રમત ગમતનો વ્યાપ પણ ઘટી રહ્યો છે, જેની ચિંતા કરીને રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સ્વર્ણિમ સંકુલ -૨ ગાંધીનગર ખાતે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે આજે બાળકોને સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનની નકારાત્મક અસરોથી બાળકોને કઈ રીતે દૂર રાખી શકીએ તે અંગે ગંભિર ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, બાળકો - વાલીઓ અને શિક્ષકો માટે ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટીચર યુનિવર્સિટી તેમજ સિવિલના સાયકાટ્રીસ્ટની સાથે પરામર્શ કરીને એક પરિપત્ર બહાર પાડવામાં આવશે અને બાળકોના ભવિષ્યની ચિંતા કરીને એક અભિયાન સ્વરૂપે શરૂ કરવામાં આવશે. રાજ્ય શિક્ષણમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, બાળકોનો સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનનો વધુ ઉપયોગ તેમની શારીરિક અને માનસિક શક્તિને અસર કરી રહ્યો છે, બાળકો મોબાઈલનો ઉપયોગ ઓછુ કરે અને રમત ગમત પ્રત્યે વધુ ધ્યાન આપે તે માટે વાલીઓ તેમજ શિક્ષકો માટે એક પરિપત્ર બહાર પાડવામાં આવશે. જેમાં શિક્ષકોનો ક્લાસરૂમમાં મોબાઈલના ઉપયોગ પર પ્રતિબંધ, અને પ્રાથમિક શાળાના બાળકો મોબાઈલ લઈને શાળામાં ન જઈ શકે તે માટે કડક પગલા લેવામાં આવશે.

વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, બાળકોના સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનના ઉપયોગને બદલે તેમને વાંચન – રમત ગમત જેવી પ્રવૃતિઓમાં જોડાયેલા રહે તે માટે શાળાઓના શિક્ષકોને માહિતગાર કરવામાં આવશે, સાથોસાથ મંત્રીશ્રીએ બાળકોના માતા-પિતાને વિનંતી કરી હતી કે, બાળકોની સામે પોતે સોશિયલ મીડિયાનો ઉપયોગ ન કરે, માતા-પિતા પોતે પોતાના બાળકના ભવિષ્યની ચિંતા કરીને સોશિયલ મીડિયાથી બાળકને દૂર રાખે. સમગ્ર ભારતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ ઉચ્ચતર અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલ અને શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાંબાળકોસોશિયલમીડિયાથીદુરરહી પોતાના જીવનમાં વાંચન અને રમત ગમતને સ્થાન આપે તે માટે શિક્ષકો અને વાલીઓ – બાળકો માટે એક પરિપત્ર બહાર પાડનારું ગુજરાત પ્રથમ રાજ્ય હશે અને અન્ય રાજ્યો ગુજરાતથી પ્રેરણા લેશે તેવી મંત્રીએ આશા વ્યક્ત કરી હતી. વધુમાં મંત્રીએ એન.જી.ઓ, ધાર્મિક સંસ્થાઓ, તેમજ સામાજિક કાર્યકરો તેમજ મીડિયાના મિત્રોને બાળકોને સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનથી દૂર રહે તે માટેના મહાભિયાનમાં જોડાવા વિનંતી કરી હતી, તેમજ ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટીચર યુનિવર્સિટી સરકાર સાથે મળીને કઈ રીતે આ મહાભિયાન લોકો સુધી વધુને વધુ પહોચે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. દરેક શાળામાં શોર્ટ ફિલ્મ મારફતે બાળકોના વાલીઓને સોશિયલ મીડિયાના ઉપયોગો અને તેના નુકશાન વિષે માહિતગાર કરવામાં આવશે, વાલીઓ અને શિક્ષકો જો જાગૃત હશે તો જ બાળકો સોશિયલ મીડિયાથી દૂર રહી વાંચનની સાથે પોતાનો જીવન ઘડતર અને સ્પોર્ટ્સ સાથે જોડાઈને પોતાની તંદુરસ્તીનો ખ્યાલ રાખી શકશે.

# અમદાવાદ મંડળના વિવિધ રેલવે સ્ટેશનો પર એટીવીએમ દ્વારા અનરિઝર્વ્ડ ટિકિટ ચુકવણીની સુવિધા ઉપલબ્ધ

। અમદાવાદ, તા.૯ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના અમદાવાદ, સાબરમતી, વિરમગામ, મહેસાણા અને ગાંધીધામ રેલવે સ્ટેશનો પર એટીવીએમ મારફતે જાતે જ અનરિઝર્વ્ડ ટિકિટ બુક કરીને યાત્રા કરી શકાય છે. જેમાં યાત્રા ટિકિટ પ્લેટફોર્મ તથા સિઝન ટિકિટ (નવીકરણ) સામેલ છે.

**એટીવીએમ : ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીન**

એટીવીએમ (ઓટોમેટિક ટિકિટ વેન્ડિગ મશીન) એક અત્યાધુનિક અને વપરાશકર્તાને અનુકૂળ સિસ્ટમ છે, જેનો ઉપયોગ યાત્રી પોતે યાત્રા ટિકિટ, પ્લેટફોર્મ ટિકિટ અને સિઝન ટિકિટ મેળવવા માટે કરી શકે છે. આ મશીન ઉપયોગમાં અત્યંત સરળ છે અને યાત્રી ટિકિટબારી પર ગીરદીનો સામનો કર્યા વગર, સરળતાથી પોતાની ટિકિટ મેળવી શકે છે.

ચુકવણી પદ્ધતિઓ : યાત્રી ટિકિટ ખરીદવા માટે ડિજિટલ ચુકવણી પદ્ધતિનો ઉપયોગ કરી શકે છે, જેમ કે :

- યૂપીઆઈ (UPI)
- ક્યૂઆર કોડ સ્કેન કરવું
- સ્માર્ટ કાર્ડ

**સ્માર્ટ કાર્ડ :**

- યાત્રી સ્માર્ટ કાર્ડ યૂટીએસ કાઉન્ટરથી




મેળવી શકે છે અને ત્યાંથી રિચાર્જ કરી શકે છે.

- સમાર્ટ કાર્ડ પર દરેક રિચાર્જ ઉપર ૩% નું બોનસ આપવામાં આવે છે.
- સ્માર્ટ કાર્ડ બેલેન્સની લઘુત્તમ મર્યાદા ૫૦/- રૂપિયા છે અને મહત્તમ મર્યાદા ૨૦,૦૦૦/- રૂપિયા છે.
- સ્માર્ટ કાર્ડ માટે મહત્તમ રિચાર્જ રકમ ૧૯,૪૦૦/- રૂપિયા નિશ્ચિત કરવામાં આવી છે.

આ સુવિધા મારફતે યાત્રી સરળતાથી અને ઝડપથી પોતાની યાત્રા ટિકિટ મેળવી શકે છે, અને તેમના માટે પરિવહન સુવિધાઓ વધુ સુલભ થઈ ગઈ છે.